
જૂન, ૨૦૧૪

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ ₹ ૧૦૦/-



# *Many Many Happy Returns Of The Day*



To "Aarav" on his 1ST Birthday

## Aarav

**જન્મ તારીખ : ૧૩-૦૬-૨૦૧૩**

મમ્મી - હર્ષા પરમાર

પપ્પા - અશોક પરમાર

Happy Birthday!

Happy Birthday! TO YOU

પરમપિતાની અસીમકૃપા અને માતા મારિયાની મધ્યસ્થીના વરદાનરૂપે પ્રાપ્ત અમારો પૌત્ર "આરવ"ના પ્રથમ જન્મદિન નિમિત્તે અમારા પરિવારના પ્રત્યેક સભ્યની પ્રેમભરી શુભેચ્છા. પ્રભુ ઈસુ તને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક તેમજ દૈહિક આશીર્વાદોથી ભરપૂર કરી તંદુરસ્તી બક્ષે તેમજ ઈશ્વરના કાર્યોમાં ઉપયોગી સુપાત્ર બનાવે એવી પ્રાર્થના.



**પરિવાર**

**સ્વ. મોહનલાલ પરમાર (દાદા)**
**કમુબેન પરમાર (દાદી)**

**વિજયકુમાર પરમાર (મોટા પપ્પા)**
**હંસાબેન પરમાર (મોટી મમ્મી)**

ફેલોશીપ સોસાયટી, નડીઆદ

**રતિલાલ પરમાર (નાના)**
**કુસુમબેન પરમાર (નાની)**
ખ્રિસ્તી મહોલ્લો, જીટોડિયા

Publisher's Name
Jerry Leo Sequeira, S.J.
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Place of Publication
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printer's Name
Jerry Leo Sequeira, S.J.
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printing at
Anand Press
P.B. No. 95, Gamdi - Anand - 388001, Gujarat

Editor's Name
Dr. Thomas Parmar
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ડો. ફાધર વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
ડો. થોમસ પરમાર (મો: ૯૮૨૫૩૮૪૬૨૩)

**સહતંત્રી:**
રાજુલ આઝાદ (મો: ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, ડો. પ્રીતિ રાઠોડ,
ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,
ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**
જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન

અંક: ૬ વર્ષ: ૨૦૧૪

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

માતા-પિતાના ચરણેથી ઈશ્વરના ચરણે ❉ ડો. થોમસ પરમાર ૫

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૮

શ્રી સુરેન્દ્ર આસ્થાવાદી ❉ શ્રી રમેશ મેકવાન ❉ શ્રી જયંત સુતરિયા
❉ શ્રી હરીશ આમોદરા ❉ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૯

સિલાસ પટેલિયા ❉ જોન ફ્લિીપ મેકવાન

**લેખો**

પર્યાવરણ — માનવજીવનનો ધબકાર ❉ સ્મિતા બકુલ મેકવાન ૧૦
વૃક્ષ એટલે વડીલોના આશીર્વાદ ❉ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ ૧૨
ઊઠ જાગ મુસાફિર ❉ સિસ્ટર મનિષા મેકવાન ૧૩
યોહાનની શહાદત ❉ અનિલ વાઘેલા ૧૪
'જેણે પાપ કર્યું ના એકે તે પથ્થર પ્હેલો ફેંકે!' ❉ સિલાસ પટેલિયા ૧૬
પવિત્રઘડી - પરમપ્રસાદની આરાધના ❉ ફાધર લોરેન્સ એ. ૧૮
'પ્રેમની પાંખે'માં પ્રદર્શિત પ્રેમ ❉ યોસેફ મેકવાન ૨૦
પરિવર્તન એટલે ❉ શૈલેષ ક્રિસ્ટી ૨૨
બે વડાધર્મગુરુઓને સંતની ગરિમા ❉ રાજેશ ક્રિશ્ચિયન ૨૪

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

ક્ષમા બક્ષવી એ ઈસુના.... કિંમત છે ❉ અનુ. ધર્મબંધુ થોમસ પીટર એમ.સી. ૩૧
આઘાતના શુભ પ્રત્યાઘાત ❉ જેકબ સીલ્વેસ્ટર મેકવાન ૩૨
બેરોજગારીનું દૂષણ દૂર થાઓ! ❉ બ્રધર આનંદ ઈ.સં. ૩૪
જૂન-જુલાઈ મહિનાના શાસ્ત્રપાઠો ❉ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૬

**પંખીની પાંખે (સંપાદક: રાજુલ આઝાદ)** ૫૦


**આવરણ:** સ્નાનસંસ્કાર સંત યોહાનનો કારાવાસ તથા તેમની શહાદતનો પ્રસંગ દિલ ધડકાવનારો છે. બાઈબલમાંથી આત્મિક બળ મળે તેવા ઘણાં પ્રસંગોમાંનો આ પણ એક છે. સત્ય સ્પષ્ટ નહીં બોલીને આપણે જવાબદારીમાંથી છટકવા માંગીએ છીએ. લોકપ્રિયતા કે પ્રતિષ્ઠાની ઘેલછાને કારણે આપણે આમ કરીએ છીએ સ્નાનસંસ્કાર આપનાર સંત યોહાન અને ગ્રહણ કરનાર ઈસુ બંને સત્યને વરેલા હતા એટલે જ બંનેને શહાદત વહોરવી પડી હતી. સત્યનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ

## શાસ્ત્રવાણી

"હું નદીમાંથી નીકળતી નહેર જેવો છું, બગીચામાં પાણી પાતી નીક જેવો છું. મને થયું: "લાવ, હું મારા બગીચાને પાણી પાઉં, ફૂલછોડને તર કરું" અને તે જ ક્ષણે મારી નહેર નદી બની ગઈ અને નદી સાગર બની ગઈ." (ઉપદેશમાળા, ૨૪:૩૦-૩૧)

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

### કાર્યાલયનો સમય:

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### જાહેરખબરના દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૯,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૯,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૬,૦૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૩,૦૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૫૦૦ |
| ટચુકડી | : | રૂા. ૫૦૦ |

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICICI 0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

# તંત્રીની કલમે...



# માતા-પિતાના ચરણેથી ઈશ્વરના ચરણે

ધોરણ બીજામાં આંધળા મા-બાપની સેવા કરનાર શ્રવણનો પાઠ ભણવાનો આવ્યો હતો. આંધળા મા-બાપને કાવડમાં બેસાડીને, કાવડ ખભે ઊંચકીને તીર્થયાત્રા કરાવનાર શ્રવણની માત-પિતાની ભક્તિ માટે બાળવયે મને જે માન-સન્માન હતું તે આજે પણ છે. શિક્ષિકાબહેને એ પાઠ ભણાવ્યો એ પહેલાં અનેકવાર હું વાંચી ગયો હતો. ખભે કાવડમાં ઊંચકીને લઈ જતા શ્રવણનું ચિત્ર અનેકવાર હું એકીટશે જોઈ રહેતો હતો. શ્રવણના પાત્ર દ્વારા માતા-પિતાની ભક્તિ-સેવા કરવાના બીજ મારામાં વવાયાં હતાં.

ઘણીવાર સોસાયટીમાં, ચાલીઓમાં, અનાથાશ્રમના પાંચ-છ બાળકો તેમના સાહેબ સાથે ઢોલ અને વાંસળી વગાડીને ગાતાં સાંભળ્યા છે કે, "જગતમાં કોઈનાં મા-બાપ મરશો નહિ." એ કરુણ ગીત સાંભળીને ઘણાંની આંખો આંસુથી છલકાઈ જાય, અને એ બાળકોને યથાશક્તિ દાન આપે. ૧૯૬૦માં આવેલી હિંદી ફિલ્મ 'મા-બાપ'નું એક જાણીતું ગીત, 'લેલો લેલો દુઆએ મા-બાપકી, સરસે ઉતરેગી ગઠરી પાપકી.' યાદ આવે છે. આ ગીતમાં મા-બાપના આશીર્વાદનું મહત્ત્વ દર્શાવ્યું છે. જો મા-બાપની દુવા મળે તો ગમે તેટલાં પાપ હોય તે પણ માફ થઈ જાય. એક ભજન પણ આ બાબતે યાદ આવે છે:

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એમના, એહ વિસરશો નહિ,
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છુંદશો નહિ,
ભીને સૂઈ પોતે અને સૂકે સુવાડ્યા આપને
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બિછાવી પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધું, માતા-પિતા મળશે નહિ,
પલ પલ પુનિત ચરણની, ચાહના ભૂલશો નહિ.

આ બધું એટલા માટે યાદ આવે છે કે આજકાલ છાપાઓમાં વારંવાર વાંચવા મળે છે કે, સંતાનોએ વૃદ્ધ માતા-પિતાની સંપત્તિ પચાવી પાડી, વૃદ્ધ માતાએ ભરણપોષણ માટે દીકરા પર કેસ કર્યો અથવા તો પૈસા પડાવવા દીકરાએ બાપને માર્યો. આવો, આવા કેટલાક સમાચાર આપણે જાણીએ :

૧. અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં રહેતી અને એક્સાઈઝ વિભાગમાં જોઈન્ટ કમિશ્નરના હોદ્દા પર ફરજ બજાવતી દીકરીએ અને સારી આવક ધરાવતા જમાઈએ ૭૩ વર્ષનાં વૃદ્ધ મહિલાનો કરોડો રૂપિયાનો બંગલો યેનકેન પ્રકારે દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર કરાવીને પડાવી લીધો છે. આથી વૃદ્ધ મહિલા અને તેમના પતિએ કોઈ સંબંધીને ત્યાં રહેવાની ફરજ પડી છે. વૃદ્ધ મહિલાએ આ બાબતે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. (નવગુજરાત સમય, તા. ૧૮-૦૪-૨૦૧૪)

૨. એક વૃદ્ધ માતા-પિતાએ ત્રણ પુત્રીઓ અને એક પુત્રને ઉછેરીને મોટા કર્યાં. ચારેને પરણાવ્યાં, પત્નીનું મૃત્યુ થતાં પતિ એકલા પડી ગયા. પુત્ર અને પુત્રવધુને પિતા ભારે પડવા લાગ્યા. બંનેએ વૃદ્ધ પિતાને વૃદ્ધાશ્રમનો રસ્તો બતાવી દીધો અને ઘર પર કબજો કરી લીધો. વૃદ્ધે પોતાના ઘરનો કબજો અપાવવા કલેક્ટરશ્રીને રજૂઆત કરી. કલેક્ટરે પુત્ર અને પુત્રવધુને ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો તો તેઓ બંને ઘરનો માલ-સામાન લઈ ગયા. વૃદ્ધે ફરીથી પોલીસનું એ અંગે ધ્યાન દોર્યું, તો પોલીસે જણાવ્યું કે, "કાકા, કલેક્ટર સાહેબના આદેશમાં તો તમને માત્ર ઘરનો કબજો અપાવવા જણાવ્યું છે, તેમાં ઘરવખરીનો કોઈ ઉલ્લેખ નથી." (નવગુજરાત સમય, તા. ૧૮-૦૪-૨૦૧૪)

૩. નિવૃત્ત જીવન જીવતા એક વૃદ્ધ પિતાએ પોતાના પુત્રને ટકોર કરી કે, "તારે બહાર જે કરવું હોય તે કર, પરંતુ ઘરમાં મિત્રો લાવીને દારૂ પીશો તો તમારી ખેર નથી." બસ આ વાતનું લાગી આવતાં પુત્રએ કેરોસીનનો ડબ્બો ઊંચકીને પિતા પર

છાંટીને દીવાસળી ચાંપીને ભાગી ગયો. આસપાસના લોકોએ આવીને આગ બૂઝાવી અને પિતાને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા અને પોલીસને જાણ કરી. (સંદેશ, તા. ૮-૪-૨૦૧૪)

૪. એક વૃદ્ધ દીકરીએ વૃદ્ધ માતાના ઘર પર કબજો જમાવી માતાને ઘરમાંથી બહાર કાઢી મૂકી. હાલ આ વૃદ્ધ માતા વૃદ્ધાશ્રમમાં આશરો લઈ રહ્યા છે. (નવ ગુજરાત સમયે, તા. ૦૭-૦૫-૨૦૧૪)

૫. મુંબઈના એક પરા વિસ્તારમાં બનેલો કિસ્સો વાંચતાં તો આપણે સૌ હચમચી જઈએ તેવો છે. મુંબઈમાં નોકરી કરતાં પતિ-પત્ની સુખેથી રહેતાં હતાં. બંને સવારે નોકરીએ જાય અને મોડી સાંજે પાછાં ફરે. એક વખતે પતિની માતા ગામડેથી તેમની સાથે રહેવા આવ્યાં. પુત્રવધૂને હતું કે સાસુજી બે-પાંચ દહાડા પછી ગામ જતાં રહેશે. પુત્રને ગામમાં માતાના ઘર અને જમીનમાં જ રસ હતો. મિલકત વેચાઈ ગઈ. પુત્રને બધા જ પૈસા મળી ગયા. તે પછી માતાની દર્દ-કહાણી શરૂ થઈ. વહુએ સાસુને ખાવા-પીવાની બાબતે પણ મહેણાં-ટોણાં મારવાના શરૂ કર્યા. સાસુ ફ્રીજમાંથી ફ્રૂટ્સ ખાઈ જાય છે તેવી વહુને શંકા પડી. આથી દીકરો અને વહુ સવારે નોકરી જવા નીકળે ત્યારે તેઓ બંને માજીનો હાથ બાલ્કનીની જાળી સાથે સાંકળથી બાંધી દેતા. માજીએ સાંજ સુધી બાલ્કનીમાં બેસી રહેવું પડતું. પાણી પીવા કે કુદરતી હાજતે પણ માજી ફ્લેટમાં જઈ ન શકે. પોતાના દીકરાની ઈજ્જત સાચવવા માજીએ થોડા દિવસ તો સહન કર્યું. પણ જ્યારે ના જ સહેવાયું ત્યારે બૂમ પાડીને નીચે કમ્પાઉન્ડમાં રમતાં છોકરાંઓને જાણ કરી, ત્યારે આ આખો કિસ્સો પ્રકાશમાં આવ્યો. (સંદેશ, મન-વુમન, તા. ૧૫-૧૦-૨૦૧૩). કોઈ કપાતર દીકરો પણ ન કરી શકે તેવું અધમ કૃત્ય આ દીકરા-વહુએ કર્યું હતું.

શું આ વાંચીને તમારું દિલ હચમચી ઉઠ્યું ને! જે કોઈ સંવેદનશીલ હોય તેને આવા કિસ્સા હચમચાવી મૂકે. છાપાઓમાં આવા સમાચાર આવતા જ રહેતા હોય છે. ત્યારે શું શ્રવણ અને ઉપર જણાવેલાં ગીતો-ભજનો યાદ ન આવે? આવા બધા કિસ્સાઓ જ્યાં સુધી અખબાર ને પાને ચમકે નહીં, ત્યાં સુધી સંતાનોની આંખ ઊઘડતી નથી. પેલાં માજીનાં નસીબ સારાં કે અખબારમાં પ્રસિદ્ધ થયેલા સમાચારને કારણે શરમના માર્યા દીકરાએ માજીને સંભાળી લીધાં. વૃદ્ધાશ્રમો એટલે આવી કરમકહાણીઓનો ભોગ બનેલાં વૃદ્ધ માતા-પિતાઓનો સમૂહ. કેટલાં વૃદ્ધ માતા-પિતાઓ સ્વેચ્છાએ વૃદ્ધાશ્રમમાં આવ્યાં હશે? કુટુંબ એ માળો છે. આ માળાનાં મુખ્ય બે પાત્રો એટલે માતા-પિતા. માતા ગૃહકાર્ય અને બાળકોની સંભાળ જ્યારે પિતા યોગ્ય માર્ગદર્શન અને મહેનત કરીને કરેલી કમાણીથી આ માળો બનાવે છે. સંતાનોના ઉછેર અને વિકાસ માટે તેમણે પોતાની આખી જાત ઘસી કાઢી હોય છે, પોતાના સુખ ને ઈચ્છાઓને કોરાણે મૂકી હોય છે. ખરેખર તો આ માતા-પિતાનું તપ - આકરું તપ છે. શું આટલું આકરું અને કઠણ તપ કર્યા પછી, આ માતા-પિતા પોતાના ઘડપણના દિવસોમાં સંતાનો પાસેથી પ્રેમના બે બોલ, પેટનો ખાડો પૂરવા બે રોટલી અને રહેવા માટે છાપરાંની અપેક્ષા ન રાખી શકે? આપણી સંસ્કૃતિમાં તો માતા-પિતાને દેવ સમાન ગણવામાં આવ્યાં છે — માતૃ દેવો ભવ । પિતૃ દેવો ભવ । શું આ દેવોને છેલ્લે આપણે વૃદ્ધાશ્રમમાં ધકેલી દઈને તેમને સન્માનીએ છીએ કે અપમાનિત કરીએ છીએ? શ્રવણ કે શ્રવણનાં માતાપિતા જો આજે કોઈ વૃદ્ધાશ્રમની મુલાકાત લે તો તેમના મનમાં કેવા ભાવ જાગે? શ્રવણ જેવાં સંતાનો હોય તો વૃદ્ધાશ્રમનું અસ્તિત્વ જ ન હોત.

વૃદ્ધાશ્રમમાં રહેતાં વૃદ્ધ માતા-પિતાઓની એક એક કરમકહાણી સાંભળીએ તો નવલકથાઓ લખાય અને કેટલીય ફિલ્મોનું નિર્માણ થાય એટલી કથાઓ મળે. હિંદી ફિલ્મ 'અવતાર' અને 'બાગબાન'ને આ વિષય માટે યાદ કરવી પડે. ફિલ્મ 'બાગબાન'માં અમિતાભ બચ્ચનનો એક ઘરડા પિતા તરીકેનો સવાલ યાદ રાખવા જેવો છે, "એક બાપ અગર અપને બેટે કી જિંદગી કા પહેલા કદમ ઉઠાને મેં ઉસકી મદદ કરતા હૈ... તો વહી બેટા અપને બાપકો આખરી કદમ ઉઠાને મેં સહારા ક્યું નહીં દે શકતા?"

માત-પિતાની પુણ્યતિથિ નિમિત્તે 'દૂત'માં આવતી જાહેરાતો પ્રત્યે મારું ધ્યાન વિશેષ ખેંચાય છે. માત-પિતાની ૧૫મી, ૨૦મી, ૨૫મી, ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે આવતી જાહેરાત મને એ વિચારતો કરે છે કે, આ માતા-પિતાઓએ તેમનાં સંતાનોને ઉછેરવા કેટલો બધો પ્રેમ આપ્યો હશે, તેમણે સંતાનોના વિકાસમાં કેટલો બધો શ્રમ લીધો હશે કે જેથી તેમને મરી ગયે ૨૮ વર્ષ થયાં હોય છતાં તેમનાં સંતાનો તેમને આ રીતે યાદ કરે છે?

બાઈબલમાં, ઉપદેશમાળામાં (૩ : ૧ થી ૧૬)માં માતા-પિતા પ્રત્યેના ધર્મની ખૂબ જ સરસ વાત કરી છે :

"પ્રભુ એવું ઈચ્છે છે કે, બાળકો પિતાને માન આપે અને પુત્રો માતાના અધિકારનો સ્વીકાર કરે. જે પિતાને માન આપે છે તેના પાપ ધોવાઈ જાય છે. જે માતાને માન આપે છે તે સંપત્તિનો સંચય કરે છે. પિતાને માન આપનાર દીર્ઘાયુ થશે; જે પ્રભુનું કહ્યું કરે છે તે માતાને રાજી રાખે છે. તે માતાપિતાને પોતાનાં માલિક ગણી તેમની સેવા કરે છે. વાણી અને વર્તનમાં પિતાનું સન્માન સાચવજે, જેથી તને તેના આશીર્વાદ મળે. પિતાના આશીર્વાદથી સંતાનનું ઘર સુદૃઢ બને છે. પણ માતાના શાપથી તેના પાયા ઊખડી જાય છે. પિતાની માનહાનિ કરીને પ્રતિષ્ઠા

પામવાનો પ્રયત્ન કરીશ નહિ. માતાનું અપમાન સંતાનોને લાંછનરૂપ છે. બેટા, પિતાની વૃદ્ધવયે સંભાળ લેજે; તે જીવે ત્યાં સુધી તેને દુઃખ થાય એવું કશું કરીશ નહિ. તેનું મગજ કામ ન કરે તોયે તેની સાથે ધીરજથી કામ લેજે. પિતા પ્રત્યે દાખવેલો સેવાભાવ કદી વીસરાતો નથી, અને એથી તારાં પાપનું સાટું વળે છે. પિતાનો ત્યાગ કરવો એ ઈશ્વરનિંદા કર્યા બરાબર છે, અને માતાને ગુસ્સે કરવી એ પ્રભુનો શાપ વહોરવા બરાબર છે." આટલા માટે જ દસ આજ્ઞાઓમાં ચોથી આજ્ઞા છે કે, મા-બાપને માન આપ. આવા વરિષ્ઠ નાગરિકો ઘડપણમાં મિલકતો અને ભરણપોષણ માટે ધ મેન્ટેઈનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ હેઠળ કોર્ટમાં રક્ષણ માગી શકે છે.

વૃદ્ધ માતા-પિતાની સમસ્યાનું સમાધાન માત્ર ઉછેર ને સંસ્કાર સિંચન જેવા શબ્દોમાં શોધી ન શકાય. વાસ્તવમાં જોઈએ તો આવાં માતા-પિતાની આર્થિક સધ્ધરતા અને સ્વતંત્રતા તેમને કરુણ સ્થિતિમાં મૂકતાં ટાળી શકશે. અંતમાં એટલું જ કહેવાનું કે, જો ઈશ્વરના ચરણ સુધી પહોંચવું હોય તો પ્રથમ માતાપિતાને ચરણે જવું પડશે.

***

'દૂત'ના પ્રિય વાચકમિત્રો, લેખકમિત્રો, કવિમિત્રો, પત્રલેખકમિત્રો, સ્વયંસેવકમિત્રો.

૨૦૦૯થી 'દૂત'ની શતાબ્દીની ઉજવણીનું આયોજન થવા માંડ્યુ ત્યારથી 'દૂત' સાથે સંકળાયો છું. જુલાઈ ૨૦૦૯થી જૂન ૨૦૧૧ દરમ્યાન ઉજવણી સમિતિએ મને સોંપેલ વિવિધ જવાબદારીઓ, વિશેષતઃ ધર્મસભા વિશેષાંક (ઓગસ્ટ ૨૦૧૦) અને 'શતાયુ દૂતની શબ્દયાત્રા'નું સંપાદન કર્યું. જુલાઈ ૨૦૧૧થી 'દૂત'ના તંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યો છું. ૩૦મી જૂન ૨૦૧૪ના રોજ તંત્રી તરીકેની મારી ટર્મ પૂરી થાય છે. તા. ૩૦-૦૯-૨૦૧૩ મારા પત્ર દ્વારા મેં તત્કાલીન પ્રોવિન્શિયલશ્રીને જાણ કરી હતી કે ૩૦મી જૂન ૨૦૧૪થી અથવા તો તે અગાઉ પણ મને તંત્રી તરીકેની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે. તંત્રી તરીકેના આ ત્રણ વર્ષ દરમ્યાન વાચકો, લેખકો, કવિઓ, પત્રલેખકો, સ્વયંસેવકો, ગુજરાત સાહિત્ય પ્રકાશ અને આણંદ પ્રેસના સ્ટાફે મને જે સહકાર અને પ્રેમ આપ્યો છે તે માટે આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

— થોમસ પરમાર

dr.thomasparmar@gmail.com

# નવા તંત્રીશ્રીને વધામણાં



**શ્રી જશવંત મેકવાન**

જૂન, ૨૦૧૪થી હું સ્વેચ્છાએ 'દૂત'ના તંત્રી તરીકેની સેવામાંથી મુક્ત થઈ રહ્યો છું ત્યારે પ્રોવિન્સિયલશ્રીએ 'દૂત'ના નવા તંત્રી તરીકે શ્રી જશવંત મેકવાનની નિમણૂંક કરી છે. 'દૂત' પરિવાર શ્રી જશવંત મેકવાનને હૃદયથી આવકારે છે. નડિયાદની સેંટ મેરીસ સ્કૂલમાં હાયર સેકન્ડરી વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી જશવંત મેકવાને ફેબ્રુઆરી, ૨૦૦૫ થી જૂન, ૨૦૧૧ સુધી એમ કુલ છ વર્ષ 'દૂત'ના સહતંત્રી તરીકે સેવા આપી હતી. 'દૂત'ની શતાબ્દી ઉજવણીના વર્ષ દરમ્યાન તેમણે કઠીન શ્રમ કરીને ઘણાં કાર્યક્રમો અને સેમિનારનું આયોજન કર્યું હતું. તેઓ ધર્મજનોના વિવિધ મંડળોમાં પણ સેવાઓ આપી રહ્યા છે. વિશેષતઃ સોસાયટી ઓફ સેંટ વિન્સેન્ટ દી પોલ મંડળના, એરિયા કાઉન્સિલ ઓફ ખેડાના પ્રેસિડેન્ટ છે. પોતાની શાળામાં શિક્ષણ ઉપરાંત વિવિધ અભ્યાસેતર પ્રવૃત્તિઓ સંભાળીને શાળાને ધબકતી રાખી રહ્યા છે, 'દૂત'ના તંત્રી તરીકેની જવાબદારી તેઓ યશસ્વી રીતે બજાવે અને તેમના માર્ગદર્શન હેઠળ 'દૂત' વધુને વધુ પ્રગતિ કરે તેવી શ્રી જશવંત મેકવાનને દૂત પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવું છું.

— થોમસ પરમાર (તંત્રીશ્રી)

# કાવ્યધારા



## શુભ સનાતન ગૃહ.....

ધરતી પરનું ગૃહ આપણું,
માંડવડાસમ નષ્ટ થવાનું,
પછી પ્રભુજી દેશે રૂડું,
શુભ સનાતન ગૃહ મજાનું!
ખુદ પ્રભુ મંદિરિયા જેવો મુકામ પાવન છે....
એ નૌતમ સર્જેલ નિવાસે
જઈ આપણે વસનારાં!
ઉચ્ચ ખડક પર ગૃહ બનવા
ખ્રિસ્તે દીધી કુરબાની,
ત્યાં નહિ આતમદીપ બૂઝાશે,
સદાય ત્યાં ટકશે જિંદગાની!
ધરીએ ઇંતેજારી મનમાં,
પહાડ પર ગૃહમાં વસવાની,
નહીં વેરીની નજર સામે રોજ
પ્રભુ દેશે મિજબાની!
ખાવું પીવું મોજ માણવી,
એ સંધુ અહીં રહેવાનું,
પૃથ્વી પરથી વિદાય લેતાં,
સાથ કશું નહીં આવવાનું!

— શ્રી સુરેન્દ્ર આસ્થાવાદી

## જિંદગી

કોઈ કહે છે જિંદગી આ એક ઝંઝાવાત છે,
કે પછી બાએ કરેલી પરીકથાની વાત છે!

ખાધું પીધું રાજ કીધું પરીકથાનો અંત એ,
જિંદગીની વાતમાં તો અંત એ શરૂઆત છે!

ચારદિનની જિંદગી એ વાત હું માનું નહીં,
ગણ્યા છે આયખાના દિન સાત છે!

બાળપણ બે, બે જવાની, બે બુઢાપાના ગણો,
એક દિન બસ છે ખુદાનો, એમ થઈને સાત છે!

કોઈ છો શિખર ચઢે કે ચાંદો સર કરે,
એની હસ્તી સામે આપણી ક્યાં વિસાત છે?

શોધ ના એને, હિમાલયમાં સમાધિ ધરી,
ઝાંક તારા અંતરે કે તુજ ઈશ્વર જાત છે!

— શ્રી રમેશ મેકવાન

## અભાવ છે.....

શૂન્યમાંથી સર્જન એતો તારો સ્વભાવ છે,
થાય દુનિયા ગાંડી એતો તારો પ્રભાવ છે!
આકાશ પાતાળ પશુ પંખી ને વનરાજી પછી,
આદમ હવાને નામે તારું અનેરું સર્જન છે!
શીતળ સવારે ને સલૂણી સંધ્યાએ,
કલરવ મીઠો પક્ષીનો તારું અર્પણ છે!
બે પંક્તિને અંતે અહીં તો નામ લખાય છે,
બ્રહ્માંડનો માલિક છતાં તારા નામનો અભાવ છે.

— શ્રી જયંત સુતરિયા

## સાચવજે મને પ્રભુ

ઈસુ તારા સિવાય નથી કોઈ મારું,
સાચવજે મને પ્રભુ!
તુજ મારો તારણહાર... સહારો,
સાચવજે મને પ્રભુ!
આ જગત છે પાપનો દરિયો....
સાચવજે મને પ્રભુ!
તારા પવિત્ર વચનોનું થયું મને જ્ઞાન,
સાચવજે મને પ્રભુ!
જ્ઞાન થયું ને પસ્તાવાનું ઝરણું વહ્યું,
સાચવજે મને પ્રભુ!
તમે કહ્યું કાનમાં, ને આવી ગયો ભાનમાં,
સાચવજે મને પ્રભુ!

— શ્રી હરીશ આમોદરા

## વૃક્ષ

**(૨૦ જૂન વિશ્વનિરાશ્રિત દિનના સ્મરણમાં...**

પ્રચંડ વાવાઝોડામાં
મૂળસોતાં ઉખડેલાં વૃક્ષનાં
ડાળડાળખાં ને થડ થયાં જુદાં
ને ક્યાંના ક્યાં એ ફંગોળાયાં!
પરંતુ વૃક્ષના માળેથી ઊડેલાં એ પંખી
ને ડાળે ડાળે કલશોર કરતાં એ પંખી,
ને સાંજે પાછાં એ જ વૃક્ષને શોધતાં
ઊડી આવેલાં એ પંખી,
એ વૃક્ષનો મહિમા ગાતાં ગાતાં
ધરાના ખૂણે ખૂણે
ને અજાણ્યા મુલકના માનવી હૈયે
ફરી વળ્યાં.....
ના રહ્યું વૃક્ષ ધરતી પર
પણ રહ્યું એ પંખીના ગીતમાં,
જે ગીત ફૂટતું'તું એના હૈયેથી!
ને એ વૃક્ષના ફળના બી
એ જ પ્રચંડ પવનમાં તણાતાં તણાતાં વહી ગયાં ક્યાંના ક્યાં,
ને ધરબાયાં ધરતીમાં,
ને પહેલા વરસાદે ધરાને ફોડી
એ ફૂટ્યાં
ને લહેરાયાં ધરતીને-ગગનને ગાતાં!

— સિલાસ પટેલિયા

**સરનામુંઃ**
**ડો. સિલાસ પટેલિયા**
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મોઃ ૯૩૭૭૨૬૬૮૨૮

# તમારો પત્ર



**(૧)**

એપ્રિલનો 'દૂત' અંક વાંચ્યો. સમગ્ર અંક સરસ થયો છે. સર્વથા વાચનક્ષમ. આપનો તંત્રીલેખ સાચે જ ઉત્કૃષ્ટ થયો છે. 'ભૂમિપુત્ર'માં એ મોકલાવો જ. ખૂજ જ ચિંતનસભર છે. એમાં સર્વ ધર્મને સાંકળીને માનવીએ કઈ રીતે પોતાની ચેતનાને ધબકતી રાખવી એની સરસ ચર્ચા કરવામાં આવી છે. સર્વ ધર્મના મર્મને આમ સારવીતારવીને તમે તમારી આગવી શૈલીમાં એ સારસર્વસ્વને મૂકી આપ્યું છે જે પ્રભાવક તો છે જ, સાથે સાથે નિર્ભાર છે. એની મજા છે.

આવા લેખો ભાગ્યે જ જોવા મળતા હોય છે ને જે સમયમાં આપણે જીવી રહ્યા છીએ એમાં ખરેખર તો આવા જ વાચનની જરૂરિયાત છે ને! આવા અર્થમાં પણ આ લેખ પ્રસ્તુત છે.

'દૂત'ના મે માસનો અંક વાંચી લીધો. સરસ લેખો છે. તંત્રીલેખ તો પ્રથમ જ વાંચ્યો. સરસ લેખ થયો છે. કુટુંબભાવના, સંયુક્ત કુટુંબ તથા દામ્પત્ય મહિમાનું સુંદર પોત આ લેખમાં વણાયું છે. અનેક સંદર્ભો સાભિપ્રાય તથા પ્રસ્તુત બન્યા છે. છેક સાંપ્રતને તમે વણી લીધો છે ને આજનો યુવાવર્ગ જે રીતે લગ્ન સંબંધને જુએ છે એ વાત સ્પષ્ટ કરી છે.

— સિલાસ પટેલિયા (વડોદરા)

**(૨)**

મે મહિનાના 'દૂત'ના પત્ર વિભાગમાં અમરેલીથી પત્ર લખનાર શ્રી યોગેશ પી. જોશીએ મારો લેખ 'સુલેમાનથી મારિયો' (ફેબ્રુ, ૨૦૧૪)માં પ્રભુ ઈસુખ્રિસ્તને ક્રૂસે જડવાની બાબતમાં જે આશંકા વ્યક્ત કરી છે, તેના પ્રતિભાવરૂપે હું અહીં સ્પષ્ટતા કરવા માગું છું કે, મારો ઉપરોક્ત લેખ લખવા પાછળનો મૂળ આશય ફક્ત એટલો જ છે કે એક મુસ્લિમ વિદ્વાન મૌલવી જેણે બાઈબલનો ઘણોજ ઊંડો અભ્યાસ કર્યો અને ખ્રિસ્તીધર્મ અપનાવ્યો તથા આ ધર્મપરિવર્તનની યાત્રામાં તેમણે જે જે શારિરીક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કર્યો, તે બધીજ બાબતો તેમણે પોતાની આત્મકથા 'ઈન સર્ચ ઓફ યુ' પુસ્તકમાં લખી છે કે જે પુસ્તકને કેરલ રાજ્યના ચાર ધર્માધ્યક્ષ સાહેબો તથા ડીવાઈન રીટ્રીટ સેન્ટરના વડાધર્મગુરુ ડો. અગુષ્ટિન વલ્લુરને લેખિતમાં પત્ર દ્વારા મંજૂરી, માન્યતા તથા આશીર્વાદ આપ્યા છે. અને તે પત્રો આજ પુસ્તકમાં પ્રથમ છાપવામાં આવ્યા છે. અને આજ પુસ્તકના આધારે કુરાનમાં પ્રભુ ઈસુને ક્રૂસે જડવાની બાબતમાં જે માન્યતા છે તેને મેં મારા લેખમાં રજૂ કરી છે. પરંતુ તે બાબતને સાચી ઠેરવવા કે મૂલવવાનો મારો બિલ્કુલ પ્રયાસ નથી. અને આપણે આવી બાબતોને સ્વીકારી લેવાની હરગિઝ જરૂરી નથી. આપણે તો ફક્ત આપણી બાઈબલ આધારિત ધાર્મિક માન્યતાઓને જ વળગી રહેવાનું છે અને તેનું પાલન કરવાનું છે તેવું હું માનું છું.

મેં મારા ઉપરોક્ત લેખમાં ફક્ત શ્રદ્ધા અને પ્રેરણાને જ મહત્ત્વ આપ્યું છે. આપણે જાણીએ છીએ આપણી આજની નવી પેઢી ધર્મથી વિમુખ થતી જાય છે, તેમની આસ્થા અને વિશ્વાસ આવા લેખો દ્વારા પ્રભુ ઈસુમાં વધુ દૃઢ થાય તે હેતુથી મેં સુલેમાનથી મારિયોનો લેખ દૂતમાં લખ્યો છે. આશા રાખુ છું કે મારા આ પત્ર દ્વારા શ્રી યોગેશભાઈના મનની શંકાનું સમાધાન થશે.

— જોન ફિલીપ મેકવાન (વડતાલ)


**WANTED**

Required trained teacher for a CBSE (Eng. Medium) School. St. Mary's CMI Public School **(Eng. Medium)** Bagsara, Dist: Amreli. Requires two teachers with P.T.C./B.A./B.Ed. with fulency in English.

**Salary: Minimum Rs. 8,000/-**

Accommodation will be provided for single female teachers within the school campus.

Send your application with complete biodata within 5 days.

To, The Principal, Devdarshan, CMI Provincial House, Merubaugh, Gogha Road, Bhavnagar, Gujarat 364001 **Mo. 94264 57012**



# પર્યાવરણ – માનવજીવનનો ધબકાર...

✍ સ્મિતા બકુલ મેકવાન

બ્રહ્માંડમાં પૃથ્વી નામના ગ્રહમાં સજીવ સૃષ્ટિનો વિકાસ થયો છે. પૃથ્વી પરના કુદરતી પર્યાવરણમાં જ સજીવ ફૂલેફાલે છે. આ કારણે જ મનુષ્યનું અસ્તિત્વ છે. પૃથ્વી જ એવો ગ્રહ છે જેને અઘધ... કહી શકાય તેવી પ્રાકૃતિક પર્યાવરણીય ભેટ ઈશ્વર તરફથી સાંપડી છે. આમ, પર્યાવરણ એ માનવજીવનનો ધબકાર છે તો સમગ્ર જીવસૃષ્ટિનો એ તારણહાર છે. પૃથ્વી પર માનવજાતિની હયાતી, વિકાસ અને પ્રગતિનું ચાલકબળ આ મહામૂલું પર્યાવરણ જ છે. મનુષ્ય અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ વર્ષો જૂનો છે. પર્યાવરણ ભૌગોલિક, પ્રાદેશિક કે સજીવને સ્પર્શતી જ બાબત નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિને સ્પર્શે છે; એટલે જ સમગ્ર માનવજાતની હયાતી અને વિકાસનો આધાર પર્યાવરણ પર નિર્ભર છે. પર્યાવરણની જાળવણી આજે વિશ્વની ગંભીર સમસ્યાઓ પૈકીની એક છે. જંગલો નષ્ટ થઈ રહ્યાં છે કે કરવામાં આવી રહ્યાં છે. દિન પ્રતિદિન પર્યાવરણની સમસ્યા વિકરાળ બની રહી છે. આ મુશ્કેલી અંગે લોકજાગૃતિ કેળવવાના આશયથી, ૧૯૭૨થી સંયુક્ત રાષ્ટ્રસંઘે સમગ્ર વિશ્વમાં ૫મી જૂનને “પર્યાવરણ દિન” તરીકે ઉજવવાની હાકલ કરી છે. આ દિવસે વૃક્ષો અને પર્યાવરણના સંરક્ષણના ઉપાયોની ચર્ચા-વિચારણા કરવા ઉપરાંત અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. પર્યાવરણ દરેક સજીવ માટે બે મહત્વની ભૂમિકાઓ ભજવે છે. સજીવ સૃષ્ટિ પર્યાવરણમાંથી હવા, પાણી, કપડાં અને રહેઠાણ મેળવે છે; બીજું, બધા સજીવો પોતાની જીવનચર્યાઓ થકી જે આડપેદાશ કરે છે તેનો પણ પર્યાવરણ અંગીકાર કરે છે. આ બંને એટલે કે પોષણ અને શોષણ યથાયોગ્ય ચાલે તો પર્યાવરણીય સંતુલન ખોરવાતું નથી. પણ અફસોસ! આજે સ્થિતિ કાંઈક જુદી જ છે. માણસની વિકાસ પાછળની આંધળી દોટે પર્યાવરણીય સંતુલન ખોરવવાની નિર્લજ્જ કામગીરી કરી છે.

જમીનથી ત્રીસેક કિલોમીટરની ઊંચાઈએ વાતાવરણમાં આવેલ ઓઝોનનું સુરક્ષા કવચ સૃષ્ટિની હયાતી માટે ઉપકારક છે. સમગ્ર સૃષ્ટિને આ કવચ સૂર્યનાં અત્યંત નુકસાનકારક પારજાંબલી રંગના કિરણો સામે રક્ષણ પૂરું પાડે છે. આ પારજાંબલી કિરણો ત્વચાના કેન્સરને જન્મ આપે છે. મનુષ્યએ આડેધડ ઔદ્યોગિકીકરણ કરતાં ઓઝોનના પડમાં ના પુરાય તેવું ગાબડું પડ્યું છે. આડેધડ ઔદ્યોગિકીકરણના નશામાં પર્યાવરણની ઘોર ખોદાઈ રહી છે. ૨૦મી સદીમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને લઈને અનેક ઉદ્યોગોની સ્થાપના થઈ. આ ઉદ્યોગો પૈકીના કેટલાક વાતાવરણમાં સતત ઝેર ઓકતા રહે છે. વળી, વાહનો પણ વધી ગયાં છે. આ કારણે, હવામાં કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી વાયુનું પ્રમાણ ગંભીર રીતે વધી ગયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ જારી કરેલા અધિકૃત આંકડા અનુસાર, વાયુ પ્રદૂષણને કારણે ૨૦૧૨માં ૭૦ લાખ લોકો મરણને શરણ થયા હતા. ૧૯૬૦ની સરખામણીમાં કુદરતી આપત્તિઓના ગ્રાફમાં ત્રણ ગણો વધારો નોંધાયો છે. ઓક્સફર્ડના વૈજ્ઞાનિક માઈલ્સ એલનના મતે, જળ-વાયુ પરિવર્તન અને મોસમી હોનારતો વચ્ચે નિકટનો નાતો છે. નાસાની ભવિષ્યવાણી મુજબ, ૨૦૨૨નું વર્ષ આ સદીનું સહુથી ઠંડુગાર વર્ષ હશે. ગરમી અને ઠંડીનું વધતું પ્રમાણ રેકોર્ડ તોડશે એ વાતે કોઈ સંશય નથી. ગરમીને લઈને ગ્લેશિયર્સ પીગળીને સમુદ્રના જળસ્તરને વધારશે એ બાબત પર્યાવરણવિદ્દો માટે ચિંતા પ્રેરક છે. આ બધી શક્યતાઓને લીધે અમેરિકાનું સંરક્ષણતંત્ર પેન્ટાગોન ઘણું જ એલર્ટ છે. વાતાવરણની જાણકારી મેળવવા ચોત્રીસ જેટલા નવા ઉપગ્રહોને તરતા મૂકવામાં આવ્યા છે. નાસાનો ઉપગ્રહ ‘એકવા’ મોસમના ધબકારનું સતત મોનિટરીંગ કરે છે. આ કાર્યમાં જાપાનની નેશનલ સ્પેસ એજન્સી પણ કાર્યરત છે. જો કે આપણા દેશમાં વિદેશો જેટલી જાગૃતિ હજુ કેળવાઈ નથી.

સાર્વજનિક ઉત્સવો દરમિયાન ઉદ્ભવતા પ્રદૂષણ બાબતે વિશેષ ચિંતા પ્રસરી વળે છે. જળ, વાયુ તેમ જ ધ્વનિ પ્રદૂષણની માનવીના આરોગ્ય પર પ્રતિકૂળ અસરો સર્જાય છે. આપણી ભ્રામક માન્યતા એવી છે કે વાયુ પ્રદૂષણનો પ્રભાવ ફક્ત પ્રાણીઓ, પક્ષીઓ કે જીવજંતુઓ પર જ પડે છે; વનસ્પતિ પર નહિ. જો કે આ ભ્રામક માન્યતાનું ખંડન થાય તેવું વૈજ્ઞાનિક સંશોધન ચોંકાવનારું છે. ખરેખર તો વનસ્પતિ પર પણ વાયુ પ્રદૂષણની ઘેરી અસર થાય છે. અગાઉ ફળ-ફૂલની મંજરી વસંતના આગમનની છડી પોકારતી હતી; હવે પંચાંગ તરફ મીટ માંડવી પડે છે. વળી હવામાનશાસ્ત્રીઓની ચેતવણીનો સૂર છે કે, પંચાંગમાંથી વસંતનું પાનું જ ગાયબ થઈ જાય એવા દિવસો આંગણે દસ્તક દઈ રહ્યા છે. વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા વધુ વૃક્ષો ઉછેરવા પણ ભાર મૂકવામાં આવે છે. સૂર્યમંડળમાં પૃથ્વી પર જ હવા અને પાણીનું અસ્તિત્વ છે. હવામાં જીવનને અવરોધતા ઝેરી વાયુઓ, રજકણો, ગંધ અને અન્ય પદાર્થોના ભળવાથી હવા પ્રદૂષિત બને છે. આ પ્રદૂષણની માત્રા વધતાં, એસિડનો વરસાદ વરસે છે. સાધારણ રીતે પ્રદૂષણ દૂર કરવાની કુદરતની પોતીકી રીત છે; પણ માણસની લક્ષ્મણરેખા વળોટવાની રીતિની સામે કુદરત લાચાર બની ગઈ છે. સંભવતઃ આપણી મદદ સિવાય કુદરત પણ પ્રદૂષણ દૂર કરવા અસમર્થ છે. પક્ષીઓની વાત કરીએ તો પક્ષીઓને પર્યાવરણનાં થર્મોમીટર કહ્યાં છે. પ્રદૂષિત હવાને કારણે થતા એસિડ વરસાદને કારણે મનુષ્યના જીવનમાં તેની ગંભીર અસરો મોડેથી જોવા મળે છે, પણ પક્ષીઓનાં ઈંડાની બાહ્ય ત્વચા પાતળી બનતાં, પક્ષીઓની વસ્તીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. દેશી ચકલીની જ વાત કરો ને! એક કાળે ચકલીઓ આપણા જીવનનો અવિભાજ્ય હિસ્સો હતી, પણ આજે નષ્ટપ્રાયઃ થવાની અણી પર છે. પ્રદૂષણ

નિયંત્રણમાં અગ્રીમ ભૂમિકા ભજવતા કાગડા અને ગીધ નવી પેઢી માટે પાઠ્યપુસ્તકો પૂરતા સીમિત થઈ ગયા છે.

ખેતીવાડીની વાત કરીએ તો રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાઓના બેફામ વપરાશને લીધે અનાજ અને શાકભાજી પણ પ્રદૂષિત થઈ ગયાં છે. ક્યારેક રાસાયણિક કારખાનાંઓમાંથી ઝેરી ગેસનું ગળતર થવાને પગલે ગમખ્વાર દુર્ઘટનાઓ બનતી રહે છે. ૧૯૮૪માં ભોપાલની યુનિયન કાર્બાઈડની દુર્ઘટના વિસરી શકાય તેમ છે? વિવિધ પ્રદૂષણને લઈને માનવજીવન સામે ખતરો તોળાઈ રહ્યો છે. લગ્ન સમારંભોમાં થતો બગાડ પ્રદૂષણને ઉત્પન્ન કરે છે. આ બગાડમાંથી પર્યાવરણને હાનિકર્તા કાર્બન પેદા થાય છે. લગ્નો હવે ઈકો-ફ્રેન્ડલી કે એન્વાર્યમેન્ટ-ફ્રેન્ડલી થીમ પર યોજાય તે સમયની માંગ છે. ફિલ્મ કલાકારોના વેડીંગ સમારંભો ઈકો-ફ્રેન્ડલી થઈ રહ્યા છે. આ સમારંભોમાં પ્લાસ્ટિકના ગ્લાસ તથા પ્લેટના સ્થાને કાગળનો વપરાશ કરવાથી, તેને રિસાયકલ કરીને પુન:વપરાશમાં લઈ શકાય છે. હેલોજનના સ્થાને એલઈડી લાઈટનો ઉપયોગ પણ પ્રદૂષણ નિયંત્રણમાં ઉપયોગી સાબિત થઈ શકશે. લગ્ન સામાજિક ઘટના છે, જેમાં પ્રદૂષણ ઘટાડવાની આપણી સામુદાયિક જવાબદારી બને છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણની જાળવણી માટે યોગદાન આપવું જરૂરી છે. સેલિબ્રીટીઝ પણ ઈકો-ફ્રેન્ડલી લગ્ન સમારંભો યોજીને નવી જનરેશનને રાહ ચીંધી શકે છે.

ક્લાયમેટ ચેન્જના કારણે સર્જાતી સમસ્યાઓ દરિયાકાંઠાના વિસ્તારોમાં વધારે અસર કરે છે. કુદરતી આપત્તિઓને લઈને જૈવિક સંપદાને વધુ નુકસાન પહોંચે છે. કલાયમેટ ચેન્જના કારણે ભવિષ્યમાં વધુ કપરી સમસ્યાઓનો સામનો કરવા આવનાર છે. હજુ હમણાં જ ડિસેમ્બર મહિનામાં વરસાદ તો ફેબ્રુઆરી મહિનામાં અચાનક જ કરા સહિતનો વરસાદ ખાબક્યો; ક્યાંક વીજળી વેરણ બની ત્રાટકી તો કશ્મીરમાં અને અમેરિકામાં બરફવર્ષાનું તાંડવ આખા વિશ્વે નિહાળ્યું. વળી હું આ લખી રહી છું ત્યારે ઊનાળામાં, ઈસ્ટરના દિવસે ગાજવીજ અને કરા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અરે, હજુ તો ઊનાળામાં આરંભે ૩૮ ડિગ્રી ગરમીએ પણ તોબા પોકારવા મજબૂર કરી દીધા છે. દિન-પ્રતિદિન ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે તે અંગે અભ્યાસ હાથ ધરવાનો સમય પાકી ચૂક્યો છે. કોઈ ચોક્કસ પ્રકારની મોસમનો અહેસાસ જ થતો નથી. લટકામાં બદલાતું વાતાવરણ બીમારીઓને નિમંત્રણ પાઠવતું હોય છે. “ગુજરાત નેચર કન્ઝર્વેશન સોસાયટી” તેમ જ બીજી સંસ્થાઓ દ્વારા વાતાવરણના અભ્યાસ અંગે પરિસંવાદોનું આયોજન હાથ ધરવામાં આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણ સંરક્ષણના કાર્યક્રમોને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. નેશનલ લેવલ પર “વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા” અને “ઈન્ડિયન વાઈલ્ડ લાઈફ બોર્ડ”ની માર્ગદર્શિકાઓ અંતર્ગત, વન્ય જીવન સંરક્ષણના અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે.

પર્યાવરણની જાળવણી માટે ખતરાની ઘંટડી વાગી ચૂકી છે. પ્લાસ્ટિકને જાકારો અને પેપરબેગને આવકાર આપવાનો નવતર પ્રયોગ અનિવાર્ય બની ગયો છે. અનેક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષણ કર્મીઓ દ્વારા પ્લાસ્ટિક વિરુદ્ધ જંગનું બ્યુગલ ફૂંકવામાં આવી રહ્યું છે. આ ઝૂંબેશ અંતર્ગત, વિદ્યાર્થીઓ પેપરબેગ બનાવી, આસપાસની સબ્જીમંડીઓમાં અને વેપારીઓને વિતરણ કરે છે. બીજી એક સમસ્યા ઘનકચરાના નિકાલની છે. તાજેતરમાં વડોદરામાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. એક જાણીતી સંસ્થાના નેજા હેઠળ, માર્કેટ, ફૂડ અને ગાર્ડનમાંથી ઉદ્દ્ભવતા કચરાને રિસાયકલ કરી, ઓર્ગેનિક ખાતરમાં રૂપાંતર કરતા એક યંત્રનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. આ યંત્ર ફક્ત ૧૫ મિનિટમાં જ કાચું ખાતર બનાવવાની ક્ષમતા ધરાવે છે. આમીરખાને “સત્યમેવ જયતે” કાર્યક્રમમાં કચરાની સમસ્યા સુંદર રીતે રજૂ કરી હતી. આ કચરાનું રિસાયકલીંગ કરીને ખાતર અને બાયોગેસ બનાવી શકાય તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સની તો વળી વાત જ નોખી છે. અહીંની કેન્ટિનમાં પેદા થતા કચરામાંથી મિથેન વાયુ બનાવી, કેન્ટિનના રસોડામાં જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ૨૧મી સદીમાં ખરેખર તો “યુઝ અને થ્રો” ની “ઝટ મંગની પટ બ્યાહ” સમી વિચારસરણી બદલીને, “રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ”ની વિચારધારા અપનાવવી જોઈએ. પર્યાવરણ જાગૃતિ ઝૂંબેશમાં સોસાયટીઓ તથા સામુદાયિક બગીચાઓમાં ઔષધીય રોપાઓનું વાવેતર તેમ જ ઉછેર, પેપર-બેગનો પ્રચાર-પ્રસાર, જાહેર સભાઓ, રેલીઓ, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ, શેરી નાટકો, પપેટ શો, સૌર ઉર્જાનો વપરાશ, ચોમાસા દરમિયાન વનમહોત્સવનું આયોજન વગેરે કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. જંગલો વધારવાના પ્રયાસો કરવા, વાહનો માટે ઓછી માત્રામાં પ્રદૂષણ નિષ્કાસન કરતા વૈકલ્પિક ઈંધણની શોધ, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ બાબતે વિવેક જેવાં વિવિધ પાસાંઓ અંગે સભાનતા કેળવવી પડશે. મોબાઈલ ટાવરમાંથી ઉત્સર્જિત થતા તરંગો વાયુ પ્રદૂષણ જન્માવે છે તેને નિયંત્રિત રાખવું.

વાસ્તવમાં પર્યાવરણીય સંતુલન જાળવવા જમીનનો ૩૩% હિસ્સો જંગલ માટે અનામત રાખવાનો આદર્શ માપદંડ છે. પણ ખરેખર તેમ થતું નથી. જો દરેક વ્યક્તિ વૃક્ષારોપણનો બિન-સરકારી સંકલ્પ કરે તો જંગલમાં મંગલ થતાં વાર લાગે નહિ. “જહાઁ હે હરિયાલી વહાઁ હે ખુશહાલી” ગીફ્ટમાં છોડ આપવાની પ્રથા શરૂ થઈ નથી; પણ પહેલ કરવા જેવી ખરી. દરેક ગામ અને નગરમાં પર્યાવરણ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે. પાણીનો વ્યય થતો અટકાવવામાં આવે એ દેશ સેવાથી જરાયે કમ નથી.

માણસે અગ્નિનો આવિષ્કાર કર્યો, વિકાસનાં પૈડાં પર એ દોડ્યો અને યંત્રોનો સર્જનાર પોતે જ યંત્ર બની ગયો. પ્રકૃતિ વિકૃત સંશોધનોનું સામ્રાજ્ય બનીને રહી જાય એ અગાઉ માણસ કુદરત તરફ પાછો ફરે એ સમયનો તકાજો છે. આમ પણ છેલ્લે તો માનવીને કુદરતને શરણે જ જવાનું છે ને? આપણને પૂર્વજો તરફથી વારસામાં પરંપરાઓ મળી છે; તો હરિયાળી આબાદી પણ પૂર્વજોની વિરાસત છે. આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ કે, આપણે આવનારી પેઢીને હરીભરી આબાદી આપવાની જ ઝંખના રાખીશું. તો આવો, ૫મી જૂન, વિશ્વ પર્યાવરણદિને આપણે સહુ, સજીવસૃષ્ટિ તેમજ જળસંપત્તિના સંરક્ષણના પ્રયાસોનો સંકલ્પ કરીએ. ●



# વૃક્ષ એટલે વડીલોના આશીર્વાદ

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

तरुवर, सरुवर संतजन
चौथा बरसे मेह।
परमारथ के कारण
चाहौ ने धरे देह॥

પૃથ્વીના પટ પર જ્યાં સુધી વૃક્ષ, સરોવર, સંતજન અને વરસાદ છે ત્યાં સુધી પ્રેમની અને ક્ષમાની સરવાણી વહેતી રહેવાની. એક પગે ઊભા રહીને તપ કરનાર વૃક્ષ મહાન તપસ્વી છે. બે પગે ચાલતો માનવી જે કાર્ય નથી કરી શકતો તે કાર્ય એક પગે સ્થિર ઊભું રહીને વૃક્ષ કરી બતાવે છે. વૃક્ષ વગરની ધરતીની કલ્પના કરવી અશક્ય છે. વૃક્ષ એ વિસ્તાર છે. જ્યાં વિસ્તાર છે ત્યાં વિકાસ અને આનંદ છે.

"હે પ્રભુ! તું તો ઘડીને ગુલછડી બનાવે છે
પ્રકૃતિની હર છટાને પણ ફાંકડી બનાવે છે
પણ આ દુષ્ટ માનવીને શું થયું છે?
તે લીલીછમ ડાળીમાંથી લાકડી બનાવે છે."

આજના સમયમાં વૃક્ષોની રોજ કતલ થાય છે. ક્યાંક વિકાસને બહાને, ક્યાંક અડચણને બહાને કેટલાંય ટ્રેક્ટરોમાં તેમની નનામી લઈ જવાય છે ત્યારે માનવને સહેજ પણ દુ:ખ થતું નથી, બલકે વિકાસ અને ધનપ્રાપ્તિનો આનંદ થતો હોય છે. આ આનંદ ભવિષ્યની આવનારી પેઢી માટે વિનાશ નોતરે છે. એક ઝાડ કપાય છે ત્યારે એક જીવન કપાય છે. આપણે સૌએ આ જીવનને બચાવવા કમર કસવી રહી.

વડીલોના આશીર્વાદથી મહેંકતું કુટુંબ એટલે સુખી કુટુંબ. જ્યાં વડીલ છે ત્યાં પ્રેમ છે, દયા છે અને કંઈ પણ પ્રાપ્ત કર્યા વગર પ્રેમ વહેંચવાની ભાવના છે. વડીલોની છાયામાં આપણે સૌ વિશ્રામનો અનુભવ કરીએ છીએ. વૃક્ષ એ વડીલ છે. જે રીતે વડીલ આપણને છત્રછાયામા રાખે છે તે રીતે વૃક્ષ પણ આપણને છત્ર અને છાયા બન્ને આપે છે. વૃક્ષને પથ્થર મારો તો ફળ આપે, કાપો તો લાકડાં આપે, ફૂલ તોડો તો સુગંધ આપે, પાન તોડો તો ઔષધિ આપે. વૃક્ષનું કાર્ય પ્રેમથી આપવાનું છે. આપણી પાસેથી વૃક્ષ કાંઈ અપેક્ષા રાખતું નથી. માટે વૃક્ષ એ સંત છે. સંત, મહાત્મા જે રીતે બીજાનું ભલુ કરે છે, તે રીતે વૃક્ષ હંમેશાં બીજાનું ભલું કરવા માટે તૈયાર રહે છે.

માનવનો વૃક્ષ સાથેનો સંબંધ પુરાતન છે. બાળપણમાં પારણાથી શરૂ કરી ગીલી-ડંડા રમીએ ત્યાં સુધી, ઢોલિયાથી શરૂ કરી ટેબલ ખુરશી સુધી, વેલણ-પાટલીથી શરૂ કરી ધોકા સુધી, ફળથી શરૂ કરી ચરખા સુધી, ઘરના મોભથી લઈને બારી-બારણાં સુધી, હોડીથી લઈને નગારા સુધી. આ યાદીને હજુ પણ લંબાવવી હોય તો લંબાવી શકાય. વૃક્ષ અન્ન પણ આપે છે. વૃક્ષ ઔષધી પણ આપે છે. માનવીએ હંમેશાં વૃક્ષનો ઉપયોગ કર્યો છે; પ્રેમ નથી કર્યો. નિ:સ્વાર્થ પ્રેમનું પ્રતીક એટલે વૃક્ષ. વૃક્ષ પણ એક સજીવ છે. લજામણીના છોડને સ્પર્શીએ છીએ તો તે મૂરઝાઈ જાય છે, ફૂલ કે પાંદડાને તોડીયે છીએ તો તેના રંગમાં સહેજ ફેરફાર થાય છે. આપણે તપસ્વી વૃક્ષને નમન કરવું જોઈએ. પ્રેમ કરવો જોઈએ. તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવું જોઈએ.

"આ ટેરવાને યાદ આવ્યું ને ઝાડ આખું ખોયું,
એક જ પાંદડું તોડ્યું ને ઝાડ આખું રોયું."

વૃક્ષ સ્થિર છે, ચાલી શકતું નથી, પણ વૃક્ષના માર્ગને અનુસરવો માનવ માટે અઘરો છે. વૃક્ષને કાપતાં તેનું 'ચિરંજીવ'પણું મટી જાય છે પણ તેમાં રહેલું 'સંજીવની' પણું મટતું નથી. વૃક્ષના મૃત્યુ પછી પણ તેનામાં રહેલી સંજીવતા-ઔષધિ માનવ માટે ઉપયોગી છે.

વૃક્ષના સમૂહજીવનમાંથી આપણે પ્રેરણા લેવી જોઈએ. લીમડો ક્યારેય આંબાને બાજુમાં ઉગવાની ના નથી પડતો, ને આંબો ક્યારેય બાવળિયાને તુચ્છકારતો નથી, બધાં જ વૃક્ષો એક સાથે કોઈપણ જાતના ભેદભાવ વગર પાસપાસે ઊગે છે, એકબીજાની ડાળીઓને પ્રેમથી સ્પર્શે છે અને 'સંપ ત્યાં જંપ'ની ભાવનાથી પોતાનો વિકાસ કરે છે. આંબા નીચે રહેલા મરચીના છોડને લઘુતાગ્રંથિ નથી આવતી. લીમડા પર રહેલી ગળોને લીમડો ક્યારેય તરછોડતો નથી કે તેનું શોષણ કરતો નથી. ખેતરમાં આવેલી થોર કે કાંટાની વાડ ક્યારેક પાક ઉપર રોફ નથી જમાવતી. આમ, આ બધી બાબતોમાંથી માણસને કંઈક શીખવાની પ્રેરણા મળે છે, સદ્‌ગુણો મળે છે. મને લાગે છે કે વૃક્ષો આ અર્થમાં સદ્‌ગુણોની ખાણ છે. ભીંત ફાડીને ઉગેલા છોડને જોતાં જીવનમાં કઠિન પરિસ્થિતિનો સામનો કરવાની પ્રેરણા મળે છે. આમ પ્રેરણાનું ઝરણું અને સદ્‌ગુણોનો ભંડાર એટલે વૃક્ષ.

"ગગન ઓઢણું છે, ધરા પાગરણ છે.
કુદરતની અનોખી ભેટ એ આપણું વૃક્ષ છે
સદા રાખવું તેને સાચવી એ આપણો પરમ ધર્મ છે."

ધરતીની સુંદરતામાં ચાર ચાંદ લગાવતું વૃક્ષ આપણા ઘર, સોસાયટીની સુંદરતામાં પણ વધારો કરે છે. વૃક્ષના ફળ, ફૂલ અને પર્ણ વધારો કરે છે. વૃક્ષ પાસેથી માનવે ક્ષણભંગુરતાના પાઠ શીખવા જોઈએ. વૃક્ષની તાજી કૂંપળ બાળપણ છે, લીલાં ઘેરાં પાન યુવાવસ્થા છે અને પીળા પાન વૃદ્ધાવસ્થા છે. મૌનની પરિભાષા એટલે વૃક્ષ.

કુદરતે માનવને આપેલી અમૂલ્ય ભેટ એટલે વૃક્ષ. આવા વૃક્ષનું આપણે લાલન-પાલન કરી ધરતીને હરિયાળી બનાવવી જોઈએ. ઈશ્વરે સર્જેલી આ પ્રકૃતિને આપણે સાચવવી જોઈએ. પાણી, પ્રકૃતિ, પવન અને પર્યાવરણને બચાવવાની આપણી નૈતિક ફરજ છે.

"હજુ સમય છે જાગો સૌ, ડગલાં ભરો વિચાર બહુ
પ્રકૃતિને કરજો પ્રેમ તો પરમાત્મા થાશે રહેમ." ●

# ઊઠ જાગ મુસાફિર

✍ સિસ્ટર મનિષા મેકવાન

ફટાકડા ફૂટી ગયા, પતંગ દોરી સાથે કપાઈ ગઈ, હોળીનો રંગ ઊડી ગયો, ગુડફ્રાઈડે આવીને પાસ્ખા પણ પૂરો થયો. પરીક્ષાઓ પૂરી થઈ અને પરિણામ પણ આવી ગયા. ફરી ઋતુઓનું તથા તહેવાર પ્રસંગોનું ચક્ર ફરશે. સમય થોભતો નથી, તેને થોભાવવો હોય તો શબ્દમાં બાંધવો પડે અથવા તેની ગતિ સાથે જીવન જીવવું પડે.

વિદ્યાર્થી મિત્રો, પુરુષાર્થી શિક્ષકો અને અન્ય શિક્ષણ કાર્યમાં ધગશ ધરાવતા વિદ્વાનો માટે જૂન મહિનો એટલે નવા શૈક્ષણિક વર્ષનો પ્રથમ મહિનો, આયોજનનો મહિનો. જેમ પાનખર જૂના થઈ ગયેલા પાનને ખંખેરી નાખે છે. તે જ કુદરત વસંત ઋતુમાં પરિવર્તન પામીને નવું જીવન લાવે છે, તેમ સર્વ જૂની નકામી વસ્તુઓનો નિકાલ કરીને આપણે પણ નવું પરિવર્તન લાવવું જોઈએ. પછી એ આપણા વિચારો હોય, માન્યતા હોય, કુટેવો હોય કે પૂર્વાગ્રહ હોય.

ભારતના પ્રથમ ખલાસી ૩૪ વર્ષના અભિલાષ ટોમીએ એકલાએ ૧ નવેમ્બર, ૨૦૧૨ થી ૬ એપ્રિલ, ૨૦૧૩ સુધી દરિયાઈ સફર કરી. તેમણે ૧૫૦ દિવસમાં ૨૩,૦૦૦ માઈલ તોફાની અને જોખમી દરિયો પાર પાડ્યો. આવા વીરો અને જોખમ ખેડનાર સાહસિક આપણને નવી દિશા દૃષ્ટિ પૂરી પાડે છે. કહ્યું છે ને કે હિંમતે મર્દા તો મદદે ખુદા, જીવનમાં કશું અશક્ય નથી અને એટલે જ ધીરજરાય 'વન વગડાની વાટે વાટે' કાવ્ય સંગ્રહમાં કહે છે, "પાછા પડશો નહિ."

જ્યારે તમારી વસ્તુઓ ખોટી થતી હોય
જ્યારે તમારા સંજોગો ખરાબ થતા હોય
જ્યારે તમારા પ્લાન નિષ્ફળ જતા હોય
જ્યારે તમારા પાસા ઊંધા પડતા હોય
જ્યારે તમારો માર્ગ ખરબચડો થતો હોય
જ્યારે તમારી બચત ઓછી અને દેવું વધુ હોય

જ્યારે તમારે હસવું હોય પણ હસી ના શકો અને તમારાથી નિ:સાસા નંખાઈ જાય ત્યારે તમે પાછા પડશો નહિ, પણ ધીરજ અને હિંમતથી કામ લેજો. જીવનમાં વારો ફેરો આવે છે અને આવવાનો છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે માટે તમે પાછા પડશો નહિ. તમારું કાર્ય ત્યજી દેશો નહિ. પણ તમારા પ્રયત્નો, તમારો પુરુષાર્થ ચાલુ રાખજો અને સંજોગો ગમે તેટલા ખરાબ હોય તો પણ તમે હિંમત ના હારતા. ધીરજથી કામ લેજો. તમારી જીત થશે, આજે નહીં તો આવતી કાલે.

મિત્રો, આપણી જિંદગીનો આધાર આપણા માનસ પર છે. મન આપણી જીવન ગાડીનો ડ્રાઈવર છે. જીવનમાં રહેલાં સ્વપ્ન સ્વપ્ન રહેતાં નથી, જો આપણે ખરા અને હૃદયથી તેની પાછળ પડી જઈએ તો.

'મારા સપનાનું ભારત' પુસ્તકમાં ડો. એ.પી.જે. કલામે મહર્ષિ પતંજલિનું યોગસૂત્ર ટાંક્યું છે, "જ્યારે તમે કોઈ મહાન ઉદ્દેશ્ય, કોઈ અસાધારણ કલ્પનાથી પ્રેરિત થાવ છો, ત્યારે તમારા તમામ વિચારો એની મર્યાદાઓ તોડી નાખે છે, તમારું મન મર્યાદાઓ ઓળંગી જાય છે. તમારી ચેતના દરેક દિશામાં વિસ્તૃત થાય છે. અને તમે પોતાની જાતને એક નવી, મહાન આશ્ચર્યજનક દુનિયામાં પામો છો.

મિત્રો સ્વાભાવિક છે, આ પડકારરૂપ જીવનમાં દરેક દરેક જણ ઉચ્ચ કારકિર્દીની ઝંખના સેવે છે. પછી એ સામાન્ય માણસ હોય કે રાજ્યના, જિલ્લાના કે કોઈપણ ક્ષેત્રના નેતા હોય.

આપણે બધા જ વિકાસ ઇચ્છીએ છીએ, અને આપણું જીવન ટેકનોલોજી પર વધારે આધારિત છે. સમાજના વિકાસ માટે માનવે જાગવું પડશે, મોડર્ન ટેકનોલોજીથી એકલા નહિ, પણ માનવ મૂલ્યોને ધ્યાનમાં લઈને. તો ચાલો આપણે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત હકારાત્મક વલણ અને વિચારોથી શરૂ કરીએ અને એટલે જ...

ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ
અબ રૈન કહાઁ જો સોવત હૈ,
જો સોવત હૈ વહ ખોવત હૈ,
જો જાગત હૈ વહ પાવત હૈ. ●


**Many Many Happy Returns Of The Day...**

**"AARAV" ON HIS FIRST BIRTHDAY**

*May your special day...*
*Surrounded with happiness,*
*Filled with laughter,*
*Wrapped with pleasure,*
*Brightened with fun,*
*Blessed with love,*
*Remembered with joy*
*and enriched with hopes*
*GOD BLESS YOU*



*Aarav*
*Date of Birth: 26-06-2013*

:: With Best Wishes ::

Alince D. Khristi (Father) — Ribka A. Khristi (Mother)
Danielbhai M. Parmar & Family (Gamdi) — Kanti B. Dabhi & Family (Kanjari)

*Press Pura Society, Gamdi, Anand*

# યોહાનની શહાદત

✍ અનિલ વાઘેલા

બાઈબલમાં એક મહાન અને જોરદાર પાત્ર ઈસુના વિશાળ ચરિત્ર અને બહુવિધ વ્યક્તિત્વ આગળ ઝાંખુ પડી ગયું છે. યોહાન પોતાને પણ ઈસુના પગરખાં ઉપાડવાને પણ લાયક ગણાતા નથી. (માથ્થી ૩ઃ ૧૧) તેથી તે પાત્રનું તેજ પૂર્ણ રીતે વિલસી શક્યું નહિ. અલબત્ત તેમનો જન્મ તો ઈસુની જેમ અલૌકિક થયો છે. તેમનો જન્મપ્રસંગ ચમત્કારિક છે. ઈસુના જન્મની વધાઈ રૂપે તેમનો જન્મ ઈસુનું સ્થાન મુકરર કરી આપવા અને ઈસુનો રસ્તો તૈયાર કરવા જાણે થયો હોય એવો સંકેત આપે છે. બંને માસી માસીના છોકરા છે તે પ્રતીત થાય છે. બંનેના જન્મ પ્રસંગોમાં પણ સામ્ય માલૂમ પડે છે. બંનેમાં જન્મની વધામણી દેવદૂત આપે છે. થોડોક ફેર એટલો કે ઈસુનો જન્મ મરિયમની કુમાર અવસ્થામાં અને યોહાનનો તેની માતા એલિસાબેતની જૈફ ઉંમરે થયો.

યોહાનની ઉદરસ્થ અવસ્થાના કેવા સરસ સંકેતો ગ્રંથકારે આપ્યા છે. પહાડી દુર્ગમ ગામો આવેલાં હોવા છતાં એલિસાબેતને મરિયમનાં અંતરો કેટલાં નજીક છે. આવું પહાડી હિંસક વાતાવરણ ભેદીને પણ મરિયમ એલિસાબેતને ચાલીને મળવા જાય છે. એલિસાબેત તેને જોઈને બોલી ઉઠે છે. 'જેવા તારા વંદનના શબ્દ મારે કાને પડ્યા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરક્યું.'

આવું સલૂણું, મનોરમ અને અલૌકિક પાત્ર છે યોહાનનું, ઈસુની શહાદતની તુલનામાં તે સ્હેજ પણ ઉતરતું નથી. ઈસુની જેમ યોહાનનું મૃત્યુ પણ ભયંકર હતું. એમની શહાદતથી તો આપણાં હૃદયો થીજી જાય છે. યોહાન પોતે ભલે પોતાને ઈસુનાં પગરખાંની વાધરી છોડવાને પણ લાયક ના ગણતા હોય પણ નિર્ભેળ સત્ય ઉચ્ચારવાની શક્તિની તોલે તો તે સ્હેજે ઉતરતા નથી, એવું જ્વલંત પાત્ર યોહાનનું છે.

ઈસુના ચરિત્ર સાથે એમને સરખાવવા જઈએ તો ઘણું સામ્ય પણ જણાઈ આવશે. ઈસુ એમના યજમાનોની પણ ટીકા કરવાનું મૂકતા નથી. ઈસુની જેમ યોહાનના પણ શિષ્યો હતા. એમનામાં નમ્રતા પણ ઈસુની જેમ જ હતી. પોતાને એમણે ફિરશ્તા તરીકે ઓળખાવ્યા નથી. બંને ઉપદેશક હતા. હેરોદ જેવો રાજા પણ યોહાન તરફ પૂજ્યભાવ રાખતો હતો. એટલો ફરક ખરો. જેલમાં પણ હેરોદ ઘણીવાર તેમને મળવા જતો ને સલાહ લેતો, ને બોધવચનો સાંભળતો. પણ તેમ છતાં તેમણે હેરોદને સ્પષ્ટ વાત કરી. આમ સ્પષ્ટ વક્તા તરીકે ઈસુની હરોળમાં આવી શકે. યોહાન પ્રાકૃત દુનિયાનાં વ્યવહારુ સત્યો ઉચ્ચારતા હતા. તે ઈસુના પૂરોગામી તેમજ સ્નાનસંસ્કાર કરાવતા હોવા છતાં, પોતાને ઈસુ કરતાં ચડિયાતા ગણાવવામાં માનતા નથી. અગ્રદૂત ગણાવા છતાં ઈસુની હરોળમાં મૂકાવા માગતા નહોતા, છતાં તે સામાન્ય કક્ષાના માણસ ન હતા, ઉતુંગ શિખરે હતા. એમના



સ્વતંત્ર મુક્ત અલગારી જીવનમાં એવું કંઈક છે, જે તેમના પ્રત્યે દિલચસ્પી લગાડે છે. તેમના જેવું જીવન જીવવા પ્રેરે છે. તેમને નથી કોઈ બાળબચ્ચાંની જંજાળ, નથી કોઈ સંસ્થાનું કારભારુ કે મુરબ્બીપણું. ફક્ત છે સાદાઈ, ગરીબાઈ ને નિર્વ્યસનીપણું. ઈસુ પોતે તેમના વિષે કહે છે, 'હું તમને ખાતરીથી કહું છું કે, સ્નાનસંસ્કારક યોહાન કરતાં મોટો માનો જણ્યો ધરતીના પડ ઉપર પેદા થયો નથી' (માથ્થી ૧૧:૧૧) પહેરવેશ જુઓ તો શિકારી કે પ્રાકૃત માણસ જેવો લાગે 'ઊંટના વાળનાં કપડાં, કમરે ચામડાનો પટ્ટો ને તીડ ને રાની મધનો આહાર'.

તેમની વાણી ભાલાની અણી જેવી હૃદય સોંસરી ઊતરી જાય એવી હતી — 'ઝાડોનાં મૂળ પર કુહાડો મંડાઈ ચૂક્યો છે, એટલે જે કોઈ ઝાડ સારાં ફળ નહિ આપે તેને કાપી નાંખીને આગમાં પધરાવ્યા જાણો. હું તમને હૃદયપલટાને અર્થે પાણીથી સ્નાનસંસ્કાર કરાવું છું પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં વધારે શક્તિશાળી છે. તેના હાથમાં સૂપડું તૈયાર છે અને તે પોતાના ખળાને સોઈ-ઝાટકીને સાફ કરી નાંખશે...' (માથ્થી ૩:૧૦-૧૨). આવી તેમની વાણી ઉચ્ચારનારને યહૂદીઓ જીવતો ના રહેવા દે. વધુ જીવવાનું તેમને મળ્યું હોત તો ઈસુની જે દશા આગેવાનોએ કરી એજ દશા એમની પણ કરત. ઈસુના પક્ષમાં બોલવું તે મરણને નોતરવા બરાબર હતું.

પણ ઈસુની ક્રાંતિનો મારગ યોહાન તૈયાર કરે એ પહેલાં હેરોદે એમને હણી નાખ્યા. છતાં પણ તેમના આવવાનું ધ્યેય તો તેમણે સ્પષ્ટ કરી જ દીધું હતું. અરણ્યમાં પોકાર કર્યો, "હૃદયપલટો કરો, કારણ ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે."

એક જ પ્રસંગમાં તેમણે મોતને પસંદ કરી લીધું. હેરોદ તેના ભાઈની પત્ની સાથે રંગરાગ ખેલતો હતો તે યોહાનની આંખોથી ખમી શકાયું નહિ. વિચારીએ તો યોહાનને એમાં શું! પણ યોહાને તે બરદાસ્ત કરી દીધું નહિ; આમેય હેરોદ તો તેના શિષ્ય જેવો જ હતો. હેરોદને સીધેસીધું કહી દેવાથી પણ સુધરી જવાનો ન હતો, ને સમાજ પણ એ ટકોરથી સુધરી જવાનો ન હતો. ઉલ્ટુ પોતાને નુકસાન જ હતું, મોતનો પંજો જ ફરવાનો હતો. તો પછી આ શાંત જળમાં શા માટે જાણી જોઈને તેમણે પથરો નાખ્યો! જીવનનું મહામૂલું ધ્યેય ભૂલીને આવા નટખટને છંછેડવાનું સાહસ શા માટે એ કરી બેઠા! શું એ જાણતા નહોતા કે આ કહેવાથી એનાં ભવાં ચડી જવાનાં છે. આટલી વાત જવા દઈને ઈસુને સહાયક થયા હોત અથવા ઈસુનો ૧૩મો શિષ્ય પણ બની શક્યા હોત. તો બાઈબલનું કથાનક પણ બદલાયું હોત. આ બધા પ્રશ્નો આપણા મનમાં થાય. જોકે ટૂંકા સમયમાં એમણે જે ધ્યાનપાત્ર શહાદત વ્હોરી લીધી તેથી તો એ એકદમ ઊંચા સ્થાને પહોંચી ગયા, ઈસુના શિષ્યો જે હિંમત દાખવી ન શક્યા. તે યોહાને કરી બતાવી.

યોહાનનો કારાવાસ તથા તેમની શહાદતનો પ્રસંગ દિલ ધડકાવનારો છે. બાઈબલમાંથી આત્મિક બળ મળે તેવા ઘણાં પ્રસંગોમાંનો આ પણ છે. આપણે કટોકટી પળે ભળતું યા પરોક્ષ બોલીને કે સ્પષ્ટ નહિ બોલીને, જવાબદારી આપણા પર ન આવે એ રીતે આપત્તિમાંથી ઉગરી જવાનો પ્રયત્ન કરીએ છીએ. પોતાને ડાહ્યા માણસોમાં ખપાવીએ છીએ, બચાવ એવો કરીએ છીએ કે હું એ અર્થમાં નહોતો બોલ્યો, તમારી સમજમાં એવું આવ્યું હશે... એમ સત્યની કૂંપળ ટૂંપાઈ જાય છે. આ આપણાં વ્યવહારુ સત્યો છે, લોકપ્રિયતા કે પ્રતિષ્ઠાની ઘેલછા વળગેલી હોય છે. અને એટલા જ કારણે યોહાનની શહાદતનું મહત્ત્વ વધી જાય છે. અસ્પષ્ટ બોલવાને કારણે તો મહાભારતમાં સેંકડોનો ખુરદો નીકળી ગયો.

યોહાન સઘળા ભ્રષ્ટ વ્યવહારથી અળગા માનવી છે. જાત પ્રત્યે દમન કરે છે. અજ્ઞાત ભય પણ તેમને સતાવતો નથી. યહૂદીયામાં હેરોદ વિલાસી ને સ્વચ્છંદી રાજા હતો. તેણે તેના ભાઈની પત્ની જોડે આડો વ્યવહાર રાખ્યો હતો. યોહાનની આંખોથી આ ખમાયું નહિ. એક દિવસ તેમણે હેરોદને મોં પર જ પરખાવ્યું, 'તું તારા ભાઈની પત્ની સાથે રહે છે એ અધર્મ છે.' હેરોદે યોહાનને કાળી કોટડીમાં પૂરાવી દીધા હતા, પણ તેમની નૈતિક હિંમત, આત્મિક જુસ્સો તો નરમ ન જ પડ્યાં...

દિવસો વીતતા ગયા, હેરોદ ભોગવિલાસ કરતો રહ્યો. એવામાં એની વર્ષગાંઠ આવી. રાજદરબારમાં આનંદ ઉત્સાહની છોળો ઉડવા લાગી, મહેમાનો ઉમટવા લાગ્યા, નાચગાન ને સંગીત પણ શરૂ થયું.

હેરોદની રખાત હેરોદિયાની પુત્રીએ નૃત્ય કરવા માંડ્યું. હેરોદ તેના નૃત્ય પર ફિદા થઈ ગયો. તેણે ખુશ થઈ તેને જે કંઈ માગવું હોય તે માંગવા કહ્યું, પણ આ નાદાન છોકરીએ કોઈ કિંમતી વસ્તુ કે જરઝવેરાત માગ્યાં નહિ. હેરોદને આનંદ હતો કે આ સપરમા દિવસે આ નૃત્યાંગનની ખ્વાહિશ પૂરી કરશે. પણ છોકરીને તેની માએ ચઢાવેલી તેથી માને પૂછવા જાય છે. 'મા હું શું માગું' રામાયણમાં આવી જ એક તકનો લાભ લઈ કૈકેયી દશરથ રાજા પાસે રામનો વનવાસ અને ભરતને ગાદી માગે છે. કૈકેયી અને હેરોદિયાનાં સ્ત્રીપાત્રો સરખાવવા જેવાં છે. કેટલાય દિવસોથી ધૂંધવાતો વૈરાગ્નિ તેના દિલમાં પ્રજ્વળી ઉઠ્યો. આંખોમાંથી અંગારા છૂટવા લાગ્યા. યોહાને તેને ઉઘાડી પાડી હતી. તેના હોઠ રોષથી ભીડાયા ને કહી દીધું. 'બેટી, પેલા ભગતડાનું માથું માગી લે. આપણો સદાયનો કાંટો નીકળી જશે. આપણને મળતી સુખસાહ્યબીથી એ સળગી મરે છે.' દીકરી પણ લુચ્ચુ હસી. પોતાની નૃત્યકળાની પ્રશંસા ફળરૂપે આજ કંઈક રાજા પાસેથી માગી લેવાની ઈચ્છા હશે, પણ માનું વચન રાખવું પડે, ને હેરોદ પાસે જઈ તેણે યોહાનનું મસ્તક માંગ્યું.

રાજા પણ આ વિચિત્ર માંગણીથી કંપી ઉઠ્યો, આવા મહાત્માને હણવાની માંગણી! લોકોમાં પણ એ પૂજનીય હતા; એમને નથી કોઈ મહત્વાકાંક્ષી કે નથી કોઈ રાજ્યમાં હરકત. છતાં આ નાદાન છોકરી શું માંગી રહી છે. આ શબ્દો સાંભળી એના મોતિયા જ મરી ગયા. પણ વચન આપી દીધું હતું. પણ તેના આત્માએ વિદ્રોહ ન કર્યો. પિલાતુસ પણ આવી અનિર્ણાયક પરિસ્થિતિમાં ઈસુને ન્યાય આપી શક્યો નહિ.

આખરે જે થવાનું હતું તે થયું. સંતનું માથુ કપાવાનું કૃત્ય તેને સ્હેજે ડગાવી શક્યું નહિ. રોમન સૂબાઓ આવા નબળા મનના ક્યાંથી? તેણે જલ્લાદને હુકમ કરી દીધો. જલ્લાદને તો આ વર્ષોનો ધંધો. બકરુ મારે એમ માણસને પણ મારે. એનામાં માણસ વસેલો હોત અને ક્યા કારણસર આ મહાત્માની હત્યા કરાવવામાં આવે છે એ જાણ્યું હોત તો એ આ કૃત્યનો વિરોધ કરત. એમ પણ આખરે તો નોકરને! કુરનિશ બજાવીને એ તો ઉઘાડી તલવાર લઈને ઉપડી ગયો કારાવાસમાં. કાળી કોટડીમાં યોહાન નત્મસ્તકે ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યા હતા ને ખટ્ખટ્ અવાજ ઉંબરે સંભળાયો. ઝીંટાઈ ગયેલાં માથાવાળા યોહાને બારણા બાજુ જોયું, તો એક નરરાક્ષસ હાથમાં મોતનો પયગામ લઈને ઉભો હતો. (ભગવાન ઈસુ. પૃ. ૧૭૩)

યોહાન ત્રસ્ત આંખોથી જલ્લાદને ભાળે છે. ભૂખ તરસથી જેનો દેહ લથડી ગયો છે છતાં પણ તે ઊભા થવા જાય છે. પોતાને શા સારું મારી નાખવામાં આવે છે એ પ્રશ્ન થાય ત્યાં તો જલ્લાદે એનું માથું પકડ્યું. ને ખપ્પરભોગી ખડગ એમની કૂમળી ડોક પર ઝીંકાઈ. ને ધડ દઈને લોહીની શેરો સાથે માથું નીચે પડ્યું. માથું થાળીમાં મૂકીને પેલી છોકરીને આપ્યું અને તેણે તેની માને આપ્યું. (ભગવાન ઈસુ. ૨૭૩)

હેરોદ ને આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. હેરોદે નાનાં બાળકોની કત્લેઆમ ચલાવી હતી તેજ હેરોદનો આ કુપુત્ર, જેણે રોમન બાદશાહને મળી પોતાના ભાઈઓ પર જ જાસૂસી કરવાનો પરવાનો મેળવ્યો હતો. અહીં રાજા અને યોહાન વચ્ચે સરખામણી કરવાનું લાગે છે. સરખામણી નહિ પણ વિરોધાભાસ છે. બે વચ્ચે ભેદ ક્યાં પડે છે તે રસમય છે. સુગ્રીવનો ભાઈ વાલિ સુગ્રીવની પત્ની સાથે આડવ્યવહાર રાખતો હતો, તેથી રામે વાલિનો વધ કર્યો. પણ સ્પષ્ટ કહેનાર રાજા ઉન્નત રહે છે. પણ અહીં સ્પષ્ટવક્તા યોહાનનો વધ થાય છે. ●

# 'જેણે પાપ કર્યું ના એકે તે પથ્થર પ્હેલો ફેંકે!'

✍ સિલાસ પટેલિયા

ગુજરાતી કવિ નિરંજન ભગતનું 'પથ્થર થર થર ધ્રૂજે' નામનું એક કાવ્ય છે. આ કાવ્યમાં પાપનો સંદર્ભ છે. કાવ્યમાંથી એક કથા સ્ફુટ થાય છે. કવિ આ કથા આપણને એવી રીતે કહે છે કે એ આંખ સામે તરવરી રહે છે. સામે જ જાણે એ પ્રસ્તુત થાય છે ને અંતે જતાં, એ કથાનો આપણેય એક ભાગ હોવાની આપણને પ્રતીતિ થાય છે. એ પ્રતીતિ આ કાવ્યનો પ્રાણ છે. મર્મ છે. કાવ્યને અને એની કથાને સમજવા માટે કેમેરામેનની કળાને આવો ખપમાં લઈએ:

● **પથ્થર થર થર ધ્રૂજે!**

આ પંક્તિમાં પથ્થર છે. એ ધ્રૂજે છે. થરથર ધ્રૂજે છે. કેમેરામેનનો કેમેરા એ પથ્થર પર કેન્દ્રિત થાય છે. પથ્થર કંઈ એની જાતે જ થોડો ધ્રૂજે? કંપે? હાથ તો જોઈએ ને! એટલે હવે આંખ સામે માણસ પ્રત્યક્ષ થાય છે, હરખથી એણે હાથમાં પથ્થર લીધો છે. એ ગુસ્સામાં છે. માટે જ એનો હાથ કંપે છે ને હાથમાંનો પથ્થર પણ ધ્રૂજે છે. એ જીવંત ચિત્ર જુઓ આ રહ્યું:



● **'પથ્થર થર થર ધ્રૂજે!**
**હાથ હરખથી જુઠ્ઠા ને જડ,**
**પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે?**
**પથ્થર થરથર ધ્રૂજે!'**

ભયંકર ગુસ્સામાં છે આ માનવી! હાથ તો જીવંત જ હોય ને! પરંતુ કવિ કહે છે કે ગુસ્સામાં આ માનવી ભાન ભૂલ્યો છે. માટે એના હાથ હાથ નથી રહ્યા! એ જુઠ્ઠા ને જડ થઈ ગયા છે. કેમકે એ સ્વયં જુઠ્ઠો ને જડ થઈ ગયો છે. એના જુઠ્ઠા-જડ હાથની સામે કવિ, જેને આપણે જડ કહીએ છીએ એ પથ્થરને મૂકીને કહે છે કે 'પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે?...' હાથને વેદના નથી. પથ્થરને છે. પરંતુ એ કોણ સમજે? આ વિરોધાભાસ સમજવા જેવો છે. પથ્થર ધ્રૂજે છે. એને વેદના છે, કેમકે જે હાથમાં એ છે, એ જડ છે ને એને કારણે પથ્થરનો દુરુપયોગ થઈ રહ્યો છે, માટે એ થરથર ધ્રૂજે છે. આમ કેમ થાય છે એના નિમિત્ત તરફ હવે કેમેરા ઘૂમે છે ને આ દૃશ્ય સામે કેમેરા મંડાય છે ને દૃશ્ય આપણી આંખ સામે ખડું થાય છે. જુઓ એ દૃશ્ય:

● **'અનાચાર આચરનારી કો અબળા પર, ભાગોળે, એક ગામના ડાહ્યાજન સૌ ન્યાયનિરાંતે તોળે, આ 'કુલટાને પથ્થર મારી, મારી નાંખો' એમ કિલ્લોલે કૂજે!'**

ગામ, ભાગોળ, અનાચાર આચરનારી અબળા, ગામના ડાહ્યાજન - આટલાં દૃશ્યો! ચાર દૃશ્યોનો દૃશ્યપટ! આરંભે શાંતિ હતી ને માત્ર પથ્થર ધ્રૂજતો હતો, અહીં આ દૃશ્યમાં કોલાહલ છે. 'સૌ' શબ્દમાં ઘણાં બધાં લોકો એવો અર્થ છે જ. એ બધાજ, આ પાપ આચરનારી અબળાને પથ્થર મારી મારીને, મારી નાંખવા માંગે છે. એમણે ન્યાય તોળ્યો જ છે ને એ ન્યાય મુજબ અબળાનું મોત નક્કી જ છે. એ નક્કી આ લોકોએ જ કર્યું છે, કેમકે એ 'ડાહ્યાજન' છે. 'ન્યાયનિરાંતે તોળે' છે ને પછી 'મારી નાંખો... એમ કિલ્લોલ કૂજે' છે. આ ત્રણેય શબ્દોમાં ભારે વ્યંગ છે, રમૂજ પણ છે ને અંતે જતાં જબ્બર ઘા પણ છે, કેમકે જેને એ અનાચાર આચરનારી અબળા કહે છે, એ એમનામાંની જ તો એક છે. એ સર્વપ્રથમ માનવ છે. એણે જે અનાચાર આચર્યો છે એમાં આ લોકોય હિસ્સેદાર છે. એણે જે અનાચાર કર્યો છે એ એકપક્ષીય છે જ નહિ. એ પરસ્પર સંકળાયેલો જ છે, તો પછી આ લોકો શાના 'ડાહ્યાજન?' આ લોકો વળી કોણ, જે 'નિરાંતે ન્યાય તોળે?' આ લોકો '... પથ્થર મારી, મારી નાંખો...' એમ કહી જ શકે કઈ રીતે? આ પ્રશ્નો અણીયાળા છે ને એની સામે એમનું વર્તન એમને ઉઘાડા પાડે છે!

● **ઓલિયો વહી રહ્યો' તો વાટે.....**

હવે કેમેરા સ્થાન બદલે છે. એ લોકો અબળાને ઘેરીને ઊભા છે. ન્યાય તોળ્યો છે, એ વેળા આપણી આંખને કેમેરા દૃશ્ય બતાવે છે. ગામની ભાગોળ, ગામના લોકો, કોલાહલ ને ત્યાંથી એક માનવી પસાર થઈ રહ્યો છે. જુઓ એ દૃશ્ય:

● **'એક આદમી સાવ ઓલિયો વહી રહ્યો'તો વાટે, સુણી ચુકાદો ચમક્યો, થંભ્યો, ઉરના કોઈ ઉચાટે, હાથ અને પથ્થર બન્નેને જોઈ એનું દિલ ધ્યાનથી દૂઝે'**

આ દૃશ્ય ફલક પર એક એવો માનવી આપણને જોવા મળે છે, જે ગામના લોકોના ચુકાદાથી ચમકે છે. થંભી જાય છે. એના હૈયામાં ઉચાટ જન્મે છે. એ જુએ છે અબળાને અને એ જુએ છે હાથને, પથ્થરને, એટલે કે પેલા લોકોને પણ એ જુએ છે. એનું હૈયું અપાર કરુણાથી છલકાઈ જાય છે. એના માટે અબળા અને આ લોકો જુદા જુદા નથી. બંને માટે એનું હૈયું દૂઝે છે. આ દૃશ્યની આ ખૂબી છે કે એ માનવી આ બધાંથી જુદો છે, જે આ બંનેને ચાહે છે. એ માત્ર

જોયા કરે છે? ત્યાંથી એ ખસી જાય છે? બંનેને દોષ દે છે? ના. એ કંઈક જુદું જ કરે છે - કહે છે. એ દૃશ્ય જુઓઃ

- **જેણે પાપ કર્યું ના એકે....**
  **એની ભૂમિકા જુદી જ છે.**
  **'આ દુનિયાના શાણાઓ ના દુનિયાદારી જાણે,**
  **ટોળા પર ત્યાં એમ હસીને બોલ્યો ટેવ પ્રમાણેઃ'**
  **'જેણે પાપ કર્યું ના એકે**
  **તે પથ્થર પ્હેલો ફેંકે!'**

આમ બોલતાં એ મક્કમ છે. આ મક્કમતામાં કશીજ સત્તાનો સૂર નથી. એમાં કરુણા જ છે. એ ટોળાને ક્ષમાની નજરે જ જુએ છે ને એમને ભીતરમાં ડોકિયું કરવા માટે પ્રેરે છે કે તમે આ શું કરી રહ્યા છો? પાપ તો કોણે નથી કર્યાં? જેણે પાપ કર્યું જ ના હોય તે પથ્થર પહેલો ફેંકે. આ પડકાર છે. આ પડકારમાં પણ કરુણા છે કે ભાઈઓ, તમે સર્વ પાપીઓ જ છો તો શા માટે આને હણી રહ્યા છો! આવી મક્કમ ભૂમિકાની તરત ટોળા પર અસર થાય છે. ને બધાંજ વિખેરાઈ જાય છે. છેલ્લું એ દૃશ્યઃ

- **'એકે એકે અલોપ પેલા સજ્જન,**
  **જ્યારે શું કરવું ના સૂઝે!**
  **અબળા રહી ને રહ્યો ઓલિયો,**
  **એનું કવિજન ગીત હજુય ગુંજે.'**

આ છેલ્લા દૃશ્યમાં તો એ ઓલિયો અને અબળા જ રહી જાય છે. ટોળું તો ઓલિયાની વાણી સાંભળતાવેંત વિખેરાઈ જાય છે, કેમકે ટોળાને ભાન થાય છે કે આપણેય પાપ તો કર્યાં જ છે ને! કાવ્યના આ અંતિમ દૃશ્યમાં, આ બે અગત્યનાં છે, અબળા-જેણે પાપાચાર કર્યો છે. એ જાણે પાપનું પ્રતીક બની રહે છે. ઓલિયો - એનો ઉધ્ધારક બની જાય છે, કેમકે એની દખલગીરીથી જ અબળાનો બચાવ થાય છે. ઓલિયો - ટોળાનો પણ તારણહાર છે, કેમકે ટોળાને વાસ્તવિકતા ભણી એ વાળે છે. આ બે જ રહ્યા - ઓલિયો અને અબળા, એને માટે કવિ ગાય છેઃ '... એનું કવિજન ગીત હજુયે ગુંજે.' આ કવિની ભૂમિકા છે. સમાજ પ્રત્યેનું કવિનું ઉત્તરદાયિત્વ, તે આ! કવિ આ અબળાની અને ઓલિયાની વાત ગુંજે છે ને દુનિયાના લોકોને કહે છે કે સર્વ માનવી પાપી છે, ઓલિયો જ ઉધ્ધારક છે. એ કરુણાસભર છે. આવો અપાર કારુણ્યમૂલક દૃષ્ટિકોણ આ ઓલિયાનો છે. એક અર્થ એવો પણ નીકળે કે આપણે આવા ઓલિયાને અનુસરીએ, હૈયાને કરુણાથી છલકતું રાખીએ તો અનાચાર આચરનારને, પથ્થર મારી મારીને મારી નાંખવાનું કામ કરતાં અટકીશું. કવિ પણ આ જ શુભસંદેશ આપે છે.

અબળા અને ઓલિયાનો કથા સંદર્ભ ભગવાન ઈસુ સાથે જોડાયેલો છે. કાવ્યમાં કવિએ એ સંદર્ભ ગોપિત રાખ્યો છે. 'એમ કેમ કર્યું હશે?' એવો સવાલ થાય. એનો એક અર્થ એ પણ લઈ શકાય કે 'ઓલિયો' કહેતાં 'ભલો માનવી' એમ આપણા મનમાં બેસે છે, એને કારણે ઓલિયો પણ માનવ છે, જે માનવને ઝટ સમજી શકે છે. માનવ છે માટે વેદના એને માટેય અસહ્ય હોય જ ને છતાં એણે પાપની સામે બલિદાન દીધું. તારણ કર્યું. અબળા કહેતા સર્વ માનવ, એની સાથે છે ઓલિયો! આમ, આ ઓલિયાનું આપણી સાથે હોવું એ બહુ જ મોટી બાબત છે. સવાલ એટલો જ છે કે આપણે આપણામાં ડોકિયું કરીએ ને કોઈનો ન્યાય ના તોળીએ! જેવું એ ટોળાએ કર્યું એવું ના કરીએ, કેમકે ટોળું એ કોઈ કલ્પનાની નિપજ નથી. આપણે સર્વ એ ટોળાનો જ ભાગ છીએ. એટલું સમજીએ તોય ઘણું છે. આવો અહેસાસ આપણને અબળાથી અલગ પાડતો નથી, એની સાથે જ રાખે છે ને એમાંથી જ અનુકંપા જન્મે છે.

ગુજરાતી કવિ હરિચંદ્ર ભટ્ટની એક રચનાનો સંદર્ભ આની સાથે એકદમ પ્રસ્તુત બની જાય છે. 'જુડાસને' એ નામનું કાવ્ય છે. એ કાવ્યના અંત ભાગમાં કવિ, જુડાસ-યહૂદાને સંબોધીને વાત કરે છે. જુડાસે પ્રભુ ઈસુ સાથે દ્રોહ કર્યો હતો. પરંતુ પછી પસ્તાવો થતાં, એણે પાપનો સ્વીકાર કરીને, જીવનનો અંત આણ્યો હતો. કવિ ગાય છેઃ

- **'જાહનવી નયનની વહી હતી**
  **તે ભૂલ્યું જગત, કેમ હું ભૂલું?**
  **કંદને વ્રણ ભલે રુઝાય સૌ**
  **ઘા ભૂલાય નહિ, જીવને કદી.**
  **દોષ શો દઉં તને, જુડાસને?**
  **દ્રોહી કોણ નથી જીવને થયું?'**

જગત જુડાસને દોષી ગણે છે. અશ્રુપાત કરીને, એણે પસ્તાવો કર્યો હતો, એ કોઈના ધ્યાનમાં જ નથી આવતું. કવિ કહે છે, કવિ જાણે માનવજાત વતી કહે છે કે હું એ ભૂલ્યો નથી. તું જુડાસ પાછો વળ્યો એ વાત અગત્યની છે. તને દોષ નહિ જ દઉં. દ્રોહી તો કોણ નથી? કવિની આ ભૂમિકા અહીં અગત્યની છે. આપણામાં પણ એક જુડાસ-યહૂદા છે. પળે પળે પાપ આચરીને આપણે દ્રોહ કરીએ જ છીએ. આપણાથી અલગ જુડાસને ગણીને આપણે શું સાબિત કરવાના? જુડાસ દ્રોહી હતો તો આપણે પણ દ્રોહી છીએ જ, અબળા અનાચાર આચરનારી હતી, પાપી હતી, તો આપણે પણ છીએ જ, આ ભાવ અગત્યનો છે. નિરંજન ભગતના કાવ્યને અંતેઃ '... એનું કવિજન ગીત હજીયે ગુંજે' એવો ભાવ છે. શાનું ગીત? તો એ અબળાની કથાનું! એ ગુંજતા રહીએ... તો હરિચંદ્ર ભટ્ટના કાવ્યના અંતેઃ 'દ્રોહી કોણ નથી જીવને થયું?' પ્રશ્નાર્થ છે. જે માનવજાતને અંતરમાં આંખ ઢાળી જોવા પ્રેરે છે. એ પ્રતીતિ જ અંતે જતાં ભગવાન ભણી વાળે છે. એ પ્રતીતિ થાય ત્યારે અંતરમાં અજવાળું થાય ને એ વેળા હાથમાં પકડેલો પથ્થર થરથર ધ્રૂજે, એ વિચાર માત્રથી કે આ હું શું કરી રહ્યો છું? આમ આરંભની પંક્તિ, અંતે જતાં, જુદા જ અર્થમાં આપણી સામે આવે છે. એની મજા છે. ●


## કમ્પ્યુટર શિક્ષક જોઈએ છે

ધોરણ ૧ થી ૮ તથા ધોરણ ૯-૧૦માં કમ્પ્યુટર વિષય ભણાવી શકે તેવા ઉમેદવારોની જરૂર છે.

**લાયકાતઃ B.C.A. અથવા P.G.D.C.A.**

લાયક ઉમેદવારોએ નીચે મુજબના સરનામે દિન-૧૦માં તમામ પ્રમાણપત્રોની નકલો સાથે અરજી કરવી.

**મેનેજરશ્રી/આચાર્યશ્રી, આર.સી. મિશન પ્રા. શાળા, મહેમદાવાદ, જિ. ખેડા, પીન ૩૮૭૧૩૦**

# પવિત્રઘડી - પરમપ્રસાદની આરાધના

✍ ફાધર લોરેન્સ એ.

૨ જૂન, ૨૦૧૩ના રોજ વિશ્વધર્મસભાએ પરમપ્રસાદના પર્વની ઉજવણી કરી. આ વર્ષે આ પર્વની ઉજવણી વિશેષ રહી. કારણ નવા વરાયેલ વડાધર્મગુરુ ફ્રાન્સિસે સમગ્ર વિશ્વને આ દિવસે નિશ્ચિત સમયે એક કલાકની પવિત્ર ઘડી - આરાધના માટે આહ્‌વાન કર્યું હતું.

૨ જૂન, ૨૦૧૩ રવિવારના રોજ પરમપ્રસાદની આરાધનામાં વિશ્વધર્મસભા એકસૂત્રમાં જોડાઈ હતી. વડાધર્મગુરુ ફ્રાન્સિસથી માંડી સામાન્ય ધર્મજન આરાધનામાં સામેલ થયા હતા. આરાધના દરમિયાન જુદા જુદા કારણસર દુઃખ વેઠનારાઓ માટે તેમજ ધર્મસભા દોષમુક્ત રહે તે માટે પ્રાર્થના કરવા વડાધર્મગુરુશ્રીએ અનુગ્રહ કર્યો હતો.

પવિત્ર ઘડી માત્ર એક કલાકની ભક્તિ નથી પણ ઉપાસના વિધિનો ભાગ છે. પવિત્ર ઘડીનો આધાર આપણને માથ્થીના શુભસંદેશ (૨૬:૪૦)માં મળે છે. છેલ્લા ભોજન બાદ ઈસુ શિષ્યો સાથે જૈતુન પર્વત પર ગેથસેમાની વાડીમાં પ્રાર્થના કરવા ગયા હતા. ત્યાં શિષ્યોને પણ પ્રાર્થના કરવાનું જણાવી પોતે પણ તેમનાથી દૂર પ્રાર્થના કરવા ગયા હતા. પછી ઈસુ શિષ્યોની પાસે આવીને જુએ છે તો તેઓ ઉંઘી ગયા હતા. તેમણે પીતરને કહ્યું, “તમારાથી એક કલાક પણ મારી સાથે જાગતા ન રહેવાયું? જાગતા રહો અને પ્રાર્થના કરો કે તમે કસોટીમાંથી પાર ઉતરો. આત્મા તો તૈયાર છે, પણ દેહ દૂબળો છે.”

પરમપ્રસાદની આરાધના પહેલી આજ્ઞાને પરિપૂર્ણ કરે છે. ‘હું તમારો પરમેશ્વર છું. તમારે મારા સિવાય બીજા કોઈ દેવો ન હોય.’ (મહાપ્રસ્થાન ૨૦:૧-૩) ‘એક જ પરમેશ્વરની સેવા કર માટે મૂર્તિપૂજા ન કર.’ (દશ આજ્ઞાઓમાંની પ્રથમ આજ્ઞા) ‘સાચા ઉપદેશકો ઈશ્વરના આત્માની સચ્ચાઈથી ઉપાસના કરશે. પરમપિતાને એવા જ ઉપાસકો જોઈએ છે.’ (યોહાન ૪:૨૩) અને ‘મારા પ્રિયબંધુઓ... રોટી એક છે એટલે આપણે સૌ અનેક હોવા છતાં એક દેહ છીએ કારણ આપણે એક જ રોટીના સહભાગી છીએ.’ (૧ કરિંથ ૧૦:૧૪-૧૭)માં એક જ પરમેશ્વરની, રોટી આસવમાં હાજર ઈશ્વરપુત્રની સેવાપૂજા કરવા અનુરોધ કરે છે. આરાધના શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને પ્રોત્સાહિત કરે છે. પરમપ્રસાદમાં ઈસુની હાજરીના રહસ્યને સમજવા મદદરૂપ બને છે. ખ્રિસ્તયજ્ઞ અને પરમપ્રસાદની આરાધના વચ્ચે માર્મિક સંબંધ છે. એટલે પ્રીતસંસ્કારના પૂજન - અર્ચન દ્વારા ખ્રિસ્તયજ્ઞનો વ્યાપ વધે છે. ઈસુને પામવાની તડપન - ભૂખ, આરાધના ભક્તિ સતેજ કરે છે.

આરંભની ધર્મસભામાં ‘પ્રભુભોજન’ કર્યા બાદ કેટલાક લોકો છૂપી રીતે પોતાના ઘરમાં પરમપ્રસાદ માન-સન્માનભેર જાળવી રાખતા. મરણપથારીએ પડેલા અથવા બીમાર લોકોને તત્કાળ આ રોટી - પરમપ્રસાદના અંગીકાર માટે પીરસવામાં આવતી. ખાનગી રીતે પરમપ્રસાદને સાચવી રાખવાના એક કારણમાં કદાચ આરાધના પણ હોઈ શકે. આ જવાબદારી પુરોહિત કે ઉપપુરોહિત નિભાવતા હશે.

૧૩મી સદીમાં ઈસુને પરમપ્રસાદ સ્વરૂપે આરાધવાની પરંપરા પ્રચલિત હતી. ઈ.સ. ૧૬૭૫માં પ્રીતસંસ્કારના પર્વદિને પ્રભુએ અલાકોકના સંત માર્ગરિટને પોતાના પૂજ્ય હૃદયનાં દર્શન આપ્યાં હતાં, અને જણાવ્યું હતુંઃ ‘જો આ હૃદય જેણે માણસો ઉપર પ્રેમ કરવામાં કંઈ જ બાકી રાખ્યું નથી.’ તદ્‌ઉપરાંત અવાર નવાર દર્શન દ્વારા પવિત્ર ઘડી, પ્રથમ શુક્રવારે ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરવા હિમાયત કરી હતી. પવિત્ર ઘડીમાં ઈસુએ જૈતુન પર્વત પર ગેથશેમાની વાડીમાં ભોગવેલ દુઃખ - પીડાનું મનનચિંતન કરવા પણ અનુરોધ કર્યો હતો.

કેનન લો ૯૩૭ અને ‘કેથોલિક ધર્મસભાનો ધર્મશિક્ષણ ગ્રંથ / Catechism of the Catholic Church’ ૨૬૨૮માં ધર્મસભા પણ પવિત્ર ઘડી માટે શિક્ષણ આપે છે. જે દેવળમાં પ્રીતસંસ્કાર રાખવામાં આવતો હોય, તેવાં દેવળ ધર્મજનો માટે ખુલ્લા રાખવાં, જેથી ધર્મજનો પ્રીતસંસ્કારની આરાધના સ્તુતિ કરતાં પાપ સ્મરણ, પશ્ચાતાપ, પ્રાયશ્ચિત કરી શકે. (કેનન લો - ૯૩૭) ધર્મસભાનું ધર્મશિક્ષણ (૨૬૨૮)માં ‘ઈશ્વર આપણા સર્જનહાર છે, ઈશ્વરની શક્તિ આપણા સર્વ બંધન કાપી નાંખે છે. રાજાધિરાજ ઈસુ ખ્રિસ્ત રાજાની સ્તુતિ આરાધના આપણું પરમ કર્તવ્ય છે’નું શિક્ષણ મળે છે. અનેક વડાધર્મગુરુઓએ પણ સમાજમાં ધર્મ પ્રત્યેના વિપરીત મત અથવા માન્યતાઓનો વિરોધ કરવા માનપૂર્વક પ્રીતસંસ્કારની આરાધના કરી હોવાના ઉદાહરણ મળી આવે છે. મહાશ્રી પોપ કલેમેન્ટ આઠમાએ રોમમાં સળંગ ૪૦ કલાક સુધી પવિત્ર ઘડીનું આયોજન કર્યું હતું. વડાધર્મગુરુ લીઓ તેરમાએ ઓક્ટોબર મહિનામાં દરરોજ પવિત્ર ગુલાબમાળાની ભક્તિ કર્યા બાદ ભવ્ય આરાધનાનો આદેશ આપ્યો હતો. આ સદીના મહાશ્રી પોપ જોન પોલ બીજાએ પણ પવિત્ર ઘડીને સતત પ્રોત્સાહન આપ્યું હતું.

કેનન લો ૧૯૧૭ પ્રમાણે પવિત્ર ઘડી બે પ્રકારે કરવા પ્રોત્સાહન કરે છે. ૧) અંગત (ખાનગી) આરાધના અને ૨) જાહેર આરાધના. ક્યારેક શ્રદ્ધાળુઓ સામેથી પરમપ્રસાદની આરાધના માટે આગળ આવે છે. તો ક્યારેક ધર્માધ્યક્ષ/પુરોહિત શ્રદ્ધાળુઓને આમંત્રણ પાઠવે છે.


પરમપ્રસાદની આરાધનાને વેગ આપવા ખ્રિસ્તયજ્ઞ દરમિયાન, ખ્રિસ્તપ્રસાદમાં ઈસુની હાજરી અંગે પુરોહિત બોધ આપી શકે. સ્થાનિક શ્રદ્ધાળુઓને વાર તહેવારે પરમપ્રસાદની આરાધના માટે જાહેર આમંત્રણ આપી શકે, આયોજન કરી શકે, ધર્મપ્રાંતમાં પ્રકાશિત થતા સામયિક/ખાનગી વિતરણ માટેના ચોપાનિયામાં કે ધર્મવિભાગમાંથી પ્રગટ થતા લઘુ સામયિક/પુસ્તિકામાં આરાધના

કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે. આરાધના ભક્તિ પ્રત્યે આદર ધરાવતા લોકો નામ નોંધાવી, યથાસમયે ભક્તિમાં જોડાઇને ઉમદા સહકાર આપી શકે. ધર્મવિભાગમાં અન્ય મંડળ - જૂથની જેમ 'આરાધના જૂથ' ઊભું કરી અવાર નવાર જુદા જુદા હેતુઓ માટે પ્રાર્થના કરવા, એક કલાકની પવિત્ર ઘડીનું સફળ આયોજન કરી શકે. આરંભમાં ધર્મવિભાગના ધાર્મિક સંઘના સભ્યોએ આગેવાની લઈ આરાધના કાર્યક્રમનું આયોજન કરવું. તાબાના ધર્મસેવા સમિતિના સભ્યો સાથે પરિવારના સભ્યો સાથે પવિત્રઘડીનું આયોજન કરવું. ક્યારેક યુવાનો અને બાળકોને પણ વિશેષ આમંત્રણ આપવું.

કેટલીકવાર ધર્મવિભાગમાં યોજાતી પવિત્ર ઘડી ચીલાચાલુ કે કંટાળાજનક બની જાય છે. કેટલાક ધર્મજનો દ્વારા કરવામાં આવતી એક જ ઘરેડની પ્રાર્થનાઓ કે પછી ભજનોનો મારો અંગત પ્રાર્થનાના સમયને ખાઈ જાય છે. પરિણામે કેવળ ઉપરચોટિયું કે ઘોંઘાટિયું વાતાવરણ સર્જાય છે.

ક્યારેક પવિત્ર ઘડી દરમિયાન આંતરિક/શારીરિક સાજાપણાને જોડવામાં આવે છે. ચમત્કાર આજે પણ થાય છે. પણ તે પહેલાં પાપ કબૂલાત/પ્રાયશ્ચિત સંસ્કાર અંગીકાર થાય તે પણ એટલું જ અગત્યનું છે. શારીરિક સ્વાસ્થ્યની અપેક્ષામાં મુક્તિની અપેક્ષા વધારે હોય તે અનિવાર્ય છે. તે માટે પવિત્ર ઘડી દરમિયાન શ્રદ્ધાળુઓ આત્મનિરીક્ષણ દ્વારા પ્રાયશ્ચિતની તૈયારી કરે અને પુરોહિત પાપસ્વીકાર માટે ઉપસ્થિત રહે તો પવિત્ર ઘડી વધારે સાર્થક બને. ●





# 'પ્રેમની પાંખે'માં પ્રદર્શિત પ્રેમ

✍ યોસેફ મેકવાન

કવિતા વિશે લોકોને એક પ્રકારનો અહોભાવ હોય છે. છતાં એ બધાના રસનો વિષય નથી. કવિતાના વસ્તુ વિશે બોલવું કે લખવું એટલે ભાવક હૃદયને તેની થોડી ઝાંખી કરાવવી. એમાંના વસ્તુનો ઉઘાડ કરવો.  એથી રસિકજનનાં હૃદય એના હાર્દને યથાશક્તિ પામી શકે. છતાં ન પમાય તો આમાં કશુંક તો છે એવા પ્રકારની લાગણી થવી. હા, કાવ્યનું એનાલિસિસ કરીએ તો તેનો અર્ક ઢોળાઈ જાય ને મૂળ વસ્તુ અલગ પડી જાય! તેમ છતાં સહૃદયીને કૈંક તો લાભ થાય.

'પ્રેમની પાંખે'નાં કાવ્યો મેં માણ્યા છે ને યથામતિ જે સૂઝ્યું તે પ્રસ્તાવનામાં લખ્યું છે. એટલે અલાયદી રીતે, અલગ રીતે એની વાત ટૂંકમાં કરું તો અસ્થાને નહીં લાગે.

આપણા જીવનની પાંચ મુખ્ય ઘટનાઓ છે ને એ જાણીતી છે. જન્મ, ઊંઘ, ભૂખ, પ્રેમ, મૃત્યુ.

આપણને જન્મનો સઘન અનુભવ છે, પણ તે કલ્પાતીત છે એટલે એ અનુભવને આલેખવા, શબ્દ વડે કંડારવા અસમર્થ છીએ.

કહેવાય છે કે ઊંઘ એટલે અડધી મૃતાવસ્થા. તેનેય શબ્દ વડે દૃશ્યમાન કરી શકતા નથી. હા, ઊંઘમાંના સ્વપ્નનો ચિતાર મૂર્ત કરી શકીએ, પણ ઊંઘના આકાર, રંગ, સ્વાદ પકડી શકતા નથી. એની એ અમૂર્તતા એ જ એનું રહસ્ય.

ભૂખના અનુભવને તીવ્રતર રીતે ભાષામાં ઉતારી શકીએ છીએ. આકારિત કરી શકીએ છીએ પણ એનો વ્યાપ મર્યાદિત છે.

જીવનનો અંત એટલે મૃત્યુ. એનો સાક્ષાત્-હાડોહાડ અનુભવ થતો હોય છે, પણ તે આલેખવા કોણ રોકાય છે! બહુ બહુ તો મરનારની વેદનાને કલ્પનાથી શબ્દોની ફ્રેમમાં મઢીએ... એથી વિશેષ કશું નહીં.

આ પાંચમાની એક ઘટના, જેનાથી જીવન એ જીવન બને છે તે છે પ્રેમ. જુઓ... પ્રેમ વિશે કેટલું બધું, કેટલી બધી રીતે આલેખાય છે. પ્રેમની વાત એટલે સાત સાગરોના ઉછાળની વાત. એના ઉછાળનું ઉન્નત બિંદુ એટલે આધ્યાત્મિકતા! ધર્મની નહીં પણ જીવનની આધ્યાત્મિકતા! 'પ્રેમની પાંખે' એ તેની કવિતાઓ છે.

જીવનમાં પ્રેમ અનેક પરિમાણો અને પરિણામો ધરાવે છે. એના ભાવ-રસાયણમાં આપણે જીવીએ છીએ અને તેને શ્વસીએ છીએ. તે આપણામાં સ્વાર્થના છદ્મવેશે હોય છે ને પરમાર્થના સ્વરૂપે પણ હોય છે. પ્રેમના કેન્દ્ર બિન્દુથી કેટકેટલી નાની-મોટી ત્રિજ્યાઓ નીકળતી હોય છે. ગઝલની પરિભાષાના શબ્દોમાં કહું તો ઈશ્કે મિજાજી અને ઈશ્કે હકીકી હોય છે. એટલે કે દુન્યવી સંબંધોના પ્રેમના તાણાવાણા અને પરમાત્મા સાથેની ગૂફ્તેગો!

પ્રેમભાવ અમૂર્ત છે. તેના સૌંદર્યને સાહિત્યની પરંપરામાં મૂર્ત કરવાના પ્રયાસો યુગેયુગે થયા છે. વિશેષ કરીને કવિતાના માધ્યમ દ્વારા એની લાક્ષણિકતા પ્રગટી છે.

આદિ કવિ નરસિંહ મહેતાએ ગાયું છે –

**પ્રેમરસ પાને તું મોરના પિરછધર**
**તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.**

કવિને પ્રેમ વિશેની તાત્ત્વિક ચર્ચા વ્યર્થ લાગે છે, તુચ્છ લાગે છે. એનાથી પ્રેમાનુભૂતિ નહીં થાય... પ્રેમરસના આસ્વાદથી જ તે પમાશે. મધ્યકાલીન કવિ દયારામે પણ ક્યાં નથી ગાયું?

**જે કોઈ પ્રેમઅંશ અવતરે**
**પ્રેમરસ તેના ઉરમાં ઠરે.**

હૃદયમાંથી સાચો પ્રેમઅંશ નીકળે તો સામેની વ્યક્તિના ઉરમાં એ ઠર્યા વિના રહેતો નથી. સાચા પ્રેમનો અંશમાત્ર જો આ ચમત્કાર સર્જતો હોય તો પૂરો પ્રેમ શું ના કરે? એ પૂરા પ્રેમનું ઉદાહરણ છે ઈસુ. ઈસુપંથમાં જોડાઈ કવિ શેખર માનીકમે આ હાડોહાડ અનુભવ્યું. એ અનુભવની પ્રાપ્તિ એમણે નોંધી છે તેમ... બ્રહ્માંડ, વિવિધ ધર્મોનાં પવિત્ર શાસ્ત્રો, યાત્રાધામો, ઉમદા જીવન જીવતાં સ્ત્રી-પુરુષો, પોતાનું ગામ વલયમપટ્ટી, માતા-પિતા શિક્ષકો, ઈસુસંઘ વગેરેમાંથી નીપજેલા અર્કરૂપે જે અંગ્રેજીમાં અવતર્યાં તે આ કાવ્યો. એ કાવ્યોનો એવો જ રસમય અને અર્થપૂર્ણ ગુજરાતી અનુવાદ આપ્યો ફાધર રેમન્ડ ચૌહાણે. આ કાવ્યો ઈસુપ્રેમના મહિમાના જાણે તરતા દીવડા છે! માનવમાત્ર માટે ઈસુનો એ સંદેશ આ કાવ્યોમાં ધબકી રહ્યો છે. મીરાંએ ગાયું છે.

**પ્રેમની પ્રેમની પ્રેમની રે**
**મને લાગી કટારી પ્રેમની રે**

મીરાંનો આ અનુભવ કવિ શેખર માનિકમનેય થયો છે. મીરાં ગિરિધર સાથે પ્રેમથી જોડાઈ ગયાં હતાં. તેમનો વ્યક્તિ પ્રેમ છેવટે

આધ્યાત્મિક પ્રેમમાં રૂપાંતર થયો. અહીં કવિ શેખરનો ઈસુપ્રેમ સમષ્ટિના પ્રેમરૂપે ખીલી રહ્યો!

સંત કવિ કબીરનો પેલો જાણીતો દુહો... જાણે એમના જીવનમાં પ્રગટ્યો...

**ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોઈ...**

અહીં 'પંડિત' શબ્દને સ્થાને 'માનવ' શબ્દ મૂકીએ તો કવિની જીવનદૃષ્ટિ આ કાવ્યોમાં ઉઘડેલી અનુભવાય.

**ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો માનવ હોઈ...**

આજના આ ક્લુષિત જગતમાં પ્રેમ - માનવ પ્રેમની તાતી જરૂરિયાત છે એ તો ઈસુસંઘમાં જોડાયા પહેલાં, સત્તર વર્ષના નવલોહિયા યુવાન શેખરે મહાદેવાલયમાં એનો સાદ સાંભળ્યો હતો.

**પ્રેમની મૂરત, જગતે કરી બદસૂરત**
**કિન્તુ બની ગયો એ મમજીવન કેરો રાહ**
**પ્રેમ ને સેવા કરું શાંતિ કાજે, આખરે હું અનામી..**
**બની તેના જેવો શોભાવું તને**
**આનંદ કેરા અનંત સાગરમાં, ઝરણ જેવો હું ભળી જાઉં નહીં.**

(કાવ્ય-૧૦ પાનું-૧૪)

પણ આનંદના અનંત સાગરમાં ઝરણા જેવું થઈ ભળવાનું ક્યારે બને? એ ત્યારે જ શક્ય બને જ્યારે પોતાનો 'હું'નો છેદ થાય. પોતાનો અહંકાર છેદાઈ જાય. એટલે કે પોતાનો I છેદાય તો ક્રાઈસ્ટ બનાય. અતિકપરું છે. આ જ વાત કબીરસાહેબના દુહામાં સંભળાય છે.

**જબ મૈં થા તબ ગુરુ નાહીં, અબ ગુરુ હૈ હમ નાહીં**
**પ્રેમગલી અતિ સાંકરી, તામેં દો ન સમાય**

પ્રેમગલી સાંકડી છે એમાં બે રહી શકતા નથી. કવિ સુન્દરમ્ પણ એમના 'કેવળ પ્રેમ' કાવ્યમાં આ અમૂર્ત પ્રેમને ભાવદશામાં મૂર્ત કર્યો છે.

**કેવળ પ્રેમ બન્યો**
**નહિ આકૃતિ, નહિ રૂપરંગ કો'**
**નહિ આલંબન, નહિ ઉદ્દીપન**
**સ્વયંપ્રભવ નિજ**
**સ્વયં રહ્યું આસ્વાદન**
**સ્વતઃ ધાર ભીતર પરિદ્‌વતિ**
**છલકત ધાર જગતપટ વહતિ**
**કેવળ પ્રેમ બની**
**બસ વહેવું**
**શત શત ધાર થઈ જગતે**
**નિત ઉચ્છ્લ જલ વહંતા**
**કેવળ પ્રેમ બન્યો**
**કેવળ પ્રેમ રહ્યો...**

કવિને પ્રેમનાં આવાં અનેક ચિત્રો જોવા મળે છે. પણ સાચો પ્રેમ — માનવ પ્રત્યેના બધા ક્ષુલ્લક વાડા તોડી પ્રસરે ત્યારે તેને આધ્યાત્મિક્તાની ઊંચાઈ મળે. એ ઊંચાઈનાં દર્શન કવિ શેખર માનિકમ્‌ની આ કવિતાઓ કરાવે છે. આ કાવ્યો ઈસુ હૃદયનું રૂપક બની ધબકી રહ્યાં છે. કવિ શેખરે અર્પણની પંક્તિઓમાં યોગ્ય જ કહ્યું છે —

ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે તે બધા જ ધર્મોથી પર છે.
બધા ધર્માધો પ્રેમ સ્વરૂપ ઈશ્વરભણી પાછા ફરે
એવી પ્રાર્થનામય શુભેચ્છાઓ, આશા સાથે
આ કાવ્ય રચનાઓ તેમને અર્પણ —
આ થશે એવી શ્રદ્ધા સાથે કાવ્યકરમાં કહે છે,

**આ ઐક્યનો પુનરોદ્ધાર થતાં લાગે છે વાર**
**સાચે જ લાગે છે વાર**
**તારાં પગલામાં પગ માંડીને ચાલવું એ છે મુજ જીવન ને એ છે પરમઆનંદ**

આવા પ્રેમ વિશે હજી ઘણું કહેવાય પણ અહીં વિરામ.

ફાધર શેખર માનિકમ્‌ની અંગ્રેજી કવિતાઓનો 'પ્રેમની પાંખે' દ્વારા સુંદર ભાવમય ગુજરાતી અનુવાદ આપવા બદલ ફાધર રેમન્ડ ચૌહાણને ખૂબ ખૂબ અભિનંદન. ગુજરાતી કવિતાના પ્રવાહમાં આ અમૂલ્ય ભેટ છે. એ ભેટને સુંદર રીતે માવજત લઈ 'રંગદ્વાર' દ્વારા પ્રકાશિત કરવા બદલ રઘુવીરભાઈને પણ હાર્દિક અભિનંદન. ●


# નર્સિંગ પ્રવેશ

**G.N.M. નર્સિંગ 3½ વર્ષ ૧૨ પાસ ૩૫%**
**B.Sc. નર્સિંગ ૪ વર્ષ ૪૫%**

★ આર્ટસ્, કોમર્સ, સાયન્સ, છોકરા-છોકરીઓ માટે રેગ્યુલર કૉલેજ ઉત્તમ સગવડો સાથે.
★ છોકરીઓ માટે અલાયદી કૉલેજ.
★ SC/ST વિદ્યાર્થીઓ ફક્ત રૂ. ૫૫,૦૦૦/-માં એડમિશન મેળવી શકે છે.
★ રહેવા તથા જમવાની સુવિધા સાથે.
★ ૨૭ વર્ષ જૂની અને જાણીતી આંધ્રપ્રદેશ સરકાર માન્ય સ્કૂલ તથા કૉલેજ.
★ સ્પોકન ઈંગ્લીશ ક્લાસ આપવામાં આવશે.

**—: સંપર્ક કરો :—**

મો.: ૯૬૨૪૫ ૫૬૮૭૦ / ૮૫૧૧૮ ૦૬૫૨૪
૭૮૭૮૮ ૮૮૯૦૫ / ૯૪૨૭૫ ૪૯૬૬૯

# પરિવર્તન એટલે

✍ શૈલેષ ક્રિસ્ટી

પરિવર્તન એ કુદરતનો નિયમ છે. આ દુનિયામાં પરિવર્તનથી બધુંજ બદલાય છે. પ્રત્યેક દિવસે ઉગેલ સૂરજ, આથમી ગયેલ સૂરજ કરતાં ભિન્ન હોય છે. એજ નદી એજ કાંઠા રોજ લાગે એકસા પણ ખ્યાલ ના આવે તે રીતે નીર બદલાયા કરે. આમ કુદરતનાં દરેક તત્ત્વમાં સતત પરિવર્તન જોવા મળે છે. કેટલાંક પરિવર્તન એટલાં સૂક્ષ્મ હોય છે કે ઝટ નજરે ચઢતાં નથી, નથી સમજાતાં. પણ જન્મથી મૃત્યુ સુધી, અભ્યાસથી કારકિર્દી સુધી, પ્રેમથી લગ્ન સુધી, ખોરાકથી પોષાક સુધી દરેક ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યાં છે.

એક સમયે ભૂતકાળમાં જે ચીજવસ્તુઓ જીવન માટે અત્યંત અનિવાર્ય લેખાતી હતી, તે આજે તેની અનિવાર્યતા અને અસ્તિત્ત્વ ગુમાવી ચૂકી છે. તેના સ્થાને નવા જ આવિષ્કારો અને પરિમાણો સપાટી ઉપર આવી ગયા છે.

ઘણાં લોકોને ખબર જ હોતી નથી કે બદલાવ કે ફેરફાર કરવો જરૂરી છે. આથી એ લોકો એના એ જ રહે છે. બદલાતા નથી જ્યારે કેટલાક બદલાવવા તૈયાર હોય છે ખરા પણ શું ફેરફાર કરવો, કેવી રીતે કરવો એ ખબર હોતી નથી. પરિણામે કરવા જાય કંસાર અને થઈ જાય થુલી એવો ઘાટ થાય છે.

કેટલાક લોકો નવું વિચારવા નવું સ્વીકારવા તૈયાર હોય છે, પણ જૂનું છોડવા તૈયાર હોતા નથી. ભવિષ્યમાં શું થશે એવો એક અજ્ઞાત ભય મનમાં હોય છે, આથી આવા લોકો રીતરિવાજ, સંજોગો અને પરિસ્થિતિ છોડવા તૈયાર હોતા નથી. પણ જો તેમને સમજાવવામાં આવે કે પરિવર્તનથી તેમને કોઈ નુકસાન થવાનું નથી તો તેઓ પરિવર્તન માટે રાજી થાય છે.

કેટલાક લોકો પરિવર્તનની અનિવાર્યતાને સમજે છે પણ પરિવર્તનને વાસ્તવિક રીતે સમજી શકતા નથી, જેમ દેડકામાં એક શક્તિ હોય છે તે પ્રમાણે દેડકો બહારના ઉષ્ણતામાન મુજબ પોતાના શરીરમાં જરૂરી ફેરફાર કરી શકે છે. જેમકે બહાર ઠંડુ કે ગરમ હોય તો તે એ રીતે પોતાના શરીરમાં ફેરફાર કરી શકે છે. બાહ્ય વાતાવરણ સાથે એકરૂપ થઈ શકવાની આ શક્તિથી દેડકો જાણકાર હોય છે.

હવે દેડકાને એક ઠંડા પાણીનાં વાસણમાં રાખી, આ વાસણને સ્ટવ ઉપર મુકીને ગરમ કરવામાં આવે ત્યારે દેડકો પોતાના શરીરના ઉષ્ણતામાનમાં ફેરફાર કરી લે છે. દેડકાને પોતાના જ્ઞાન અને સમજણ ઉપર ભરોસો હોય છે. પણ ધીમે ધીમે પાણી વધારે ગરમ થવા લાગે છે, ઉકળવા લાગે છે, ત્યારે દેડકાને થાય છે કે તે હવે હું સહન નહીં કરી શકું એટલે એ પાણીમાંથી બહાર કૂદી પડવા તૈયારી કરે છે. પણ એના શરીરમાં શક્તિ જ રહી હોતી નથી કે તે વાસણમાંથી બહાર કૂદી શકે, કારણ શરૂઆતમાં તેણે પોતાની બધીજ શક્તિ પાણી સાથે અનુકૂળ થવામાં ખર્ચી નાંખી. હવે તેનામાં એવી ક્ષમતા જ રહી નહોતી કે તે બહાર કૂદી શકે. પરિણામે દેડકો બચી શકતો નથી.

આપણી ચોપાસ સતત પરિવર્તન ચાલતું હોય છે. આ પરિવર્તન સાથે આપણે એડજસ્ટ થઈ જઈશું એમ માનીને આપણે દેડકાની જેમ ચૂપચાપ પડ્યા રહીએ છીએ, આપણને જૂની સમજ અને જ્ઞાન માટે એક ગર્વ હોય છે પણ જે પરિવર્તન થઈ રહ્યું હોય છે તેને આપણે સમજી શકતા નથી અને જ્યારે ખ્યાલ આવે છે ત્યારે આપણે બહાર કૂદી શકતા નથી. અને આપણો લોપ થાય છે.

પરિવર્તન બે ક્ષેત્રે જોવા મળે છે, એક કુદરતી કે બાહ્ય પરિવર્તન. કેટલાંક કુદરતી પરિવર્તન ઉપર કોઈ જાતનો કાબૂ જ હોતો નથી. કેટલીક બાબતો ઉપર આંશિક અંકુશ હોય છે. બીજું ક્ષેત્ર મનુષ્ય જીવનને સ્પર્શે છે તેવું સામાજીક કે અંગત પરિવર્તન. જેની ઉપર મનુષ્યનો અંકુશ હોય છે. પણ ભૂતકાળની કેટલીક ઘટનાઓ કે પ્રસંગો આપણે નથી બદલી શકતા.

વિશ્વમાં સતત બાહ્ય અને આંતરિક એમ બન્ને ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી ગયું છે. રાજકીય, સામાજીક અને અંગત એમ બધું જ બદલાઈ રહ્યું છે. એટલું જ નહીં આ બધાં જ પરિવર્તનો માનવ જીવનને પ્રભાવિત કરે છે, ત્યારે જો તમે ના બદલાવ કે તમારામાં ફેરફાર ન કરો તો વિકાસ થંભી જાય છે. ક્યારેક લોપ થવાની શક્યતા વધી જાય છે.

આ પરિસ્થિતિમાં પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા અને વિકાસ માટે દરેક વ્યક્તિએ પરિવર્તનની જવાબદારી સ્વીકારવી જ રહી. કેટલાક લોકો પરિવર્તન ઈચ્છે છે પણ સંજોગો અને પરિસ્થિતિને જ બદલવા ઈચ્છે છે. પોતે બદલાવવા તૈયાર હોતા નથી. કેટલાક એમ માને છે કે પ્રથમ, બીજા લોકોએ બદલાવવું જોઈએ, મારે બદલાવવાની શી જરૂર? પરિવર્તનની જવાબદારી તો મારી નથી? પરિવર્તનની જવાબદારી તો અન્યોની છે. આવી માનસિક્તા મોટા ભાગના લોકોની હોય છે. પરિણામે પરિસ્થિતિ બદલાતી નથી, જે ક્યારેક દેડકાની માફક જીવનના પ્રશ્નો ઉભા કરી દે છે. ઘણાં લોકોને સમજાવવામાં આવે ત્યારે સમજતા નથી કે પરિવર્તન માટે તૈયાર થતા નથી પણ જ્યારે કોઈ વિકલ્પ જ નથી રહેતો ત્યારે પરિવર્તન માટે તૈયાર થાય છે.

પરિવર્તન માટે તમને એ ખબર હોવી જોઈએ કે કઈ કઈ બાબતોમાં પરિવર્તન લાવવાનું છે, અને કેમ પરિવર્તન જરૂરી છે. વળી જે પરિવર્તન કરવું છે તે માટે ભીતર ઈચ્છાશક્તિ હોવી જોઈએ. જો તમે ઈચ્છતા જ નહીં હોવ તો ક્યારેય પરિવર્તન આવવાનું જ નથી, વળી પરિવર્તન કરવાની સૂઝ કે કાર્યપ્રણાલીથી તમે વાકેફ હોવા જોઈએ. આ ત્રણેય બાબતો થકી પરિવર્તન શક્ય બને છે. પરિવર્તન લાવવા માટે ઘણાં રસ્તાઓ હોય છે પણ અગત્યનો રસ્તો વિચારોમાં પરિવર્તન લાવવાનો છે. જો વિચારોમાં પરિવર્તન આવશે તો જ કાર્યમાં પરિવર્તન આવશે કારણ દરેક કાર્યના મૂળમાં એક વિચાર હોય છે. આમ, સમય સાથે તાલ મેળવીને પરિવર્તનને સ્વીકારવું જ રહ્યું. વળી આધુનિક સમયખંડમાં તો પરિવર્તન એકલું નથી આવતું તેની સાથે ઝડપ લઈને આવે છે.

આંખના પલકારામાં બધું બદલાઈ રહ્યું છે, પરિવર્તનમાં ઝડપ ન હોય તો તે ઉપયોગી સાબિત થતું નથી. પરિવર્તનમાં ઝડપ હોય તો જ તે ઉપયોગી અને લોકપ્રિય બને છે. એટલું જ નહીં જીવન ટકાવી રાખવા માટે મદદરૂપ બને છે.

પ્રાણીજગતમાં સિંહ પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે જ્યારે હરણ પાછળ શિકાર માટે દોડે છે, ત્યારે એમ જ વિચારે છે કે મારે સૌથી ધીમા દોડતા હરણ કરતાં વધારે ઝડપથી દોડવું પડશે, તો જ મને શિકાર મળશે, અને હું મારું અસ્તિત્ત્વ ટકાવી શકીશ. એ જ ક્ષણે હરણ એમ વિચારે છે કે, જો મારે મારું અસ્તિત્ત્વ ટકાવી રાખવું હશે તો જે સિંહ સૌથી વધુ ઝડપે દોડે છે, તેના કરતાં વધારે ઝડપથી દોડવું પડશે તો જ હું મારું અસ્તિત્ત્વ ટકાવી શકીશ.

આમ, વિકાસ અને પરિવર્તનની સાથે અસ્તિત્ત્વ અને જીવન ટકાવી રાખવા માટે ઝડપ અત્યંત અગત્યનું પરિબળ છે. આધુનિક સમયમાં જે પણ યંત્રોના આવિષ્કાર થયા છે તે કાર્ય ઝડપી અને સલામત બને તે દૃષ્ટિકોણથી થયા છે. વિજ્ઞાન અને અન્ય ઉપકરણો, સંદેશાવ્યવહાર, અને વાહનવ્યવહાર ક્ષેત્રે ઝડપનું આગવું મહત્ત્વ છે. ઇન્ટરનેટ અને અન્ય વિજાણું ઉપકરણોનાં ઉપયોગથી સમજાય છે કે ઝડપ કેટલું અગત્યનું પરિબળ છે. મોટાભાગનાં કાર્યો ઝડપી કરવા અને સમય બચાવવો એ આજના વિશ્વની વાસ્તવિક્તા છે. આમ, ઝડપ એ આધુનિક સમયનું વળગણ છે. જે લોકો ઝડપ સાથે તાલ મિલાવી શકતા નથી તે લોકો ઝડપથી પોતાનું અસ્તિત્ત્વ ગુમાવી બેસે છે જે લોકો ઝડપને સમજી શકતાં નથી તે લોકો ઝડપથી લોપ પામે છે. આ ઝડપ એ આજના વિશ્વની બીજી વાસ્તવિક્તા છે.

પ્રત્યેક જીવ અને પ્રત્યેક વ્યક્તિ પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા હરીફાઈ કરી રહી છે. હરીફાઈ બે પ્રકારની હોય છે એક અન્ય સાથેની અને બીજી સ્વ સાથેની. અન્ય સાથેની હરીફાઈમાં પ્રથમનું મહત્ત્વ ખૂબ છે. ઈતિહાસ પ્રથમ આવનારની જ નોંધ લે છે. તમે જોયું હશે કે ઓલમ્પિકની રમતોમાં પ્રથમ સ્થાન અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર વચ્ચે બહુ ઓછું અંતર હોય છે. આ અંતર ઇંચમાં માપવામાં આવે છે, પણ જે ઇનામ હોય છે તે ઇંચની સરખામણીમાં બહું મોટું હોય છે. જે લોકો બીજા કરતાં થોડું વધારે દોડે છે, બીજા કરતાં થોડું વધારે ટકે છે, બીજા કરતાં થોડો વધારે સંઘર્ષ કરે છે, બીજા કરતાં વધારે માર્કસ લાવે છે, બીજા કરતાં વધું કૌશલ્યોમાં પ્રવિણતા મેળવે છે તેઓ જ હરીફાઈમાં ટકે છે. આ આજના વિશ્વની ત્રીજી વાસ્તવિક્તા છે.

બીજી હરીફાઈ સ્વ સાથે હોય છે. હું ગઈકાલે હતો તેનાં કરતાં આજે વધારે કેવી રીતે મારાં કૌશલ્યો અને શક્તિમાં વધારો કરું? ગઈ કાલ કરતાં આજે સ્વયંને કેવી રીતે વધારે તીક્ષ્ણ બનાવું? સ્વ સાથેની હરીફાઈમાં સરખામણી નથી હોતી, નથી હોતી કોઈ માપણી. એમાં હોય છે પોતાનામાં સતત સુધારો કરવાની તીવ્ર ધખના. ક્યારેક અન્ય સાથેની હરીફાઈમાં તમે જીતી પણ જાવ પણ સ્વયં સાથેની હરીફાઈમાં હારી જાવ તો કોઈ અર્થ રહેતો નથી, પણ જો તમે સ્વયંને સમજીને જીતી લો છો તો પછી તમને કોઈ હરાવી શકતું નથી. કારણ આજે વિશ્વએ તકની તમામ બારીઓ ખોલી નાંખી છે. એ આજના વિશ્વની ચોથી વાસ્તવિક્તા છે.

આજે છે તે કરતાં ક્યારેય આટલી તક નહોતી. આ તકને તમારે ઓળખીને ઝડપી લેવાની છે. જીવનમાં જે કામ તમે આજે કરી શકો એમ છો તેને કાલ ઉપર હવે મુલતવી રાખવાનું લાસરીયાપણું તમારે છોડવું પડશે. જેમ વીતી ગયેલ સમય અને છૂટી ગયેલ તીર પાછું વાળી શકાતું નથી તેમ ગુમાવી દીધેલ તક ફરી મળતી નથી. તક એકજ વાર બારણું ખખડાવે છે. ફરી ક્યારેય એ તક તો આવતી જ નથી. તકને તમે ગુમાવો છો ત્યારે જ ખ્યાલ આવે છે કે આપણે તક ગુમાવી, તક હોય છે ત્યારે તક ઓળખાતી નથી. કાલ ઉપર મુલતવી રાખવાની ટેવ ભૂતકાળમાં નુકસાનકારક નહોતી પણ આજે નુકસાનકારક સાબિત થશે. કારણ તમે ના પાડો એટલે તમારી જગ્યા લેવા લોકો ઉભા જ હોય છે. આજે ગળાકાપ હરીફાઈ છે. આથી તક ઝડપતા તમારે શીખવું પડશે. જેમ લોખંડ ગરમ હોય તો હથોડો મારી દેવો જોઈએ. પણ જો લોખંડ ગરમ ન હોય તો હથોડો મારીને લોખંડને ગરમ કરવાની તક તમારા હાથમાં છે એ તમારે ભૂલવું ન જોઈએ, હવે તમે તક ઝડપો છો કે ગુમાવો છો એ બાબત ઉપર તમારું ભવિષ્ય નિર્માણ પામવાનું છે, કારણ એક વખત તમે તક ગુમાવો છો તો પછી ફરી મળતી નથી. તક મેળવવી એટલે નિર્ણય કરવો. જીવનમાં આપણે ચાર રીતે નિર્ણય કરતા હોઈએ છીએ. એક તો યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરીને તક ઝડપી લેતા હોઈએ છીએ, બીજું યોગ્ય સમય હોય પણ આપણે નિર્ણય ન કરીને કે મોડું કરીને તકને ગુમાવતા હોઈએ છીએ, ત્રીજું, યોગ્ય સમય ન હોય અને નિર્ણય પણ ન હોય ત્યારે પણ તક આપણાથી દૂર રહે છે. અને ચોથું, ભલે યોગ્ય સમય ન હોય પણ યોગ્ય નિર્ણય કરીને તક મેળવી લેતા હોઈએ છીએ. આમ, જ્યારે તમે તક ચૂકો છો ત્યારે તક નહીં પણ સફળતા ચૂકી જાવ છો. એ આજના વિશ્વની પાંચમી વાસ્તવિક્તા છે.

જીવનમાં જે પડકારો આવે છે તે પડકારોને પડકાર નહીં પણ એક તક તરીકે જુઓ. પરિવર્તનશીલ યુગમાં પડકારો, પ્રશ્નો અને સમસ્યાઓ તો રહેવાના, પણ પડકારોથી ડરી જઈએ તો અટકી જઈએ. પછી પ્રગતિ કરી શકાતી નથી કે નથી વિકસી શકાતું. પણ સમસ્યાઓને પડકાર માનીને પડકારવાથી જ ભીતર રહેલી શક્તિઓનો વિકાસ થાય છે. પડકારને પડકાર તરીકે નહીં પણ એક તક તરીકે જોવા જોઈએ. ચીની ભાષામાં તો જોખમ અને તકના સમન્વયને સંકટ કહેવામાં આવે છે. આ સંકટમાંથી જ તક ઉભી થાય છે. પડકારોને તકમાં ફેરવો. જીવનમાં તમે ડરની જે કલ્પનાઓ કરો છો, તેમાંથી ૯૮% કલ્પનાઓ તો ક્યારેય વાસ્તવિક જીવનમાં બનતી જ નથી. કેટલાક લોકો અજાણ્યા અને અણધાર્યા પડકારોથી પોતાની જાતને બચાવતા ફરે છે. તે લોકો જીવનથી વંચિત રહી જાય છે. એ આજના વિશ્વની છઠ્ઠી વાસ્તવિક્તા છે.

આથી એ ન ભૂલશો કે આ વિશ્વમાં આજે જે તક છે તે પહેલાં ક્યારેય નહોતી. પડકારોને પડકારીને તમે જો નહીં ઝડપી શકો તો ક્યાંય ફેંકાઈ જશો, કારણ તીવ્ર હરીફાઈ છે. અને હરીફાઈમાં ટકવા માટે ઝડપ અનિવાર્ય છે. અને ઝડપ નહીં કરો તો ક્યાંય પહોંચી નહીં શકો કારણ, બધું જ પરિવર્તનશીલ છે, આમ, આ સમયખંડ પણ કાળનાં ગર્ભમાં વિલીન થઈ ગયો. અને આપણાં જીવનમાં આપણે પરિવર્તનને સ્વીકારીએ. ●

# બે વડાધર્મગુરુઓને સંતની ગરિમા

✍ રાજેશ ક્રિશ્ચિયન

વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસે રવિવાર તા. ૨૭ એપ્રિલના સોહામણા દિને બે ભૂતપૂર્વ સ્વર્ગસ્થ વડાધર્મગુરુઓ જોન ત્રેવીસમા અને જોન પોલ દ્વિતીયને સંત તરીકે ઘોષિત કર્યા.

કેથલિક ધર્મસભામાં કોઈપણ વ્યક્તિને સંત તરીકે ઘોષિત કરવાની પ્રક્રિયાના મુખ્ય ચાર તબક્કા હોય છે. પ્રથમ, જે તે વ્યક્તિને સ્થાનિક કક્ષાએ 'ઈશ્વરના સેવક' તરીકે જાહેર કરાય છે. ત્યારબાદ આ પ્રક્રિયા રોમ ખાતે આરંભાય છે. અહીં તે વ્યક્તિને 'પૂજનીય' જાહેર કરવામાં આવે છે. છેલ્લા બે તબક્કામાં 'પુનિત' અને અંતે 'સંત' તરીકે પ્રસ્થાપિત કરવામાં આવે છે. આ પહેલાં તે વ્યક્તિની મધ્યસ્થી દ્વારા થતા ચમત્કારની પૂર્તિ કરવામાં આવે છે. ભૂતકાળમાં જે તે વ્યક્તિના મૃત્યુ અને સંત તરીકે જાહેર કરવા વચ્ચે પચાસ વર્ષનો સમયગાળો જરૂરી હતો. ૧૯૮૩માં પોપ જોન પોલ દ્વિતિયે આ સમયગાળો ઘટાડીને પાંચ વર્ષનો કર્યો હતો.

દિવ્ય દયાના પર્વના દિવસે દસ લાખથી વધુ અભૂતપૂર્વ માનવ મહેરામણ વચ્ચે પોપ ફ્રાન્સિસે લેટિન ભાષામાં જાહેરાત કરી, જોન ત્રેવીસમા અને જોન પોલ દ્વિતીયને સંત ઘોષિત કર્યા. આ ઐતિહાસિક ઘડીમાં ભૂતપૂર્વ માનદ્ વડાધર્મગુરુ પોપ બેનેદિક્ત સોળમાની હાજરીએ પણ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. પોતાના આગમન બાદ પોપ ફ્રાન્સિસે પોપ બેનેદિક્તનું અભિવાદન કર્યું હતું. યજ્ઞવેદીની બાજુમાં જ બંને સંતના પાવન અવશેષો - જોન ત્રેવીસમાની ત્વચા તથા જોન પોલ દ્વિતીયના લોહીના અવશેષ પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતાં. બંને સંતના વિશાળ પોસ્ટ્રેઈટ ચિત્રો સંત પીટર મહાદેવાલયની બહારની દીવાલ પર શોભી રહ્યાં હતાં. ભવ્ય ધાર્મિક વિધિમાં ૮૫૦ કાર્ડિનલ તથા બિશપોએ ભાગ લીધો હતો. ધર્મજનોની વિશાળ મેદનીને ખ્રિસ્તપ્રસાદ વહેંચવા ૭૦૦ પુરોહિતોએ સેવા આપી હતી. શ્રદ્ધાળુઓએ સંત પીટર મહાદેવાલયના મુખ્ય ચોકમાં આ ધાર્મિક પ્રસંગે હાજર રહેવા બાર-બાર કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પસંદ કર્યું હતું. તેમના મુખ પર ખુશી અને શ્રદ્ધાની અનેરી ઝલક જોવા મળતી હતી.

પોપ ફ્રાન્સિસે તેમના ઉદ્‌બોધનમાં બંને સ્વર્ગસ્થ વડાધર્મગુરુઓને વીસમી સદીના મહાન સપૂતો કહેવા સાથે પવિત્ર આત્માની સંગતે નીડરતાથી ધર્મસભામાં ફેરફાર લાવી, માતા ધર્મસભાને વધુ ચેતનવંતી બનાવનાર ગણાવ્યા હતા.

## સંત પોપ જોન ત્રેવીસમા

વડાધર્મગુરુ જોન ત્રેવીસમાને એક ક્રાંતિકારી પોપ ગણી શકાય. માતા-પિતાના કુલ તેર સંતાનોમાં ચોથા એવા એન્જેલો રોન્કોલીનો



જન્મ: ૨૫ નવેમ્બર ૧૮૮૧ના રોજ સોત્તોઈલ મોન્ટે, બર્ગામો ખાતે થયો હતો. નાનપણથી જ ધાર્મિક પ્રકૃતિવાળા એન્જેલોએ ૧૮૯૨માં સેમીનરીમાં પ્રવેશ લીધો, અને ૧૭ ઓગષ્ટ ૧૯૦૪માં ફ્રાન્સિકન સંઘમાં પુરોહિત દીક્ષા અંગીકાર કરી.

જ્યારે ૧૯૧૫માં ઈટલીએ વિશ્વયુદ્ધમાં ઝંપલાવી દીધું ત્યારે ફાધર એન્જેલો લશ્કરમાં દાખલ થયા. એક વર્ષ પછી તેમણે ફોજમાં પુરોહિત તરીકે સેવાઓ આપી અને સૈનિકોની ધાર્મિક જરૂરિયાતો પૂરી કરી. યુદ્ધની સમાપ્તિ પછી તેમણે 'વિદ્યાર્થીભવન'ની સ્થાપના કરી અને યુવાનોને પ્રેરણા પૂરી પાડી.

૧૯ માર્ચ ૧૯૨૫ના રોજ તેમને ધર્માધ્યક્ષ બનાવવામાં આવ્યા. ધર્માધ્યક્ષ અને ત્યારપછી મહાધર્માધ્યક્ષ તરીકે તેમણે ખ્રિસ્તીધર્મની અન્ય મંડળીઓ સાથે સંવાદ સ્થાપી ધાર્મિક એકતાનું વાતાવરણ ઊભું કર્યું હતું. ૧૯૨૮ના ધરતીકંપ વખતે તેમણે સતત હાજર રહી જરૂરી મદદ પૂરી પાડી હતી. ૧૯૩૪માં તેમની નિમણૂંક તુર્કી અને ગ્રીસના ધાર્મિક વડા તરીકે કરવામાં આવી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે યુદ્ધગ્રસ્તોને ખૂબ મદદ કરી હતી. ખાસ તો ધાર્મિકતાના નાતે સંખ્યાબંધ યહૂદીઓને વીઝા મંજૂર કરી દેશ છોડાવી તેમનો જીવ બચાવ્યો હતો. ૬ ડિસેમ્બર ૧૯૪૪ના રોજ પોપ પિયુષ બારમાએ તેમને પેરિસ ખાતે ન્યુઉંસીઓ - દેશના ધાર્મિક રાજદ્વારી વડા તરીકે નિમ્યા.

૧૨ જાન્યુઆરી ૧૯૫૩ના રોજ તેમને કાર્ડિનલ તરીકે બઢતી આપવામાં આવી.

પોપ પિયુષ બારમાના નિધન પછી ૨૮ ઓક્ટોબર ૧૯૫૮ના રોજ તેમને પોપ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા; અને તેમણે જોન ત્રેવીસમા નામ ધારણ કર્યું. વડાધર્મગુરુ તરીકે તેમના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન તેઓ વિશ્વની કેથલિક ધર્મસભાના 'ભલા ગોવાળ' તરીકે ખ્યાતિ પામ્યા. મૃદુભાષી પરંતુ હિંમતવાન તથા દૂરંદેશી અને સાદગીભર્યા આ પોપે છેવાડાના લોકો, ખાસ કરીને જેલમાં સબડતા કેદીઓ, માંદગીને બિછાને કષ્ટ વેઠતા બીમાર તથા અશક્ત અને વિશ્વના લોકો પ્રત્યે ચિંતા સેવી હતી.

પોન જોન ત્રેવીસમાએ બોલાવેલ બીજી વેટિકન પરિષદ માટે ધર્મસભા સદા તેમનું ઋણી રહેશે. કેથલિક ધર્મસભાની નિયમસંહિતા 'કેનન લો'ના પુનઃગઠન માટે તેમણે સમગ્ર વિશ્વના ધાર્મિક આગેવાનોની મિટિંગ બોલાવી. બીજી વેટિકન કાઉન્સિલ દ્વારા જ ધર્મસભામાં મુક્ત અને સ્વતંત્ર માનસિકતા પ્રવેશી. ધર્મસભામાં ધર્મજનોને પુરોહિત જેટલો જ હક્ક પ્રાપ્ત થયો. અને એક નવી દિશાના દ્વાર ઊઘડ્યાં. બિનખ્રિસ્તી પ્રજા વચ્ચે પણ સંવાદ અને સુમેળનું વાતાવરણ રચાયું.

૩ જૂન ૧૯૬૩ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું. પોપ જોન પોલ દ્વિતિયે ૩ સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ તેમને 'પુનિત' જાહેર કર્યા. અંતે ૨૭ એપ્રિલ ૨૦૧૪ના દિવસે પોપ ફ્રાન્સિસે જોન ત્રેવીસમાને સંત તરીકે ઘોષિત કર્યા.

## સંત પોપ જોન પોલ દ્વિતીય

૧૮ મે ૧૯૨૦માં પોલેન્ડ દેશમાં જોન પોલ દ્વિતીયનો જન્મ થયો હતો. ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી નાના. તેમનું નામ કેરોલ જોસેફ વોજત્યા હતું. નાનપણમાં કુટુંબના ભરણપોષણ માટે તેમણે પથ્થરની ક્વોરી અને કેમિકલ ફેક્ટરીમાં પણ કામ કર્યું હતું. ૧ નવેમ્બર ૧૯૪૬ના રોજ તેઓ પુરોહિત દીક્ષા પામ્યા હતા. ૪ જુલાઈ ૧૯૫૮ના રોજ તેઓ ધર્માધ્યક્ષ નિમાયા અને ૧૯૬૪માં મહાધર્માધ્યક્ષ અને ૧૯૬૭માં કાર્ડિનલ તરીકે નિમણૂંક પામ્યા. ધર્માધ્યક્ષ તરીકે તેમણે બીજી વેટિકન કાઉન્સિલમાં ભાગ લીધો હતો. ૧૬ ઓક્ટોબર ૧૯૭૮ના રોજ તેમને કેથલિક ધર્મસભાના વડાધર્મગુરુ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા.

પોપ તરીકે જોન પોલ દ્વિતીય સમગ્ર વિશ્વની બધી પ્રજામાં અત્યંત લોકપ્રિય થયા હતા. ટ્રાવેલીંગ પોપ તરીકે જાણીતા થયેલ જોન પોલે વિશ્વના ૧૨૯ દેશોની મુલાકાત લીધી હતી. તેમને સાંભળવા લાખોની મેદની ઉમટી પડતી. ધાર્મિક વાડાને તોડી તેમણે સર્વધર્મ સમભાવ અને સર્વ પ્રજા વચ્ચે સંવાદની નીતિ અપનાવી હતી. જોન પોલ દ્વિતીયે ધર્મસભામાં જુદાં જુદાં વર્ષની ઊજવણી શરૂ કરી હતી. તેમના ૨૭ વર્ષના કાર્યકાળ દરમિયાન મરિયમ વર્ષ, ખ્રિસ્તપ્રસાદ વર્ષ વગેરે ઉજવાયાં. ૨૦૦૦ની સાલની દ્વિસહસ્ત્રતાબ્દી વર્ષ તરીકે વિશ્વભરમાં ભવ્ય ઉજવણી થઈ. યુવાનો પ્રત્યે સદા આશાવાદી એવા જોન પોલે વિશ્વ 'યુવાદિન'ની પણ શરૂઆત કરી હતી. ગુલાબમાળાના પરમ ચાહક એવા પોપ જોન પોલ દ્વિતીયે ગુલાબમાળામાં 'પ્રકાશના મર્મ'ની શરૂઆત પણ કરાવી છે.

૩જી મે ૧૯૮૧ના રોજ તેમના ઉપર જાન લેવા ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. સંત પીટર મહાદેવાલયના ચોકમાં મહમદઅલી આક્કા નામે ધાર્મિક ઝનૂની વ્યક્તિએ તેમના પર હુમલો કર્યો, પરંતુ માતા મરિયમ પરની અડગ શ્રદ્ધાએ પોપને નવજીવન બક્ષ્યું. હોસ્પિટલમાં લાંબા સમય રહ્યા પછી ૧૯૮૩માં વડાધર્મગુરુએ જેલની મુલાકાત લઈ તેમના હુમલાખોરને ક્ષમા બક્ષી હતી. મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું, "મેં તેની સાથે જે વાતચીત કરી છે તે હંમેશાંને માટે ગુપ્ત રહેશે. મેં તેની સાથે મારા ભાઈની જેમ વાત કરી છે, અને તેને માફી આપી છે."

પોતાના કાર્યકાળમાં તેમણે ૧૩૩૮ વ્યક્તિઓને 'પુનિત' અને ૪૮૨ વ્યક્તિઓને 'સંત' તરીકે ઘોષિત કર્યા હતા. ઈ.સ. ૨૦૦૦ની સાલમાં તેમણે મારિયા ફોસ્ટિનાને સંત જાહેર કર્યા. અને પાસ્ખા પછીના પ્રથમ રવિવારને 'દિવ્ય દયા'ના પર્વ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. યોગાનુયોગ દિવ્ય દયાના રવિવારના પાવન પર્વે જ આપણને બે મહાન સંતો - જોન ત્રેવીસમા અને જોન પોલ દ્વિતીયની ભેટ મળી છે.

જોન પોલ દ્વિતીયે અસંખ્ય સામાન્ય લોકોને 'પુનિત' અને 'સંત' તરીકે માન્ય કર્યા હતા. તેઓ દૃઢપણે માનતા કે પવિત્રતા અને સંતત્વ એ દરેક સામાન્ય લોકોની પહોંચમાં જ છે. કેથલિક ખ્રિસ્તી તરીકે આપણા માટે પણ આશાનો સંચાર કે સાદું પવિત્ર જીવન જીવીને આપણે પણ સંત બની શકીએ. — અસ્તુ. ●



## રીટ્રીટ સેન્ટર – નગરા

# મે માસની નગરા - રાત્રિ આરાધનાની એક ઝાંખી.









વોલ્ટર, હેન્સલ અને કેલ્વીન... આપનો આભાર

## જૂન માસની આરાધના

**તારીખ : ૧૫–૦૬–૨૦૧૪**

**સમય: સવારે ૧૦:૦૦ થી સાંજના ૪:૦૦**

**જૂન, જુલાઈ અને ઓગષ્ટ માસ દરમિયાન વરસાદની ઋતુને ધ્યાનમાં લેતા આરાધના મહિનાના ત્રીજા રવિવારે રાખવામાં આવેલ છે જેની નોંધ લેવી.**

**સમય : સવારે ૧૦:૦૦ થી સાંજના ૪:૦૦ સુધી.**

વિશેષ નોંધ: – બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

– આરાધના માટે બસ કે અન્ય વાહનો લઈને તેમજ દૂરથી આવનાર શ્રદ્ધાળુ ભાઈ–બહેનોને વિનંતી કે અગાઉથી ફોન દ્વારા જાણ કરવામાં આવશે તો સવારે ચા–નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે.

રીટ્રીટ સેન્ટર – નગરા, નગરા રોડ, ખંભાત – ૩૮૮૬૨૦, ફોન નંબર : ૦૨૬૯૮-૨૨૩૨૫૬, ૯૫૧૦૯૦૩૭૪૦

## શાળા જીવન : ઉત્તરોત્તર પ્રગતિનો પંથ

### જવાબદારી :

ફાધર માર્વલન તાજેતરમાં એક કુટુંબની મુલાકાતે ગયા હતા. તેમણે દરવાજા પરનો બેલ વગાડ્યો. દસેક વર્ષની એક નાનકડી કિશોરી દોડી આવી. તેણે દરવાજો ઉઘાડ્યો. તેના મોઢા ઉપર મૃદુ હાસ્ય હતું અને એક હાથમાં અભ્યાસનું પુસ્તક. ફાધરે ઘરમાં પ્રવેશ કર્યો. ઘરમાં આઠેક વર્ષનો એક બાળક પણ હતો. ખૂણામાં એક ટેબલ-ખુરશી પર બેસી તે અભ્યાસમાં મગ્ન હતો.

"બંને ભાઈ-બહેન ઘરમાં એકલાં જ છો? તમારાં માતા-પિતા ક્યાં છે?" — ફાધરે પૃચ્છા કરી.

"મમ્મી-પપ્પા બંને ઓફિસે ગયાં છે. તેઓ બંને સાતેક વાગ્યે ઘેર આવશે. હું અને મારો ભાઈ પાંચ વાગ્યે સ્કૂલેથી છૂટીને ઘેર આવી જઈએ છીએ. અમે બંને સાથે મળી ઘરની સાફ-સફાઈ કરીએ છીએ. ત્યારપછી મમ્મી-પપ્પા ઘેર આવે ત્યાં સુધી અમારો અભ્યાસ કરીએ છીએ." મોટી કિશોરીએ જણાવ્યું. તેમની ધીરગંભીર વર્તણૂંક અને વ્યવહાર જાણી ફાધર ખુશ થયા.

વ્હાલાં કિશોરમિત્રો, તમારે પણ ઉપર જણાવ્યા પ્રમાણે બાળકો જેવી ધીરગંભીર પ્રકૃતિ કેળવવી જોઈએ. તમારી જવાબદારી પ્રત્યે સભાન રહેવું જોઈએ. આવું જવાબદારીભર્યું વર્તન તમને જીવનમાં સફળતા અપાવશે.

### સફળતાની ચાવી :

ડેવિસનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો. ઘણી મુશ્કેલીઓ વેઠીને તેના માતા-પિતા કુટુંબનું પાલન-પોષણ કરતાં હતાં. ગરીબાઈ હોવા છતાં તેમણે પોતાના બાળકોમાં આત્મવિશ્વાસ અને આશાનો સંચાર કર્યો હતો. સારો અભ્યાસ કરી કોલેજની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવી એવું સ્વપ્ન ડેવિસે સેવ્યું હતું.

ડેવિસ નાનપણથી જ ખૂબ તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થી હતો. મન લગાવીને અભ્યાસ કરતો. અભ્યાસ પ્રત્યેની તેની ધગશ જોઈ તેના શિક્ષકો પણ તેને માર્ગદર્શન આપતા. ખૂબ સારા ટકા સાથે તેણે કોલેજની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી. ડેવિસના આનંદની સીમા ન રહી. સફળતાની ચાવી બતાવતાં તેણે કહ્યું, —

પ્રેરણા + મહત્વાકાંક્ષા + મહેનત = ઈચ્છિત ફળની પ્રાપ્તિ.

### હૃદય - પ્રેમનું આશ્રયસ્થાન :

એક યુવાન અને યુવતી એકબીજાના પ્રેમમાં પાગલ હતાં. યુવકે યુવતી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે યુવતીએ આશ્ચર્ય ઊપજાવે તેવી માંગણી કરી. તેના ભાવિ ભરથારને એક જીવતું હૃદય લાવી આપવા તેણે શરત મૂકી. યુવતીની નિર્દયી માંગણીથી યુવકને આઘાત લાગ્યો. પરંતુ તે યુવતી સાથે લગ્ન કરવા માંગતો હતો. તેથી ગમે તે ભોગે તેણે શરત પૂરી કરવાનું નક્કી કર્યું.

દુઃખ અને આઘાત સાથે તે પોતાના ઘેર ગયો. તેની વૃદ્ધ માતા ઓરડામાં એક ખૂણામાં સૂતી હતી. યુવકના મનમાં વિચાર ઝબક્યો. તેણે છરો લઈ માતાનું હૃદય ચીરી કાઢી લીધું. હાથમાં ધબકતું હૃદય લઈ તેણે



તેની ગર્લફ્રેન્ડના ઘર તરફ દોટ મૂકી. રસ્તામાં પથ્થરની ઠોકર લાગતાં તે યુવક ગડથોલિયું ખાઈ ગયો, અને ભોંય ઉપર ચત્તાપાટ પડી ગયો. હાથમાં રહેલું માનું હૃદય ફંગોળાઈ જઈ થોડે દૂર જઈ પડ્યું. યુવક ઝડપભેર ઊભો થઈ ગયો અને હૃદય શોધવા લાગ્યો. તે હૃદય હજુ ધબકતું હતું. ત્યાં જ તેને એક અવાજ સંભળાયો. "મારા વ્હાલા દીકરા, હું અહીં છું. પણ તને ઠોકર વાગતાં પડી જવાથી વાગ્યું તો નથી ને?"

આ તો એક વાર્તા જ છે. પણ તેનો સંદેશ હૃદયના ઊંડાણમાં સંઘરી રાખવા જેવો છે. હૃદય તો પ્રેમનું જન્મસ્થાન છે. દિલમાંથી જ પ્રેમ, અનુકંપા, ચાહત, ત્યાગ અને દયાની સરવાણી વહે છે. માનું હૃદય પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ઉપરની વાર્તા પણ આ જ ભાવના દર્શાવે છે. પરંતુ ઈશ્વરનું હૃદય તો માતાના હૃદય કરતાં પણ વધુ પ્રેમાળ હોય છે. પણ ઈશ્વર કહે છે – "કોઈ સ્ત્રી પોતાના બાળકને ભૂલી જઈ શકે? પોતાના પેટના સંતાનને હેત કરવાનું ભૂલી જઈ શકે? કદાચ માતા ભૂલી જાય, પણ હું તને નહિ ભૂલું." (યશાયા ૪૯:૧૫) ઈશ્વરપિતાએ પ્રેમનો કેવો મહાન સંદેશ આપણને આપ્યો છે.

પ્રભુ ઈસુનું હૃદય પણ પ્રેમ અને દયાથી છલકાઈ ઊઠે છે. કોઈપણ વ્યક્તિને દુઃખી જોઈ તેમના હૃદયમાં અનુકંપા જાગે છે. માનવ માત્ર માટે તેમનું હૃદય સતત અવિરત પ્રેમ વહાવે છે. પ્રભુ ઈસુનું આવું પ્રેમાળ હૃદય ઈશ્વરપિતા તથા માતા મરિયમ તરફથી વારસામાં મળ્યું છે. જૂન માસમાં આપણી ધર્મસભા, નિષ્કલંક માતા મરિયમનું પવિત્ર હૃદય (૨૮ જૂન) અને પ્રભુ ઈસુના પૂજ્ય હૃદયનું પર્વ (૨૯ જૂન) ઉજવે છે. આ બંને પર્વો આપણા માટે દિલાસો અને આધાર છે. આથી જ આપણે ઘરમાં ઈસુના પૂજ્ય હૃદય અને માતા મરિયમના નિષ્કલંક હૃદયની છબીઓ રાખીએ છીએ.

અંગ્રેજી કિશોરમિત્ર Soldiers of God ના સ્થાપક ઈસુસંઘી પુરોહિત ફાધર પોલ વેન્શિકને નાનપણથી જ આ બંને હૃદય પ્રત્યે અપાર લાગણી અને શ્રદ્ધા હતાં. ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિના પ્રસાર માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા હતા.

આપણું આગવું સામયિક 'પાવનહૃદય દૂત' પણ ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે.

ફાધર વેન્શિકની જન્મ શતાબ્દીનું આ વર્ષ અને શતાબ્દી પૂર્ણ કરી ચૂકેલ અને વધુ વિકસી રહેલ 'દૂત' સાથે ચાલો આપણે પણ ઈસુના પાવન હૃદયની ભક્તિનો પ્રચાર-પ્રસાર કરીએ.




## આફતને અવસરમાં બદલો :

ચાર્લી આખી શાળામાં સૌથી ઠીંગણો વિદ્યાર્થી હતો. વર્ગમાં બીજા વિદ્યાર્થીઓ પણ ચાર્લીની વામન ઊંચાઈ જોઈ તેની મજાક કરતા. સહાધ્યાયીઓની ટીખળથી બચવા તે એક ખૂણામાં બેસી પુસ્તક વાંચ્યા કરતો. પછી તો ચાર્લીને વાંચનની આદત પડી ગઈ. શાળાની લાઈબ્રેરી તથા શહેરના બીજા ખ્યાતનામ પુસ્તકાલયમાં ચાર્લી પોતાનો સમય પસાર કરતો. લાઈબ્રેરીમાં તે પુસ્તકો વાંચતો તથા પુસ્તકો વ્યવસ્થિત ગોઠવવામાં તે લાઈબ્રેરીયનને મદદ પણ કરતો.

એક પ્રખ્યાત પુસ્તકાલયને સ્થાનફેરનો ઓર્ડર આવ્યો. નવી જગ્યા જૂના સ્થળથી લગભગ એકાદ કિલોમીટર દૂર હતી. ખૂબ સુંદર, વિશાળ જગ્યામાં સમગ્ર પુસ્તકાલયને ખસેડવાનું હતું. આટલા વિશાળ પુસ્તકાલયનું કેમનું સ્થળાંતર કરવું તેવી ચિંતા લાઈબ્રેરીયનને થઈ. પણ ચાર્લીએ મદદ કરવાનું બીડું ઝડપી લીધું. ચાર્લી તથા તેના સાથીઓએ સાયકલ પર જઈ નવા મકાનમાં બધાં પુસ્તકો ગોઠવી આપ્યાં.

લાઈબ્રેરીનો સમગ્ર સ્ટાફ ચાર્લીની મદદથી ખૂબ ખુશ હતો. થોડા વખત પછી લાઈબ્રેરીમાં આસિસ્ટન્ટ લાઈબ્રેરીયનની જગ્યા ખાલી પડી. મુખ્ય વ્યવસ્થાપકે આ પદ માટે સરકારી વિભાગમાં ચાર્લીના નામની ભલામણ કરી. અને ચાર્લીને સરકારી નોકરી મળી ગઈ. પોતાની શારીરિક ખામીને ચાર્લીએ તકમાં પલટી નાંખી.

## વિશ્વ પર્યાવરણદિન :

સમગ્ર વિશ્વ ૫ જૂનના દિવસે પર્યાવરણદિનની ઉજવણી કરે છે, તથા પર્યાવરણની રક્ષા માટે પ્રયાસ કરે છે. આધુનિકતા અને વિકાસની આંધળી દોટે આપણી આ સુંદર પૃથ્વી વિનાશના આરે ધકેલાઈ ગઈ છે. આ મનોહર ધરાને બચાવવા આપણા સહિયારા પ્રયાસની જરૂર છે.

વ્હાલાં કિશોરમિત્રો, શું તમે તૈયાર છો? એક વૃક્ષ જરૂરથી વાવજો અને તેની માવજત કરી ઉછેરજો.



## બાળમજૂરી :

વ્હાલા મિત્રો, શાળાએ જવા માટે તમારી પાસે દરેક સવલતો ઉપલબ્ધ હશે. પરંતુ શાળાએ જવાની ઉંમરે તમારાં જેવાં નાનકડા લાખો બાળકો બે ટંક ભોજન મેળવવા મજૂરી કરવા મજબૂર બને છે. આ એક શરમજનક હકીકત છે. ચાલો, આપણે બાળમજૂરી રોકવા નિશ્ચય કરીએ. વ્હાલાં કિશોરમિત્રો, તમારી શાળામાં ભણતાં ગરીબ બાળકને મદદ કરશોને?



## પ્રાર્થનાની શક્તિ :

શાળામાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ. સ્પર્ધાનો વિષય હતો – 'મારો મનપસંદ વિષય'

બધાં બાળકોએ અલગ અલગ વિષય પર તૈયારી કરી ભાષણ આપ્યું. કોઈક રમતગમત પર બોલ્યું તો કોઈક વિજ્ઞાન પર. એક વિદ્યાર્થી રાજકારણ પર, તો એક કિશોરી પર્યાવરણ પર બોલ્યાં.

આર્યેય અને બાબુએ 'પ્રાર્થના' વિષય પસંદ કર્યો. 'પ્રાર્થનાની શક્તિ' પર તેમણે સુંદર ચિંતનાત્મક ભાષણ આપ્યું. બંને બાળકોને તેમનાં માતા-પિતાએ રોજ સાથે પ્રાર્થના કરવાની ટેવ પાડી હતી. તેઓ રોજ આ પ્રમાણે પ્રાર્થના કરતાં "હે સનાતન પરમેશ્વર, સમગ્ર વિશ્વના પાલનહાર, અમારી તથા સમગ્ર વિશ્વની બધી પ્રજા ઉપર તમારી અમીદૃષ્ટિ વરસાવો. અમને તમારા સામર્થ્યનો અનુભવ કરાવો. આમીન."

## જૂન માસના મહત્વના દિવસો :

૧ જૂન - બાળ સુરક્ષાદિન
૫ જૂન - વિશ્વ પર્યાવરણદિન
૧૫ જૂન - ફાધર્સ ડે (જૂનનો ત્રીજો રવિવાર)
૨૦ જૂન - વિશ્વ નિરાશ્રિતદિન
૨૬ જૂન - માદક પદાર્થ વિરોધદિન
૩૦ જૂન - શ્વસુરદિન

## ધર્મસભાના મહત્વના દિવસો :



૧ જૂન - પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ
૮ જૂન - પવિત્ર આત્માનું પર્વ
૧૧ જૂન - સંત બાર્નાબાસ
૧૩ જૂન - પાડુવાના સંત અંતોન
૧૫ જૂન - સચ્ચિદાનંદનું પર્વ
૨૧ જૂન - સંત આલોઈસ ગોંઝાગા
૨૨ જૂન - લેઈટી સન્ડે (ધર્મજન રવિવાર)
૨૪ જૂન - સ્નાનસંસ્કારક યોહાન
૨૮ જૂન - નિષ્કલંક માતા મરિયમનું પવિત્ર હૃદય
૨૯ જૂન - ઈસુના પરમપૂજ્ય હૃદયનું પર્વ
૩૦ જૂન - સંત પીતર અને પાઉલ

**email : rajesh.christian@yahoo.co.in**

# Soldiers of God

June, 2014

Recently I visited a family. I rang the calling-bell. A little 10 year old girl, with a book in one hand, rushed and opened the door. She had a charming smile. I stepped in. To my great surprise, there was only one more person, a boy about 8 years old, sitting quietly and studying very seriously there. “Are you both alone here? Where are your parents?” I asked them curiously.

“Our parents are working in a private Company. They will return home only at about seven in the evening. But my younger brother and myself come home from school before five o’clock every day. So we clean the house, have some snacks, and study till our parents return home!” The girl so spontaneously shared with me. I was really touched by their responsible behavior. Dear loving kids,. you should have the same responsibility as these two children. RESPONSIBILITY gives you the ability to achieve.

How responsible are you at home, in the school, at other places ? Reflect.

RESPONSIBILITY

Construction work of a massive building was going on in full swing. All the workers were seriously busy in their own sections. An elderly traveller happened to pass by that spot. He asked a few workers what they were doing. The first one said, “Sir, I am just breaking stones for my livelihood!”.

The second one said, “I am constructing a pillar of a palatial building!” The third one very emphatically said, “Along with many others I am constructing a cathedral!” The same work, but seen so differently!

Think big; let your target be nothing short of the sky.

Davis was born to ordinary parents. They just managed to eke out a living. But, both of them inspired hope and confidence in their children. Davis developed an ambition to get the highest degree in the University. Ever since his childhood he was known for his hard work. Seeing his earnestness and effort his teachers and professors encouraged him and guided him in the right direction. As soon as he got his degree he was filled with happiness and gratitude. He forges on . . .



A young man loved a girl. She put an inhuman condition for their marriage. She told her would- behusband that he should bring her a live human heart He was really shocked at this most irrational demand.But, still, he wanted to marry her by all means bycomplying with her wish.

Pained and perplexed, he reached home. His aged mother was sleeping in a room. Something flashed in his mind. He took a knife and removed the heart of his mother. Holding it in his hand, he rushed to his girl-friend. He stumbled over a stone and fell down. The heart in his hand fell at a distance. It was throbbing. He got up hurriedly and looked around for the heart. He heard a voice saying, "Son, I am here only, but see whether your legs and hands are hurt!" This is a folk-tale. It's message is deep, rich. The heart is the seat of love, affection, concern, sacrifice and sympathy. Normally a mother's heart is cited as the perfect example of love, etc... It is absolutely true. The story above proves that. But, God says that He loves us more than a mother, even if the mother forgets the child of her womb He will not forget us. What a beautiful and consoling message God has given us! The Heart of Jesus was simply filled with all affection, love, etc ... His heart was melting at the very sight of suffering of any sort. It was really moved whenever Jesus had noticed anybody in pain or in injustice. His Heart was always vibrating with humaneness. He inherited this from His heavenly Father and Virgin Mother. The Sacred Heart of Jesus (Feast :27 June) and the Immaculate Heart of Mary (Feast: 28 June) are our treasures and sources of solace and

strength. This is why we have installed these pictures and enthroned the Sacred Heart image

in our homes. Rev.Fr.P.Wenisch, S.J., the founder of 'Soldiers of God'




monthly, was an ardent devotee from his infancy and a vibrant promoter of the devotion to the SacredHeart all through his life. As we are celebrating his birth-centenary let us renew this devotion and draw more spiritual fruit and develop better relationship.

TURN OBSTACLES INTO OPPORTUNITIES

1. 'Where do you come from?' who asked whom?
2. What do 'the seven good years' symbolise?
3. At what age did Joseph die?
4. Who is 'a fruitful bough by a spring'?
5. Where did Joseph weep?
6. In whose sack the cup was found?
7. Where was Rachel buried?
8. With what was live-stock exchanged?
9. To whom were 5 sets of garments given?
10. How many persons belonged to Jacob's household?

BIBLE QUIZ / COMPETITION

"World Environment Day" calls for a committed, concerted, collective effort to save creation. Am I ready and willing?

## "World Environment Day

June 5"



While you all have the fortune and opportunity to study, millions of children the world over are labourers. Child labour is a national shame in India. Can I raise my voice against

## Child Labour? Am I ready to help the poor children in my school?

PRAYER IS POWER



There was an announcement in the school:
"CHOOSE YOUR FIELD OF INTEREST". Children arose to the occasion. Each one chose and expressed immediately and jubilantly his/her area of interest and involvement. Arthey and Babu opted for PRAYER.. Yes, at this
young age, they got the inspiration that PRAYER IS POWER . They were taught at home to pray fervently and incessantly. "Oh God, our loving Father-Mother, bless us all and the universe and fill us with your power and success!"

SIMPLE FORMULA

INSPIRATION + AMBITION+ HARD WORK = ACHIEVEMENT

OOBBSSTTAACCLLEESS. I N T O OOPPPPOORRTTUUNNIITTIIEESS

Charlie was the shortest boy in his school. Naturally he became the butt of the jokes of the class. His physical limitation made a new opening in his school life.
Instead of reacting or quarreling with his teasing classmates he started to read books. This habit led him to the school library and then to other public libraries. In the libraries, besides his usual reading, he used to help the librarians in ordering the books.



All on a sudden, one day, the librarian of a particular library was informed that the library would be shifted to a new building, nearly one kilometer away. The librarian was in a fix. Knowing his dilemma Charlie volunteered to shift all the books with the assistance of his friends. He hired a few bicycles and with interest and enthusiasm they carried all the books to the new building. Everybody connected with that library was overjoyed at the boys' enthusiasm. There arose a vacancy in that library. The Librarian and others recommended Charlie for that post, to the

Director of Government libraries. Needless to say, Charlie was appointed Assistant Llibrarian.

# ક્ષમા બક્ષવી એ ઈસુના અનુયાયી બનવાની કિંમત છે

✍ અનુ. ધર્મબંધુ થોમસ પીટર એમ.સી.




પુરોહિત લોરેન્સ જેન્કો બિરૂટ લેબેનનના કેથોલિક રીલીફ સર્વિસના પ્રોગ્રામ ડિરેક્ટર હતા. ૧૯૮૫ની ૭ જાન્યુઆરીએ શિયા મુસ્લિમ દ્વારા તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. તેમને ૫૬૪ દિવસ કારાવાસમાં બંધક બનાવી રાખ્યા હતા. તેમણે તેમના પુસ્તક 'બાઉન્ડ ટુ ફોરગીવ' માં તેમની વેદના, ભય, એકલતા અને સતામણીનું વર્ણન કરેલું છે. આ પુસ્તક વાંચનારને આશ્ચર્ય થાય છે. આ બધી વેદના, સતામણી ભયમાં ફા. જેન્કો કેવી રીતે જિવીત રહી શક્યા. આ કરતાં પણ બીજું એક આશ્ચર્ય એ ફા. જેન્કોની ક્ષમા બક્ષવાની શક્તિ. (તેમને સતાવનારને).

એક સંવાદદાતાએ આ પુસ્તક વાંચ્યા પછી ફા. જેન્કોને પ્રશ્ન કર્યો, 'તમને સતાવનારને ક્ષમા બક્ષવાની શરૂઆત ક્યારથી કરી?' જેન્કોએ જવાબ આપ્યો, "બંધક બનાવ્યાના પહેલા દિવસથી જ." એક સમયે તેમને લાગ્યું કે તેઓ કારાવાસમાં મૃત્યુ પામશે. મરણના સમયે ઈસુએ ક્રૂસ ઉપર ઉચ્ચારેલું વાક્ય 'પિતા તેમને ક્ષમા બક્ષો, કારણ કે તેઓ જાણતા નથી કે તે શું કરે છે' તેમના હોઠ ઉપર હતું.

આવી વિકટ પરિસ્થિતિમાં સામનો કરવાની શક્તિ ક્યાંથી મળે છે? આવી શક્તિ પ્રભુ ઈસુ દ્વારા મળે છે કે જેઓએ માણસોના તારણ માટે પોતાનું જીવન ક્રૂસ ઉપર સમર્પિત કર્યું.

જ્યારે વ્યક્તિઓ કહે છે 'ક્ષમા બક્ષો અને ભૂલી જાઓ.' આવું કહેવું સહેલું છે, પરંતુ અમલમાં મૂકવું અઘરું છે. ફા. જેન્કો આ વિશે સમજાવતાં કહે છે, અમુક પરિસ્થિતિ, ગુના ભૂલવા માટે સહેલું નથી. તેઓ પણ તેમને સતાવનારના અમુક ગુનાઓ યાદ કરે છે, કારણ કે ભગવાને આપણને યાદશક્તિ આપી છે.

ફા. જેન્કો કહે છે, 'શ્રદ્ધાનો સાર પ્રેમમાં છે'. 'ક્ષમાનું કેન્દ્રબિંદુ પ્રેમ છે.' આવો ક્ષમા બક્ષવાનો અનુભવ બીજી વ્યક્તિઓને જણાવતાં તેમના હૃદયને સ્પર્શી શકે છે. આવા અનુભવની વાત કરતાં ફા. જેન્કો એક ઉદાહરણ આપે છે. બે સગી બહેનોને ઘણાં સમયથી એકબીજા સાથે અબોલા હતા. બંને બહેનો નિયમિત રીતે દેવળ જતી હતી. પરંતુ પાસે પાસે બેસતી ન હતી. કારણ શાંતિશુભેચ્છા વખતે તેઓ એકબીજાને શાંતિ ઈચ્છવા માગતી ન હતી. પરંતુ દયાળુ ભગવાને તેમને એકબીજાને ક્ષમા બક્ષવાની શક્તિ અને કૃપા બક્ષી. તેમના અબોલા દૂર કર્યા.

કુમારી લિન્ડા સ્કુર્બટ તેમના પુસ્તક "True confession"માં ક્ષમા બક્ષવાની ઘટનાનું વર્ણન કરે છે. તેણીનો પતિ બીજી સ્ત્રી સાથે ભાગી જઈ જ્યારે ઘરે પાછો આવે છે ત્યારે લિન્ડાની મા તેના પતિને આવા કસોટીના સમયમાં ક્ષમા આપવાનું જણાવે છે, જે ખરેખર મુશ્કેલ હતું, તેમને પાછા ઘરમાં આવકારવાનું સહેલું ન હતું. પરંતુ ઈસુની કૃપા અને શક્તિથી તે તેના પતિને ક્ષમા બક્ષી શકી, ઘરમાં આવકાર્યા, લિન્ડાની માને તેના પતિ પ્રત્યે એટલી ઘૃણા ઉત્પન્ન થઈ કે તે તેમનાથી દૂર જવા માંગતી હતી. પરંતુ તેણે તેના અંતરઆત્મામાં ઈસુનો અવાજ સાંભળ્યો, 'તેને મારા પ્રેમથી પ્રેમ કર, તેને મારી ક્ષમાથી ક્ષમા બક્ષ'.

ભગવાનનો પ્રેમ અને ક્ષમા આપણા પ્રેમ અને ક્ષમા કરતાં ઘણાં ઊંચા છે, પ્રભુ આપણા પ્રેમાળ પિતા છે. 'પ્રેમ પારકાના અપરાધને ગણગણ કરતો નથી.' (૧ કરિંથ ૧૩:૫). લિન્ડાની માની તેના પતિ માટેની સતત પ્રાર્થના, પ્રેમ કરવાના પ્રયત્ને તેના પતિના મરણ સમયે તેનું દિલ જીતી લીધું. પોતાના પાપ માટે ક્ષમા માંગી, ઈસુનો સ્વીકાર કર્યો.

ઈસુ આપણને તેના જેવા બનવા અને પ્રેમ કરવાનું આમંત્રણ આપે છે. જોન પુલ્ફ OSF ક્ષમાની વ્યાખ્યા આપતાં કહે છે, "ક્ષમા એક એવું કાર્ય છે કે જેના દ્વારા વ્યક્તિ પવિત્રતામાં પ્રવેશ કરે છે." વ્યક્તિ ઈસુના સંતાન બની તેના સંતાન જેવું કાર્ય કરે છે. વ્યક્તિને બીજાને ક્ષમા બક્ષવાની શક્તિ અને કૃપા ઈસુ દ્વારા મળે છે. આપણે શા માટે બીજાને ક્ષમા આપીએ છીએ? પુરોહિત જેન્કો કહે છે "ક્ષમા બક્ષવી એ ઈસુના અનુયાયી બનવાની કિંમત છે."

જો તમે બીજાને ક્ષમા આપશો તો પરમપિતા પણ તમને ક્ષમા આપશે. જો તમે બીજાને ક્ષમા નહિ આપો તો પરમપિતા પણ તમને ક્ષમા નહિ આપે. જ્યારે આપણે બીજાને ક્ષમા આપીએ છીએ ત્યારે આપણે કોઈ બીજા પ્રત્યે મહેરબાની કરતા નથી, પરંતુ આપણે આપણી જાતને ઘૃણાની ભાવનાથી મુક્ત કરીએ છીએ. ભગવાન આપણને ક્ષમા બક્ષવા ઈચ્છે છે. તેની નજીક લાવવા ઈચ્છે છે. ઉડાઉ દીકરા સાથે આવું જ થયું હતું. જે સમયે તેણે તેની ભૂલની કબૂલાત કરી ત્યારે પિતાએ તેને આલિંગન આપી તેને સ્વીકાર્યો. આપણે પણ આ બીજાને ક્ષમા આપવાની કૃપા માગીએ, બીજાને ક્ષમા બક્ષીએ. ●

— સાભાર પ્રિઝન વોઈસ

# આઘાતના શુભ પ્રત્યાઘાત

✍ જેકબ સીલ્વેસ્ટર મેકવાન

આલ્ફ્રેડ નોબેલ, સ્વીડન દેશનો એક ધનવાન ઉદ્યોગપતિ હતો, જેણે 'ડાયનેમાઈટ' નામના પ્રચંડ સ્ફોટક પદાર્થની શોધ કરી હતી. ખાણો ખોદવામાં, બોગદું બનાવવા માટે પહાડો તોડવામાં તેમજ સૌથી વધારે બંદૂક જેવાં જીવલેણ હથિયારોની ગોળી અને લડાઈમાં વપરાતા તોપગોળા બનાવવામાં ડાયનેમાઈટનો વિસ્તૃત પ્રમાણમાં ઉપયોગ થાય છે. નોબેલની માલિકીવાળી ૯૦ જેટલી કંપનીઓએ આ યુદ્ધ સરંજામનું મોટા પાયા ઉપર ઉત્પાદન કરી, દુનિયાભરના દેશોને તેનું વેચાણ કર્યું અને તેના નફાથી નોબેલ કરોડપતિ બની ગયો.

૧૮૮૮માં આલ્ફ્રેડના ભાઈનું આકસ્મિક મૃત્યુ થયું ત્યારે કોઈ ગેરસમજને લીધે (તેનો ભાઈ એટલો મશહૂર ન હતો) ગૂંચવાડો પેદા થયો અને દેશવિદેશનાં ઘણાં અખબારોએ ભૂલથી આલ્ફ્રેડ નોબેલના મૃત્યુના સમાચાર છાપ્યા. એક ફ્રેન્ચ અખબારે તેની મૃત્યુનોંધ આ મથાળા હેઠળ છાપી:

(મોતના સોદાગરનું મરણ થયું.) તે નીચે લખવામાં આવ્યું હતું કે "આલ્ફ્રેડ નોબેલ જે વધુથી વધુ લોકોને જલ્દીથી મોતને ઘાટ ઉતારવાના ઉપાય શોધવાથી ધનવાન થયો તે કાલે મરણ પામ્યો."

આલ્ફ્રેડ જે જીવંત હતો તેને પોતાના મૃત્યુના સમાચાર વાંચી ઘણો આઘાત પહોંચ્યો અને પોતાને 'મોતના સોદાગર'નું બિરૂદ મળતાં તેનું હૃદય હચમચી ગયું. આ સંબંધી ગંભીર આત્મવિલોકન કર્યા પછી ૧૮૯૫માં પેરિસમાં ભરાયેલા સ્વીડીશ-નોર્વેજીયન ક્લબના સંમેલનમાં સર્વ સભ્યોની હાજરીમાં નોબેલે પોતાના આખરી 'વીલ' - વસિયતનામા ઉપર હસ્તાક્ષર કર્યા, જેમાં તેની મોટાભાગની પૂંજીમાંથી એક ભંડોળ સ્થાપવાની અને તેના જમા થતા વ્યાજમાંથી વિશ્વસ્તરે નોબેલ પ્રાઈઝ બક્ષવાની જાહેરાત કરી. હજી પણ દર વર્ષે કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને મેડિસિન ક્ષેત્રમાં નોંધપાત્ર શોધ માટે તેમજ અર્થશાસ્ત્ર, સાહિત્ય અને શાંતિપ્રચારના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓની કદર કરતાં નોબેલ પ્રાઈઝ આપવામાં આવે છે. ભારતદેશના શ્રી રવિન્દ્રનાથ ટાગોર (સાહિત્ય), અમરત્યસેન (અર્થશાસ્ત્ર) અને મધર ટેરેસા (શાંતિ) નોબેલ પ્રાઈઝ વિજેતા છે.

આવો આકસ્મિક આઘાત કોઈ કોઈ વખત દુઃખની સાથે પ્રેરણાનું પણ કારણ બની શકે છે. મહાત્મા ગાંધી, બ્રિટિશ બેરિસ્ટર હોવા છતાં, ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સ્વાલ પ્રાંતમાં પ્રીટોરીયા જતાં રેલગાડીના પ્રથમવર્ગના ડબ્બામાંથી પહેલા વર્ગની ટિકિટ હોવા છતાં રેલવે અધિકારીઓએ ધક્કા મારીને ઉતારી પાડ્યા હતા. આ તેમની શ્યામવર્ણની ચામડીને કારણે. તેમનો સામાન પણ બહાર ફેંકી દેવામાં આવ્યો. આ દુઃખદ અનુભવના આઘાતને કારણે ગાંધીજીની રંગભેદ સામેની લડતનો નિર્ધાર મજબૂત થયો, અને તેમની સાથે થયેલા ક્રૂર વર્તાવની સામે અહિંસાનું સાધન અપનાવી તેમણે ભારતને વિલાયતી જોહુકમથી બચાવી સ્વાતંત્ર્ય સંપન્ન કરાવ્યું.

બાઈબલમાં લખાયેલી સંત પાઉલની કથા તેમના ૧૮૦ ડિગ્રીના હૃદયપલટાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તાર્સસ શહેરનો શાઉલ યહૂદી હોવા છતાં રોમન સામ્રાજ્યનું નાગરિકત્વ ધરાવતો હતો, અને જેરુશાલેમ ખ્રિસ્તીઓના જૂથના નેતા સ્તેફાનને યહૂદીઓ દ્વારા પથ્થરમારાથી મોતના દૃશ્યમાં રાચી રહ્યો હતો અને તેના સમર્થનમાં સાક્ષી પૂરાવી હતી. તે પછી તેણે ખ્રિસ્તીઓની સતામણી કરવાનું બીડું ઝડપ્યું અને જેરુશાલેમના નેતાઓ પાસેથી સીરીયા ભાગી ગયેલા ખ્રિસ્તીઓની દમાસ્કસમાંથી ધરપકડ કરવા માટેના 'ઓથોરિટી લેટર' લઈ દમાસ્કસ જવા ચાલી નીકળ્યો. પણ રસ્તામાં જ તેને એક અનોખો અનુભવ થયો, જેણે ખ્રિસ્તી ધર્મનો આખો ઈતિહાસ બદલી નાખ્યો. બાઈબલના નવા કરારનું પુસ્તક "પ્રેષિતોનાં ચરિતો"માંથી નીચેનું અવતરણ ટાંકું છું. (પ્રે.ચ. ૯:૩-૧૬)

"તે પ્રવાસ કરતો કરતો દમસ્ક નજીક આવ્યો. ત્યાં અચાનક આકાશમાંથી પ્રકાશનો એક ઝબકારો તેને ઘેરી વળ્યો. તે જમીન પર પડી ગયો ત્યાં જ તેને અવાજ સંભળાયો." શાઉલ, શાઉલ તું શા માટે મને રંજાડે છે?

શાઉલે પૂછ્યું, 'પ્રભુ, આપ કોણ છો?'

અવાજે કહ્યું, 'હું ઈસુ છું, જેને તું રંજાડે છે. પણ ઉઠ, અને શહેરમાં જા, અને તારે શું કરવું એ તને કહેવામાં આવશે.'

એની સાથે પ્રવાસ કરતા માણસો તો અવાક્ થઈ ગયા, તેમણે અવાજ સાંભળ્યો હતો પણ કોઈ માણસને જોયો નહોતો. શાઉલ જમીન ઉપરથી ઊભો થયો, પણ જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે તે કશું જોઈ શકતો નહોતો; એટલે લોકો તેને હાથ પકડીને દમસ્ક લઈ આવ્યા. ત્રણ દિવસ સુધી તે આંધળો રહ્યો અને તેણે ન કશું ખાધું કે ન કશું લીધું.

હવે દમસ્કમાં હનનિયા નામે એક શિષ્ય રહેતો હતો, પ્રભુએ તેને દર્શન દઈને કહ્યું, 'હનનિયા!' તે બોલ્યો, 'હાજર છું, પ્રભુ'.

પછી પ્રભુએ તેને કહ્યું, 'તું ઊભો ઊભો 'સીધી' નામની ગલીમાં જા અને યહૂદાને ઘેર તાર્સસના શાઉલ નામના માણસની તપાસ કર. તે અત્યારે પ્રાર્થના કરી રહ્યો છે અને તેને એક દિવ્યદર્શન લાધ્યું છે, તેમાં તેણે હનનિયા નામના માણસને આવીને પોતાને દેખતો કરવા પોતા ઉપર હાથ મૂકતો જોયો છે.'

હનનિયાએ કહ્યું, 'પ્રભુ, એ માણસે યરુશાલેમનાં તમારા ભક્તો ઉપર જે જે સિતમ ગુજાર્યા છે તે વિષે મેં ઘણા માણસો પાસે સાંભળ્યું છે. અને અહીં પણ જે કોઈ તમારું નામ લે તે સૌને બંધનમાં નાખવાની એણે મુખ્ય પુરોહિતો પાસે સત્તા મેળવી છે.'

પણ પ્રભુએ તેને કહ્યું, ‘તું તારે જા, કારણ, વિધર્મી લોકો અને તેમના રાજાઓ આગળ તેમજ ઈસ્રાયલની પ્રજા આગળ મારું નામ પ્રગટ કરવા મેં એને મારા સાધન તરીકે પસંદ કરેલો છે. હું પોતે તેને બતાવીશ કે મારા નામ ખાતર એણે કેટકેટલું ભોગવવાનું છે.’

આથી હનનિયા ગયો અને ઘરમાં જઈને શાઉલ ઉપર પોતાના હાથ મૂકીને બોલ્યો, ‘શાઉલ, મારા ભાઈ, પ્રભુએ – અહીં આવતાં રસ્તામાં તને જેમણે દર્શન દીધાં હતાં તે ઈસુએ – તું ફરી દેખતો થાય અને તારામાં પવિત્ર આત્માનો વાસ થાય એ માટે મને મોકલ્યો છે.’ અને તેજ ક્ષણે શાઉલની આંખો ઉપરથી જાણે પડળ ખૂલી ગયા અને તે દેખતો થઈ ગયો. પછી તેને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો. ત્યારપછી તેણે ખોરાક લીધો એટલે તેને શક્તિ આવી.”

આ પછી શાઉલ જે હવે પાઉલના નામે ઓળખાવા લાગ્યો તે યહૂદીઓને અને ગ્રીકભાષી બીનયહૂદી આગળ ઈસુ એજ પ્રભુ પુત્ર છે અને ખ્રિસ્ત મસીહ છે એમ પ્રચાર કરવા લાગ્યો, અને ખ્રિસ્તીઓના કટ્ટર વિરોધીમાંથી ખ્રિસ્તી ધર્મનો ખંતીલો પ્રચારક થઈ ગયો.

પીડાકારી આઘાત આપણા સૌના જીવનમાં સામાન્ય છે, પણ મોટા ભાગના લોકો તેના પ્રત્યાઘાત તરીકે ક્રોધનો અનુભવ કરે છે. બહુ જૂજ લોકો સ્વાવલોકન કરીને તેમાંથી કોઈ પાઠ શીખવાનો પ્રયત્ન કરે છે. માણસ જ્યારે પૈસા અને સત્તાના ગર્વથી આંધળો થઈ જાય છે અને પ્રભુને ભૂલી જાય છે, ત્યારે તેને સભાન કરવા માટે પ્રભુ તેને એક આંચકો આપે છે. કોઈ કોઈ વાર જોરથી તમાચો અથવા લાત મારે છે. (અકસ્માત, રોગ, હાર્ટ અટેક, સ્ટ્રોક કે પેરાલીસીસના રૂપમાં) જેથી તેને ભાન થાય કે તેની વિસાત કેટલામાં છે. આ વખતે ક્રોધને બદલે નમ્રતાથી પાઠ શીખવા માટે વિચારમંથન કરીએ, અને પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી તેની કૃપા અને દોરવણીની પ્રાર્થના કરીએ. તેનાથી એક નવી જ મનોવૃત્તિ સાકાર થાય છે અને તેના પરિણામે એક ઉમદા વ્યક્તિત્વ (સંત પાઉલ જેવું) ઉપસ્થિત થાય છે. શાઉલની જેમ પ્રભુએ આપણને પણ કોઈ ખાસ ‘મિશન’ માટે પસંદ કર્યા હોય! ●

## ‘પાવન હૃદય દૂત’ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સચિન પરમાર | આણંદ | ૫,૦૦૦ |
| આલ્ફોન્સભાઈ મેકવાન | આણંદ | ૫૦૦ |
| ઈશ્વરભાઈ સોમાભાઈ | પાદરા-વડોદરા | ૫૦૦ |
| ઉષાબેન ડેવિડભાઈ મેકવાન | મણીનગર-પૂર્વ | ૫૦૦ |
| સ્વ. રેઝિનલ પીટર મેકવાન | આણંદ | ૫૦૦ |
| પ્રિતેશનાં લગ્નપ્રસંગે (મામેરાપક્ષ તરફથી) | આખડોલ | ૨૫૧ |
| સ્વ. પીટરભાઈ મીઠાભાઈ મેકવાન | નડિયાદ | ૨૫૦ |
| આનંદીબેન બાસીલ | જીસસનગર-આણંદ | ૧૫૦ |
| રમેશ ડી. પરમાર | ચાવડાપુરા | ૧૦૧ |
| ઝુબીન મેકવાનનાં સ્મરણાર્થે | વડોદરા | ૧૦૦ |
| મેકવાન કાથ્રીનાબેન આલોઈસ | કરમસદ | ૧૦૦ |
| કાંતિલાલ એમ. ભાટિયા | ગામડી-આણંદ | ૧૦૦ |
| કાન્તીલાલ મોતીલાલ ભાટિયા | સુરત | ૧૦૦ |
| સ્વ. સુશીલાબેન તિમોથી પરમાર | આમોદ | ૧૦૦ |
| સ્વ. થેરેસ્યાબેન પાઉલભાઈ ખ્રિસ્તી | વડોદરા | ૧૦૦ |
| સ્વ. ઈન્દિરાબેન રાયમુન્દભાઈ | આણંદ | ૧૦૦ |

ઝેવિયર કેળવણી મંડળ પ્રાયોજિત

# ઉચ્ચતર શિક્ષણ શિષ્યવૃત્તિસહાય

ગુજરાત ઈસુસંઘ સંચાલિત ઝેવિયર કેળવણી મંડળ દ્વારા ધોરણ ૧૨ પછીના કોઈ પણ ઉચ્ચતર ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસ માટે શિષ્યવૃતિ મેળવવા ઈચ્છતા જરૂરિયાતમંદ કેથોલિક વિદ્યાર્થી –વિદ્યાર્થીનીઓએ પોતાના સભાયાજ્ઞિક પાસેથી ફોર્મ મેળવીને મોડામાં મોડું તારીખ ૫ મી જુલાઈ સુધીમાં પોતાના સભાયાજ્ઞિકને જ અરજી કરવી.

**અગત્યની સૂચનાઃ**

૧. સભાયાજ્ઞિકે આવેલ અરજીમાંથી માત્ર પાંચ સૌથી યોગ્ય અને પાત્ર એવા ઉમેદવારોની અરજીઓ તા. ૧૦ જુલાઈ સુધીમાં મળી જાય એ રીતે નીચેનામાંથી લાગુપડતા એક સરનામે મોકલી આપવી.
૨. શિષ્યવૃત્તિ માટે પાત્ર ઠરનાર વિદ્યાર્થીને સભાયાજ્ઞિક દ્વારા જાણ કરવામાં આવશે.
૩. શિષ્યવૃત્તિની રકમ વધુમાં વધુ રૂ. ૧૫,૦૦૦/- ( પંદર હજાર ) રહેશે.
૪. મૂળ ખેડાના કેથોલિક નર્સિંગ વિદ્યાર્થીઓ માટેની સહાયની જોગવાઈ આ યોજના હેઠળ ન હોવાથી નર્સિંગ માટેના વિદ્યાર્થીઓએ અરજી ન મોકલવા વિનંતી.

| **મૂળ ખેડાના કેથોલિક વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓ માટે** | **દક્ષિણ ગુજરાતના તમામ આદિવાસી આદિવાસી કેથોલિક વિદ્યાર્થીઓ માટે** | **ઉત્તર ગુજરાતના O.B.C. અને આદિવાસી કેથોલિક વિદ્યાર્થીઓ માટે** |
|---|---|---|
| **ફાધર અગ્નેલો વાઝ, એસ.જે.**<br>ઝેવિયર રેસીડન્સ<br>પો.બો. ૯૫<br>આણંદ - ૩૮૮૦૦૧ | **ફાધર ઈશવન ગામીત, એસ.જે.**<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ, સામગહાન<br>જિ. ડાંગ - ૩૯૪૭૩૦ | **ફા. સંચાલક**<br>C/o Province Development Office<br>પ્રેમલ જ્યોતિ, પો.બો. ૪૦૦૨<br>નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯ |

**ટહેલઃ** ઉપરોક્ત શિષ્યવૃતિ ભંડોળને મજબૂત બનાવી વધુ ને વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પહોંચી વળવા આર્થિક રીતે સદ્ધર પરિવારો તરફથી ઉદાર હાથે દાન કે ફાળો સ્વીકારવામાં આવશે. (૮૦ G પ્રમાણપત્રની જોગવાઈ છે.)

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ તમારા સભાયાજ્ઞિકનો.

# બેરોજગારીનું દૂષણ દૂર થાઓ!
## (જૂન મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર આનંદ ઈ.સં.

બેરોજગારી એક દૂષણ છે તો તેની સામે રોજગારી આશીર્વાદરૂપ છે. આજના આ નવા યુગમાં બેરોજગારી અને બેકારી, ધર્મસંઘ અને આપણા માનવ સમાજ સામે એક મોટો પડકાર છે. જે વ્યક્તિ કામ કરવાની વૃત્તિ ધરાવતી હોય, યોગ્ય લાયકાત અને શક્તિ ધરાવતી હોય પરંતુ કામ મેળવી ન શકે એવા બેકાર કે બેરોજગારોની સ્થિતિ કપરી છે. આજે યુવાનિયાઓના જીવનમાં મુખ્ય સમસ્યા બેરોજગારી છે. જેમ સંત યોહાન પોલ બીજા, તેમના પરિપત્ર “માનવનું કામ” (Laborem Exercens)માં કામકાજ વિશે કહે છે તેમ “કામકાજથી પગાર મળે કે ન મળે. પણ વ્યક્તિ પોતાના કામકાજ દ્વારા પોતાના જીવનને સફળ બનાવે છે અને એમ એ વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલી ઊઠે છે. માણસને સમાજમાં કામધંધા અને રોજગારી દ્વારા જ વ્યક્તિત્વ, માન-સન્માન અને સ્વપ્રેમ મળે છે. મનુષ્યને તેનો માનવ અધિકાર અને પોતાનું જીવન જીવવાનો હક મળે છે.”

ધર્મસભા માટે બેરોજગારી એકમાત્ર વ્યક્તિગત સમસ્યા નથી. તે એક સામાજીક સમસ્યા પણ છે. દરેક વ્યક્તિને ઈશ્વરે પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવી હોવાને લીધે દરેક વ્યક્તિ સમાનતા અને પ્રતિષ્ઠા અનુભવે તે ઈચ્છનીય છે. એટલે જ દરેક વ્યક્તિને સરખી તક મળવી જોઈએ. રોજગારી એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ હક્ક છે, અને એટલે જ કોઈ માણસ બેરોજગાર હોય તો તે માટે આપણો સમાજ જવાબદાર બને છે.

પોપ ફ્રાન્સિસ મુજબ બેરોજગારી એ એક દૂષણ છે. આજની પેઢીના લોકો પૈસાને ભગવાન માને છે અને તેને વધારેને વધારે મેળવવા માટે દોડધામ કરે છે. દુનિયામાં એવા પણ લોકો છે કે જેઓ રોજગારીથી વંચિત પણ છે. એવા લોકો રોજગારીથી વંચિત ન રહી જાય તે માટે પોપ ફ્રાન્સિસ વિશ્વભરના ધનવાનોને આહ્‌વાન કરે છે કે, આપણે સૌ એક જ ઈશ્વરનાં બાળકો છીએ અને ઈશ્વર આપણા પિતા છે, તો દરેક વ્યક્તિને પોતાની આવડત પ્રમાણે કંઈને કંઈ રોજગારી મળી રહે. બેરોજગાર લોકો માટેની એક પ્રાર્થનાસભામાં પોપ ફ્રાન્સિસ માનવ અધિકાર માટે અને દરેકના સમાન હક માટે તેમજ બધાં લોકોને રોજગારી મળે અને ધનવાનો પૈસાની વ્યર્થ પૂજા ના કરે એ માટે પ્રાર્થના કરે છે.

આજે ભારતમાં અને વિશ્વમાં બેરોજગારીની પરિસ્થિતિ ખૂબ જ નિરાશાજનક છે. બેરોજગારીની પરિસ્થિતિ ભારતમાં અતિશય ખરાબ છે, તેમજ આખા વિશ્વમાં પરિસ્થિતિ કટોકટીની છે. ભારતમાં મજૂરસંઘ તરફથી ૨૦૧૩ના વાર્ષિક રોજગારી અને બેરોજગારીના ત્રીજા સર્વે મુજબ ૧૫ થી ૨૯ વર્ષની ઉંમરના ભણેલા યુવાનોમાં દરેક ત્રણમાંથી એક યુવાન બેરોજગાર છે.

વિશ્વસ્તરે પણ યુવાનોમાં બેરોજગારીનો પ્રશ્ન કટોકટીભર્યો છે. આપણને વિશ્વના બેરોજગારો વિશેની હકીકત ‘વિશ્વસ્તરીય યુવા રોજગારની સ્થિતિ, ૨૦૧૩ (Global Employment trends for Youth - 2013)’ના અહેવાલમાં જોવા મળે છે, અને એમાં મળતી માહિતી પ્રમાણે આજની પેઢી જોખમમાં છે એવું રજૂ કરવામાં આવેલ છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંઘ (International Labour Organization - ILO) દ્વારા મળતી માહિતી પ્રમાણે વિશ્વમાં ૭૫ અબજ યુવાનો એટલે કે ૧૨.૬ ટકા યુવાનો બેરોજગાર છે.

બેરોજગારી દૂર કરવામાં સરકારે વિશેષ ભાગ ભજવવાનો હોય છે, સરકારની મહત્વની ભૂમિકા છે કે યોગ્ય માપદંડ લઈને અને પોતાની પ્રાથમિક જવાબદારી સમજીને મોટી આર્થિક સમજ અને વિકાસ યોજનાની રજૂઆત કરવી, અને એમ કરીને બેરોજગારી દૂર કરવા માટે યોગ્ય પગલાં લેવાં. અને એ માટે જ ધર્મસભા પણ N.G.O નો સંપર્ક સાધીને સરકાર સામે બેરોજગારી વિરુદ્ધ ઝૂંબેશ ચલાવે છે. ઈ.સ. ૧૯૯૧માં જોન પોલ બીજાના ‘શતાબ્દી પર્વ ટાણે’ (Centesimus Annus) પરિપત્રમાં પોપ કહે છે કે “બેરોજગારી માટે બધા લોકો જવાબદાર છે, નહિ કે કેવળ સરકાર. બેરોજગારીની સમસ્યા દૂર કરવા માટે પોતાનો સ્વાર્થ સાધવાની ભાવના ન હોવી જોઈએ, કંપનીઓનું કાર્ય માત્ર નફો મેળવવાનું નથી, બલકે જરૂરિયાતમંદ અને બેરોજગારોને તેઓની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે કામ આપવાનું છે.”

દરેક દેશની સરકારે બેરોજગારી નાબૂદ થાય તે માટે નોકરીની વ્યવસ્થા કરવી જોઈએ, અને વધારેને વધારે રોજગારીની તકો ઊભી કરી, બેરોજગારી વિરુદ્ધ ઝુંબેશ ચલાવીને બધા લોકો માટે રોજગારી મળે એવા પ્રયત્નો કરવા જોઈએ. કેમ કે આ બેરોજગારી દૂર કરવાનું કામ કોઈપણ સરકારની પાયાની જવાબદારી ગણાય છે અને એ જ સમાજની અપેક્ષા પણ છે. પ્રત્યેક વ્યક્તિ માટે, ખાસ કરીને ગરીબો માટે, જરૂરિયાતમંદ એવી વ્યક્તિઓ માટે બેરોજગારીની સમસ્યા દૂર કરવા માટે સરકારે મદદરૂપ થવું જોઈએ.

બીજી બાજુ જોઈએ તો આપણે પ્રભુ ઈસુના શિષ્યોએ પણ આપણી જવાબદારી અદા કરવી જોઈએ. આપણે પણ સરકારને ટેકો

આપીને બેરોજગારી દૂર કરવા સહકાર આપી અને મદદરૂપ થવું જોઈએ.

ખ્રિસ્તી ધર્મસભાનાં રોજગારી અને બેરોજગારો પ્રત્યેનાં વલણોને જો દરેક ખ્રિસ્તી ભાઈ-બહેન અપનાવે તો બેરોજગારીનું દૂષણ દૂર થઈ શકે એમ છે. સર્વપ્રથમ મૂળભૂત જરૂરિયાતની દૃષ્ટિએ જોઈએ તો બેરોજગાર વ્યક્તિઓને આર્થિક મદદની જરૂર છે. બેરોજગાર વ્યક્તિને સમાજ મદદ કરે એવી અપેક્ષા છે, કેમ કે સમાજના આર્થિક વિકાસમાં બધાનો હક છે. બેરોજગારી એ એક દૂષણ છે કેમ કે બેરોજગારોને સમાજ વ્યક્તિ તરીકે જોતો નથી. જો અર્થતંત્ર સાચા અર્થમાં લોકોની સેવા માટે હોય તો તેના સાચા અર્થમાં બેરોજગારી નાબૂદ કરવા કાર્યરત થવું જોઈએ. બેરોજગાર વ્યક્તિઓ ઘણું દુઃખ વેઠે છે. એટલે તેઓને ખાસ કરીને મદદ કરવાની જરૂર છે. આપણે આશાવાદી બનીને અર્થતંત્રના વધારામાં ધીમે ધીમે પરિવર્તન લાવીને, બેરોજગારી દૂર કરવા માટે પ્રયત્ન કરીને આ સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. બેરોજગારી એ કોઈ કેવળ વ્યક્તિગત સમસ્યા નથી, પણ સમાજની વાત છે. બેરોજગારીનું દૂષણ દૂર કરવાની જવાબદારી આપણા બધાની છે. બેરોજગાર લોકોની મુક્તિ માટે મજૂરસંઘ, નોકરિયાત સંઘ, સરકાર અને સમાજની અલગ-અલગ વ્યક્તિઓ સાથે મળીને આપણે બધાએ કામ કરવું જોઈએ. બેરોજગારીનાં પરિણામો ઘણાં ખતરનાક હોય છે. તે વ્યક્તિમાં માનસિક તણાવ ઉત્પન્ન કરે છે. વ્યક્તિ પોતાનાં મૂલ્યો ભૂલી જાય છે. બેરોજગારીના કારણે ઘણા લોકો ક્યારેક અસામાજિક વર્તનમાં, દારૂના વ્યસનમાં, ડ્રગ લેવામાં અને આત્મહત્યા જેવી ભૂલો પણ કરી બેસે છે. અને એટલે જ આપણે આ દૂષણોથી બેરોજગાર વ્યક્તિને બચાવવા માટે એક સારા ખ્રિસ્તી ધર્મજન તરીકે પ્રયત્નો કરવા જોઈએ.

બેરોજગારી અનહદ મુશ્કેલીઓની જનની છે. અને તેનું ઝેર સમાજમાં ફેલાયેલું છે, અને લોકોને તે મારી નાંખે છે. સાથોસાથ આપણા દેશની એકતાને અને લોકશાહીને મુશ્કેલીમાં મૂકે છે. જે લોકો પોતાના કુટુંબ માટે માંડ બે ટંકનો રોટલો ના મેળવી શકે એવા લોકો પાસેથી આપણે વફાદારી, પ્રામાણિકતા સચ્ચાઈ અને ધાર્મિકતાની અપેક્ષાઓ કેવી રીતે રાખી શકીશું? એક બેરોજગાર વ્યક્તિ પાસે આ બધું વિચારવા માટે વિવેક ન હોય. કોઈએ યોગ્ય જ કહ્યું છે, "નોકરી વગરનો સજ્જન દેવળમાં પ્રાર્થનામગ્ન હોય એના કરતાં પરસેવાથી રેબઝેબ કામદાર પ્રભુને વધારે પ્રિય છે." તેથી કોઈ શંકા નથી કે આપણે આ બેરોજગારોના દૂષણોનો અંત લાવવા પ્રયત્ન કરવો જોઈએ. આપણે ભગવાન ઈસુના આશીર્વાદથી એક પ્રેમ ભરેલા સમાજની રચના કરવા પ્રયત્ન કરીએ, અને બધા લોકો પ્રેમથી, માનથી અને સમાનતાથી રહે અને એક સારા સમાજની રચના થાય, અને બધાને ઈશ્વરના આશીર્વાદથી રોજગારી મળે એવી પ્રાર્થના કરીએ. ●


—: પ્રવેશ જાહેરાત :—

## ઝેવિયર ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર, ગામડી-આણંદ (KD 148)

**(સરકાર માન્ય)**

ટેકનીકલ શિક્ષક નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા માન્ય, ટેકનીકલ બોર્ડ, ગાંધીનગર દ્વારા જેની પરીક્ષા લેવાય છે. તેવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ માટે અમારી ઉપરોક્ત સંસ્થામાં નીચે મુજબ માટે પ્રવેશ ઈચ્છતા ઉમેદવારે સંસ્થાનો તાત્કાલિક સંપર્ક કરવો.

**અભ્યાસ તા. ૦૧-૦૭-૨૦૧૪થી શરૂ થાય છે.**

| ક્રમ | અભ્યાસક્રમ (TEB પેટર્ન) | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧. | સર્ટિ. કોર્સ ઈન ડેસ્ક ટોપ પબ્લીસીંગ | ધો. ૧૦ પાસ (અંગ્રેજી સાથે) | ૧ વર્ષ (ફુલ ટાઈમ) |

અરજીપત્ર સાથે પ્રમાણિત કરેલ એલ.સી., માર્કશીટ, જાતિનો દાખલો SC/ST/SEBC (SEBC ઉમેદવારે OBC પ્રમાણપત્ર રજૂ કરવુ), માન્ય ગુણપત્રક, પ્રમાણપત્રકની પ્રમાણિત નકલો જોડવી.

**અભ્યાસક્રમના સમય દરમિયાન એસ.ટી. અથવા રેલ્વેનો પાસ મેળવી શકશો.**

**—: વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરો :—**

ઝેવિયર ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર, C/o. આણંદ પ્રેસ, પો.બો. ૯૫, ગામડી-આણંદ ૩૮૮ ૦૦૧

ફોનઃ ૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

# જૂન – જુલાઈ મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

### સચ્ચિદાનંદનું પર્વ (૧૫-૦૬-૨૦૧૪)
### (આતંરરાષ્ટ્રીય પિતાદિન)
### (મ.પ્ર. ૩૪:૪-૬, ૮-૯; સ્તોત્ર-દાનિ ૩; ૨ કરિંથ ૧૩:૧૧-૧૩; યોહાન ૩:૧૬-૧૮)
### પવિત્ર ત્રૈક્યનું પ્રતિબિંબ માનવ પરિવાર

આજનો પ્રથમ શાસ્ત્રપાઠ આપણને જણાવે છે કે ઈશ્વર પરમ દયાળુ છેઃ "પ્રભુ, પ્રભુ, દયાળુ અને કૃપાળુ પરમેશ્વર, સહિષ્ણુ, સત્યવચની અને કરુણાસાગર" (મ.પ્ર. ૩૪:૬). ઈશ્વરનું દિલ માતાના દિલ જેવું છે. એની દયા, કરુણા અને ઉદારતાની કોઈ હદ નથી. પોતાનું એક એક વચન અચૂક પૂરું કરે છે. ઈશ્વરને જાણી લીધા પછી મોશેએ ઈશ્વર આગળ ત્રણ અરજ ગુજારી હતી. પહેલી અરજ એ છે કે ઈશ્વર પોતાનાં લોકોનો કદી ત્યાગ ના કરે. બલકે હંમેશાં એમની મધ્યે હાજર રહે. બીજી અરજ એ છે કે ઈશ્વર લોકોનાં પાપો બદલ તેમને ક્ષમા આપે. ઈસ્રાયેલી પ્રજાને હંમેશાં ઈશ્વર પોતાની મહામૂલી મૂડી ગણે એ એની ત્રીજી અરજ છે. ઈશ્વરે મોશેની આ અરજો માન્ય રાખી. આ રીતે પોતે દયાળુ અને કૃપાળુ પરમપિતા થઈને ઈશ્વરે દરેક માબાપને દાખલો પૂરો પાડ્યો છે. એટલે જ આજના સ્તોત્રમાં સકળસૃષ્ટિને પ્રભુના દૂતો પરમપિતાને વંદન કરીને એમના નિતનિત ગુણગાન ગાયા કરે છે.

આજનો બીજો શાસ્ત્રપાઠ કરિંથમાં પોતાના શિષ્યો પર પાઉલે લખેલા બીજા પત્રના ઉપસંહારનો ભાગ છે. શરૂઆતમાં પાઉલ એમને ઠપકો આપે છે. પછી પોતાના પિતૃવાત્સલ્યથી એમને હૈયાધારણ આપે છે. એમની પાસેથી વિદાય લેતા પહેલાં એમને શુભેચ્છા પાઠવે છે, અને એમનું સુખ તથા કલ્યાણ ઈચ્છે છે. એ રીતે પાઉલ ઈસુના સાચા શિષ્ય તરીકે પોતાના લોકોની સંભાળ કેવી રીતે લેવી એનો દાખલો પૂરો પાડે છે. ઉપરાંત, પાઉલ આપણને પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એકમેકના સહકારથી આપણી મુક્તિ સારું કેવી રીતે અજાયબ કામ કરી રહ્યા છે તે સમજાવે છે. પિતા આપણને પોતાની પાસે પાછા લઈ આવવા માટે પોતાના પુત્રને મોકલે છે. પુત્ર આપણને ઈશ્વરી ક્ષમા અને પવિત્ર આત્માનું જીવન મેળવી આપે છે. અને પવિત્ર આત્મા આપણા અંતરમાં વસીને શાંતપણે આપણને મુક્તિ તરફ દોરી જાય છે.

જૂના કરારમાં યહૂદી પ્રજા ઈશ્વરના પરિવારનું એક ફરજંદ હતી. ઈશ્વર પિતાનું હૈયું બહુ વિશાળ છે. એટલે એકના એક ફરજંદ પર પ્રેમ વરસાવવો એને અપૂરતો લાગે. ઈશ્વરનું હૈયું અને એનું ઘર વિશાળ છે એટલે ઈસુને જગતની એક જ પ્રજાનો નહીં, બલ્કે તમામ પ્રજાઓનો ઈશ્વરના પરિવારમાં સમાવેશ કરવા માટે આ જગતમાં મોકલ્યા. ઈશ્વરનો પ્રેમ સઘળાં મનુષ્યો ઈશ્વરનાં સંતાનો બને એમાં જ ઝળહળે છે. પરમપિતાએ ઈસુને જગતમાં મોકલીને મોશેની અરજ પૂરી કરી છે. એટલે સંત યોહાન આજના શુભસંદેશમાં પરમપિતાના અપાર પ્રેમ વિષે કહે છે કે, ઈશ્વરે જગત પરના પ્રેમને લીધે સૌ કોઈ જીવન પ્રાપ્ત કરે એ માટે પોતાનો એકનો એક પુત્ર પણ આપી દીધો.

આજે ધર્મસભા સચ્ચિદાનંદનું પર્વ ઉજવે છે. એની સાથે સાથે આપણે પિતાદિન પણ ઉજવી રહ્યા છીએ, ત્યારે આજના શાસ્ત્રપાઠો દ્વારા આપણને ઈશ્વરની કરુણા મારફતે એમના પ્રેમની જાણ થાય છે. એના અનુસંધાનમાં આપણે આપણા કુટુંબો તથા પરિવારો વિશે આત્મચિંતન કરવું જોઈએ. પવિત્ર ત્રૈક્ય એકબીજાના સહકારથી આખા જગતનો ઉદ્ધાર કરી રહ્યા છે. એમનામાં માતા અને પિતાના સદ્‌ગુણો છે. તેઓ આજે દરેક માતાપિતાને આદર્શ માતા-પિતા થવા હાકલ કરે છે. ઉપરાંત આપણ દરેકને નિરાધારો માટે માબાપ થવા વિશ્વ ધર્મસભા પ્રેરે છે. – બ્રધર રોબી આલ્ફાન્સો

### પરમપ્રસાદનું પર્વ (૨૨-૦૬-૨૦૧૪)
### (અનુ ૮:૨-૩, ૧૪બ - ૧૬અ; સ્તોત્ર ૧૪૭; ૧ કરિંથ ૧૦:૧૬-૧૭; યોહાન ૬:૫૧-૫૮
### "મારા સ્મારક તરીકે..."

આજે ધર્મસભા પરમપ્રસાદનું (ઈસુના દેહ અને રક્તનું) પર્વ ઉજવે છે. જૂના કરારમાં જ્યારે મોશે ઈસ્રાયલીઓને મિસરની ગુલામીમાંથી મુક્ત કરી કનાનમાં લાવતો હતો, ત્યારે ભૂખે મરી જતા લોકોના જીવ બચાવવા ઈશ્વરે આકાશમાંથી મન્ના વરસાવી હતી. એ જ રીતે જ્યારે મિસરનો રાજા ઈસ્રાયલીઓને ગુલામીમાંથી છોડવા તૈયાર નહોતો, ત્યારે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે ઘેટાના લોહી વડે ઈસ્રાયલીઓનો જીવ બચાવવામાં આવ્યો હતો (મ.પ્ર. ૧૨:૨૧-૨૮). આજના શુભસંદેશમાં ઈસુ કહે છે કે હું સ્વર્ગમાંથી ઉતરી આવેલી જીવંત રોટી છું. જે કોઈ એ રોટી ખાશે તે અનંતકાળ જીવશે.

ઘણાના મનમાં પ્રશ્ન ઊભો થશે કે શું પરમપ્રસાદની રોટીમાં જીવન હોઈ શકે? પણ ઈસુના લોહી અને શરીર દ્વારા થતા ચમત્કારો આપણે જાણીએ છીએ. સંત ફ્રાન્સિસ ઝેવિયરના જીવનમાંથી એવો એક અનુભવ આપણને જાણવા મળે છે. એક દિવસ ફ્રાન્સિસ ઝેવિયર એક માણસને આરોગ્યપ્રદાન સંસ્કાર આપવા ગયા હતા. તે માણસે પરમપ્રસાદ લીધા પછી ઉલ્ટી કરી નાખી. ખ્રિસ્તપ્રસાદને ઉલ્ટીમાં જોતાં, ફ્રાન્સિસ ઝેવિયર એને ઉલ્ટીમાંથી લઈ પોતાના મોઢામાં નાખીને તે માણસ માટે પ્રાર્થના કરી ઘરે પાછા ફર્યા. એની અસર વિષે આજે પણ આપણે જાણીએ છીએ. ઈશ્વરે સંત ફ્રાન્સિસ ઝેવિયરના મૃતદેહને હજી સુધી સાચવી રાખ્યો છે. ફ્રાન્સ દેશમાં લૂર્ડ્સ નગરમાં રોજ હજારો માંદા માણસોને લઈ જવામાં આવે છે.

જ્યારે પુરોહિત પરમપ્રસાદને ઊંચો કરીને આશીર્વાદ આપે છે ત્યારે લોકો ઘૂંટણે પડી ભક્તિ ભાવથી પ્રાર્થના કરે છે, અને સાજાપણું મેળવી ઘરે પાછા જાય છે.

ખ્રિસ્તપ્રસાદનું પર્વ આપણને બીજા એક મુદ્દા પર મનનચિંતન કરવા આમંત્રે છે. ઈસુએ જ્યારે પરમપ્રસાદની સ્થાપના કરી હતી ત્યારે તેઓએ કહ્યું હતુંઃ "આ મારું શરીર છે, જે તમારી ખાતર અર્પણ થનાર છે. મારા સ્મારક તરીકે એ કરતા રહેજો." (લૂક ૨૨:૧૯) આ શબ્દોમાં ઈસુ દરેક ઈસુપંથીને પોતાના અનુયાયી થઈ પોતાના રસ્તે ચાલવા અને સામે આવતા પડકારોનો સામનો કરવા આમંત્રણ આપે છે. પણ એ એટલું સહેલું નથી. સંત લોરેન્સને ઈસુનાં મૂલ્યોને વળગી રહી એમના સ્મારક તરીકે જીવવાને કારણે પોતાના દેહને ચૂલામાં રોટીની જેમ અર્પણ કરી દેવું પડ્યું. એ જ રીતે ઘણા સંત સ્ત્રી-પુરુષો પોતાના દેહ-રક્તને અર્પણ કર્યા કરે છે.

જ્યારે પરમપ્રસાદને ગ્રહણ કરીએ છીએ ત્યારે આપણે ઈસુના શરીરનાં અંગો બનીએ છીએ. સંત પાઉલ આજના બીજા વાંચનમાં કહે છે કે **રોટી એક છે એટલે આપણે સૌ અનેક હોવા છતાં એક દેહ છીએ.** કારણ, આપણે એક જ રોટીના સહભાગી છીએ. (૧ કરિંથ ૧૦:૧૬-૧૭). તેમ છતાં અભિમાન ને સ્વાર્થને લીધે ઘણીવાર આપણામાં ભાગલા પડે છે. આ એક ગંભીર બાબત છે. શાંતિ, સમાધાન ને એકતા માટે પ્રયાસ કર્યા વગર ખ્રિસ્તપ્રસાદમાં ભાગ લેવો એ પાપ નથી?

ઈસુએ પોતાના દેહ અને લોહી વડે માનવજાતને એકત્ર કરવા પ્રયત્ન કર્યો. પણ આજે ધર્મસભામાં આપણે જાતિ, ધન વગેરેના આધારે એકબીજાથી અલગ રહીએ છીએ. જો આપણે આ ભાગલાના કોટને તોડી, ખ્રિસ્તના મૂલ્યોને વળગી રહી ઈસુના પ્રેમના સંદેશને આપણા જીવન દ્વારા ફેલાવવા તૈયાર થઈએ તો આપણે ઈસુના સાચા સ્મારક બની શકીશું. — બ્રધર દોમિનિક સાવીઓ

## પ્રેષિતો પીતર તથા પાઉલ (૨૯-૦૬-૨૦૧૪)
## (પ્રે.ચ. ૧૨:૧-૧૧; સ્તોત્ર ૩૪; ૨ તિમોથી ૪:૬-૮, ૧૭-૧૮; માથ્થી ૧૬:૧૩-૧૯
## નમ્રતામાં મહાનતા

આજે આપણે પ્રેષિતો પીટર અને પાઉલનો તહેવાર ઉજવીએ છીએ. અમુક બાબતમાં બન્નેના વિચારો જુદા જુદા હોવા છતાં તેઓ ધર્મસભાના બે સ્તંભો બન્યા. ઈસુના પુનરુત્થાન પછી તેઓએ પોતાનું લોહી રેડીને ઈસુ ખ્રિસ્તની સાક્ષી પૂરી. રોમમાં બન્ને શહીદ થયા. પાઉલ રોમના નાગરિક હોવાથી એમને ક્રૂસનો મરણ દંડ આપવાને બદલે એમનો વધ કરવામાં આવ્યો. પીતર પરદેશી હોવાથી તેમને ક્રૂસે જડાવવામાં આવ્યા.

આ મહાન પ્રેષિતોને પોતાના જીવનને સંપૂર્ણપણે સમર્પિત કરવાની શક્તિ ક્યાંથી મળી? તેનો જવાબ છે 'ખ્રિસ્ત'. 'ખ્રિસ્તનો પ્રેમ જ અમારી પ્રેરણા છે' (૨ કરિંથ ૫:૧૪). ખ્રિસ્તના પ્રેમને પાઉલ ફિલિપ્પીના ધર્મસંઘ પરના પત્રમાં સુંદર રીતે વર્ણવે છે. પાઉલને રોમ લઈ જવામાં આવ્યા ત્યારે પોતાનો અંત નજીક છે એમ જાણતા હોઈ તિમોથી પર લખે છેઃ 'હું મંગલ શરતમાં ઝૂઝ્યો છું, પૂરું અંતર દોડ્યો છું, શ્રદ્ધામાં અટલ રહ્યો છું' (૨ તિમોથી ૪:૭). આ મંગલ શરતમાં પાઉલની પાસે એક જ હથિયાર છેઃ ઈસુના સંદેશ ખાતર પોતાના જીવનને સમર્પિત કરવાની તૈયારી. જેનું કારણ છે ઈસુ સાથેની આત્મિયતાઃ 'હું નથી જીવતો પણ ખ્રિસ્ત મારામાં જીવે છે' (ગલાતિયા ૨:૨૦).

પાઉલ ચતુર અને સુશિક્ષિત હોવા છતાં નમ્ર પણ હતો. તે 'ઈશ્વરના શુભસંદેશની સેવા કરવા માટે નિમાયેલો ખ્રિસ્ત ઈસુનો બંદો' (રોમ ૧:૧) કહીને પોતાની ઓળખાણ આપે છે. ખૂબ જ નમ્રતાથી પોતાની ખામીઓ તથા પાપોનો સ્વીકાર કરનાર પાઉલ એક મહાન પ્રેષિત બનવાનું કારણ આપતાં કહે છે કે, હું જે કાંઈ છું તે ઈશ્વરની કૃપાથી જ છું. મેં એ બધાના કરતાં વધારે પરિશ્રમ કર્યો છે. જો કે એ કરનાર હું નથી, પણ મારી સાથે રહેલી કૃપા છે (૧ કરિંથ ૧૫:૧૦). આમ પાઉલ મહાનતામાં નમ્રતા માટે એક ઉત્તમ દાખલો બેસાડે છે.

સંત પીતરની વાત કરીએ તો તે અભણ હતો ને તેના વ્યક્તિત્વ પર લાગણીનો પ્રભાવ હતો. તેમ છતાં તેણે પ્રભુને 'ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર' કહીને શ્રદ્ધાનો એકરાર કર્યો હતો (માથ્થી ૧૬:૧૬). એના બદલામાં પ્રભુ ઈસુએ પીતર પર ધર્મસભાનો પાયો બાંધ્યો હતો (માથ્થી ૧૬:૧૮). પીતરે નબળાઈને લીધે પ્રભુનો ત્રણ વખત ઈન્કાર કર્યો, પણ તરત પોતાની ભૂલનો એકરાર કરી પસ્તાવો કરી પોતાની નમ્રતા ને મોટાઈ બતાવી. એટલે આદિ ધર્મસભાએ ઈસુની ઈચ્છાનુસાર પીતરને વડા તરીકે સ્વીકારી લીધો.

પીતર ઈસુપંથીઓનો વડો હોવા છતાં નમ્ર ને સેવાભાવી હતો. બીજાને ચેતવતાં તે કહે છે કે સ્વતંત્ર માણસો તરીકે જીવજો, પણ જોજો, સ્વતંત્રતાનું ઓઠું લઈ દુષ્કર્મો ન કરશો. બલકે, ઈશ્વરના બંદા તરીકે જીવન ગાળજો (૧ પીતર ૨:૧૬). બીજાની ઉપર સત્તા ચલાવવાને બદલે પોતે નમૂના રૂપ બન્યો. એક સાચા આગેવાન તરીકે તે વડીલોને સૂચના આપે છે કે, ઈશ્વરે તમને જે ઘેટાંનું ટોળું સોંપ્યું છે તેના સાચા ગોવાળ થજો અને એ કામ તુચ્છ લાભને લોભે નહિ પણ અંતરની ઉલટથી કરજો (૧ પીતર ૫:૨).

પીતર અને પાઉલ મારફતે આપણને શ્રદ્ધા મળી અથવા ધર્મસંઘની શ્રદ્ધા દૃઢ થઈ. તેમનું જીવન ઈસુપંથીઓ માટે પ્રેરણારૂપ બન્યું હતું. દરેક ઈસુપંથીએ આ બે મહાન સંતોનું અનુકરણ કરી શ્રદ્ધા, પ્રેમ અને સેવાની સાક્ષી પૂરવી જોઈએ.

— બ્રધર લિયો સ્ટિફન

## સામાન્ય કાળનો ૧૪મો રવિવાર (૦૬-૦૭-૨૦૧૪)
## (ઝખરિયા ૯:૯-૧૦, સ્તોત્ર ૧૪૫; રોમ ૮:૯, ૧૧-૧૩; માથ્થી ૧૧:૨૫-૩૦)
## આધાર ઈશ્વરનો જ

આજના પ્રથમ શાસ્ત્રપાઠમાં ઈસ્રાયલના બે પસંદ કરાયેલા રાજાઓ દાઉદ અને તેના પુત્ર શલોમોન વચ્ચેનો વિરોધાભાસ રજૂ

કરવામાં આવેલ છે. દાઉદ શક્તિશાળી હોવા છતાં તેની પાસે એક પણ રથ નહોતો. તે ખરેખર નમ્ર અને ઈશ્વરાધીન હતો. શલોમોન શક્તિશાળી અને બુદ્ધિશાળી હતો તેમ છતાં તે પોતાના રથ આધારિત હતો. બીજા શાસ્ત્રપાઠમાં સંત પાઉલ આ વિરોધાભાસની વાત કરતાં કહે છે કે જે વ્યક્તિ પોતાની શક્તિ પર વિશ્વાસ રાખે છે તે દેહનો બનેલો છે, ને જે વ્યક્તિ ઈશ્વરનું કહ્યું સાંભળે છે તે આત્માથી પ્રેરાય છે.

શુભસંદેશમાં પણ માથ્થી ડાહ્યા અને સાદા માણસો વચ્ચેનો વિરોધાભાસ રજૂ કરે છે. આપણે ઈસુના જીવન અને શિખામણમાંથી ઘણું બધું શીખીએ છીએ, જેમાંથી એક દાખલો અહીં આપવામાં આવ્યો છે. ઈસુ સમજાવે છે કે આપણે માબાપ પર આધારિત જીવન જીવનાર બાળકોની જેમ આપણી જાત ઈશ્વરને સોંપી તેમના ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. નહીં કે પોતાની જાત ઉપર. કારણ કે ઈશ્વર બાળક જેવી વ્યક્તિઓને જ પોતાના અને પોતાના રાજ્ય વિશેનાં સત્યો પ્રગટ કરે છે.

ઈસ્રાયેલના અધિકારીઓ, આગેવાનો અને બુદ્ધિશાળીઓ ઈસુને અને તેમના જીવનને સમજવા અસમર્થ હતા. કારણ તેઓ પોતાની સત્તા ને બુદ્ધિ ઉપર આધાર રાખતા, નહિ કે ઈશ્વર પર. પોતાની આંખે ઈસુના ઘણા બધા ચમત્કારો નિહાળ્યા હતા, અને ઘણી શિખામણ પણ સાંભળી હતી. તોયે તેમનાં મન કઠોર અને હઠીલા જ રહ્યાં હતાં. તેઓ માનતા હતા કે તેમને બધી ખબર છે ને બધી ખાતરી છે. વળી તેઓ ચુસ્તપણે માનતા કે આધ્યાત્મિક્તા કેવળ નિયમોને ચુસ્તપણે પાળવામાં જ છે. તેમણે કોઈની પાસેથી કશું જ શીખવાની જરૂર નહોતી. ટૂંકમાં સાચા અર્થમાં તેઓ શાસ્ત્ર જાણતા નહોતાઃ જ્ઞાનીએ પોતાના જ્ઞાનની કે બળવાને પોતાના બળની કે ધનવાને પોતાના ધનની બડાશ ન મારવી. જો કોઈએ બડાશ મારવી હોય તો તે એ વાતની મારે કે પોતે મને સમજે છે અને ઓળખે છે. (ઈર્મિયા ૯:૨૨-૨૩).

પણ ગરીબો અને છેવાડે વસતા લોકો, જેમને પાપી ગણવામાં આવતા તેઓ ઈશ્વર ઉપર ભરોસો રાખી સત્યને આવકારતા. અભિમાની અને મોટા મોભાદાર તો ઘણા છે. પણ પ્રભુ પોતાનાં રહસ્યો નમ્ર માણસો આગળ જ ખુલ્લાં કરે છે (ઉ.મા. ૩:૧૯). એવા લોકો સાચા અર્થમાં પ્રભુ પર આધારિત જીવન ગાળતા. આથી જ તેઓ ઈસુમાં અને ઈસુનાં કાર્યોમાં ઈશ્વરનાં દર્શન કરી શક્યા. આ જાણી ઈસુનું હૃદય આનંદ અને ઉત્સાહથી પિતા પરમેશ્વરની સ્તુતિ કરવા લાગ્યું. એવા લોકોમાં દુઃખી, માંદગીમાં સપડાયેલા, ગરીબો, જકાતદારો અને પાપીઓનો સમાવેશ થતો, જેમને સમાજમાં કોઈ સ્થાન ન હતું. આના કારણે જ ઈસુની ગણતરી નીચા ગણાતા નમ્ર અને વિનયી લોકોમાં થતી.

આપણા સૌને દેહની ઈચ્છા અનુસાર નહિ પણ પવિત્ર આત્માની પ્રેરણાથી જીવવા આમંત્રણ મળ્યું છે. જે માણસ પવિત્ર આત્માની પ્રેરણાથી જીવે છે તે નમ્ર અને વિનયી હોય છે ને ઈશ્વર પર આધાર રાખી જીવે છે. તો શું ખ્રિસ્તી હોવાને નાતે આ પડકાર ઝીલવા આપણે તૈયાર છીએ ખરા?

— બ્રધર સંદેશ


## લગ્ન વિષયક

* ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૯ વર્ષ, ઊંચાઈ ૫'૭", ગ્રેજ્યુએટ ગર્વમેન્ટ જોબ કરતા યુવક માટે સરકારી નોકરી અથવા વિદ્યાસહાયક યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૭૮૮ ૦૪૯૩૦ / ૭૦૪૬૧ ૦૯૭૫૦**

૦-૦-૦

* આર્થિક સુખી સંપન્ન, આર.સી. દેખાવડા યુવક, ઉંમર ૩૦, P.T.C., B.A., D.M.M., ફાધરની સ્કૂલમાં નોકરી (૫,૦૦૦ + ટ્યુશન + ફેમીલી બિઝનેસ) માટે યોગ્ય લાયકાત ધરાવતી (B.A., B.Ed.) યુવતી.

તેમજ આર.સી. દેખાવડી, ઉંમર ૩૪, B.A., M.A. (English), P.G.D.C.A., સરકારી નોકરી (૧૧ માસ કરાર આધારિત) પગાર ૧૬,૫૦૦/- માટે યોગ્ય નોકરી કરતા યુવક-યુવતીના વાલીઓ તરફથી સંપર્ક આવકાર્ય.

**મો. ૯૯૨૪૧ ૨૦૮૭૭ / ૯૮૨૪૧ ૬૨૬૪૦**

૦-૦-૦

* અમેરિકન નાગરિકત્વ ધરાવતા અમેરિકા સ્થિત, ૩૦ વર્ષીય ને સ્વતંત્ર ધંધો સંભાળતા, ગુજરાતી કેથોલિક યુવક માટે, B.Sc. Nursing થયેલ અથવા GNMનો 3 ½ વર્ષનો અભ્યાસ કરેલ, અંગ્રેજીમાં પ્રભુત્વ ધરાવતી ક્રિશ્ચિયન યુવતીના વાલીઓએ સંપર્ક કરવા વિનંતી. **મોઃ ૭૦૪ ૩૫૧ ૪૭૮૭**

૦-૦-૦

* ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૩૦, B.A. M.A.-ELT (English Language Teaching), થયેલ હાલ (લંડન) સ્ટુડન્ટ વીઝા પર છે અને સારી જોબ ધરાવતી યુવતી માટે યોગ્ય જીવનસાથી પસંદગી હેતુસર યોગ્ય યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

**મોઃ ૯૯૭૪૦ ૯૩૬૪૦**

૦-૦-૦

* We are looking for a good and suitable match from Gujarati Catholic family for our M.B.A. qualified working daughter, age 28 years, height 5', fair skin. Interested parents of well-qualified and good earning boy may please contact:

**Mob.: 99988 18237**

## પ્લોટ વેચવાનો છે

સાંગોળપુરા, આણંદ, બોરસદ ચોકડી વિસ્તાર

૧|| ગુંઠો = ૧૫૬૬.૨૧ ફૂટ, ટી.પી. સ્કીમ - ૮ નંબર

**મો. ૯૪૦૮૧ ૭૪૭૧૮**


ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી- આઈ. પી. મિશન ટ્રસ્ટ સંચાલિત
સેન્ટ. સ્ટીફન ઈન્સ્ટિટ્યૂટ ઓફ
બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી
ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ
(સેલ્ફ ફાઈનાન્સ)
સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન
BBA BCA
B.Com B.Ed
શા માટે SIBMT?
CONTACT US
આઈ.પી. મિશન કંપાઉન્ડ, સ્ટેશન રોડ, આણંદ, ગુજરાત, ભારત
www.sibmt.edu.in
principal.sibmt@gmail.com

3 BHK
સ્ટોર યુટિલિટિ
વરંડા સાથે

# રેડી-પઝેશન બંગ્લોઝ વેચવાના છે

**એન.એ. - એન.ઓ.સી.**
**ટાઈટલ ક્લિઅર સાથે લોનની સુવિધા**



- **પ્લોટ એરીયા :** ૧૦૮૯ ચો. ફૂટ
- **બિલ્ટઅપ એરીયા :** ૧૫૫૮ ચો. ફૂટ, ઉપર-નીચે
- **પૂરતું પાર્કિંગ :** ૧ ફોર વ્હીલર, + ૨ ટુ વ્હીલર મુકાય
- **કમ્પાઉન્ડ વોલ :** ગેટ સાથે
- ધાબા ઉપર ટીકડી ટાઈલ્સ
- ધાબા ઉપર જવા માટે R.C.C. દાદર કેબિન સાથે
- મ્યુનિ. પાણી + પાણીનો પોતાનો બોર
- ઍલ્યુમિનિયમ બારીઓ માર્બલ ઉપર ફીટીંગ
- રસોડામાં લાખારેડ ગ્રેનાઈટનું પ્લેટફોર્મ અને ધાબા સુધી ટાઈલ્સનો ડેડો
- બાથરૂમમાં માઉન્ટીંગ - ટોઈલેટ ➧ બેડરૂમમાં એટેચ ટોઈલેટ

## ગ્રાઉન્ડ ફ્લોર

૧. વરંડા : ૧૨'.૦૦" x ૯'.૦૦"
૨. બેઠકરૂમ : ૨૨'.૬" x ૧૧'.૦૦"
૩. રસોડું : ૧૨'.૦૦" x ૯'.૦૦"
૪. સ્ટોર : ૯'.૦૦" x ૩'.૩"
૫. બેડરૂમ : ૧૧'.૦૦" x ૧૦'.૦૦"
૬. ટોઈલેટ : ૬'.૬" x ૪'
૭. યુટિલિટિ : ૮'.૦" x ૯'.૦"

## ફર્સ્ટ ફ્લોર

૧. બેડરૂમ : ૧૧'.૦૦" x ૧૩'.૦૦"
૨. એટેચ ટોઈલેટ : ૫'.૦" x ૬'.૬"
૩. બેડરૂમ : ૧૨'.૦૦" x ૧૨'.૬"
૪. એટેચ ટોઈલેટ : ૫'.૦" x ૬'.૬"
૫. કવર્ડ ગેલેરી : ૧૦'.૦૦" x ૯'.૦૦"
૬. ફોયર : ૧૧'.૦" x ૯' x ૦'

# યશોદા બંગ્લોઝ

પાસ્ટર સેન્ટરની સામે, અનેરી હાઈટ્સની આગળ, ઈન્દીરાનગરથી હાઈવે જવાના રસ્તે, નડિયાદ

**દિલીપભાઈ : મો. ૯૯૨૫૨ ૦૮૧૭૫ / ૯૫૩૭૦ ૪૬૯૨૫**

## ડોટર્સ ઓફ દ હાર્ટ ઓફ મેરી (D.H.M.)ના સિસ્ટરો દ્વારા સંચાલિત,

**નિર્મળા સમાજ કેન્દ્ર ટ્રસ્ટ,**

**છેલ્લા ૧૪ વર્ષથી એક વર્ષનો નર્સિંગ આસીસ્ટંન્ટ કોર્સ બહેનો અને ભાઈઓ માટે ચલાવે છે.**

**વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે પ્રવેશ ચાલુ છે**

ટ્રેનિંગની વિગતઃ- થિયરી, હોસ્પિટલ પ્રેક્ટિકલ સ્ટડી ટ્રીપ્સ

**શૈક્ષણિક લાયકાતઃ ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ**

**કોર્ષ ફીઃ રૂા. ૭,૦૦૦/-**

સરકાર માન્ય
સર્ટિફિકેટ
૧૦૦% જોબ ગેરંટી*

**પ્રમાણપત્રોઃ** (૧) ૩ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા
(૨) માર્કશીટ (૩) સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ.

**નોંધઃ** દૂરથી આવનાર બહેનો માટે જરૂર મુજબ રહેવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

**—: વધુ માહિતી માટે સંપર્ક કરો :—**

નિર્મળા સમાજ કેન્દ્ર, ઝેવિયર નગર સોસાયટી, નવાયાર્ડ, વડોદરા
ટેલિફોનઃ ૦૨૬૫-૨૭૭૨૫૭૭; મોબાઈલ ૯૮૭૯૪ ૫૬૭૬૭
Emil: nirmalsamaj@gmail.com

**સમયઃ** સોમવારથી શનિવાર, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ અને ૨.૦૦ થી ૫.૦૦



# BBR School of Nursing & Sigma College of Nursing
# એડમીશન 2014 - 2015 (હૈદરાબાદ / સિકંદરાબાદ)

## નર્સિંગ કોર્સીસ

- **જનરલ નર્સિંગ (GNM)**
- **B.Sc. નર્સિંગ**

**Special Feature of Nursing School/College:**

- INC and APNC માન્ય
- Quality Education & Reasonable fees
- Yearly two installments to pay fees (every six months)
- Experienced by Gujarati students for last 8 years
- Good practical skills/knowledge is provided
- 100% Job guaranteed after Nursing course
- Scholarship guidance to Christians and SC/ST students
- Location right in the city

## એડમિશન માટે સંપર્ક કરો

**Spot Admission in Gujarat**

**નડીઆદઃ** Mr. Justin William Chauhan,
77 - Navdeep Society, Pavan Chakki Marg,
Beside Divya Joyt Society, Nadiad, Gujarat 387002
**Mob. 98986 80948**

**પેટલાદઃ** Mr. Bhupendra Parmar
**Mob. 94270 04954**

**અમદાવાદઃ** Mr. Dextor Solanki
**Mob. 99241 34222; 99781 34222**

**સુરતઃ** Mr. Chimanbhai
**Mob. 90992 20377**

***Administrative office for admission***

**Contact Us: 098480 46750**
**098486 25737; 093912 22471**

# Gujarat Bal Vikas

Solanki Pradeep Gregory
9913413314

## Institute of Management & Technology

Excellence is not just a skill, It is an attitude

**Degree Recognized by UGC,DEC,MHRD and Gov.of India**

B.A./B.Sc./B.B.A./B.Com./B.S.W./B.C.A./D.C.A/P.G.D.C.A
M.A./M.Sc./M.B.A./M.Com./M.S.W./M.C.A./M.Phil.
Diploma Engineering/B.Tech./M.Tech.
Agriculture Courses/Fashion Designing/S.I./L.I./Nursing.G.N.M.
CMLT/BLIS/MLIS/Fire Safety/L.L.M. Course/B.Ed./M.Ed.
and many more above 200 courses....



Address : B/8,First Floor,Vargo Complex,Opp Bus Stand, Nadiad.
www.gujaratbalvikas.com gbvmmora@yahoo.com

---

**ઓપનિંગના દિવસે બુક કરાવનારને આકર્ષક ગીફ્ટ**

# Booking Opening

Angel Residency
2 BHK Luxurious Row House
NA NOC TITLE CLEAR
LOAN PAPER AVAILABLE

Developers :
Aim Developers
Booking Contact :
Nitesh Macwan
97129 14024




**સમૃધ્ધ અને વિકાસશીલ ગામમાં રહેવાની અનેરી તક**

સુવિધાઓ :- (૧) સોસાયટીની ફરતે કમ્પાઉન્ડ વોલ (૨) કોમન પ્લોટ ગાર્ડન સાથે.
(૩) કોમન બોરવેલ. (૪) દરેક મકાનને ડ્રેનેજ જોડાણ
(૫) સોસાયટીના અંદરના રોડ પેવર બ્લોક ફીટીંગ સાથે (૬) સોસાયટીનો આકર્ષક મેઇન ગેટ

**સાઇટ : મોગરી - જીટોડીયા રોડ, અંધ-અપંગ સ્કૂલની બાજુમાં, મોગરી**

નર્સિંગ એડમીશન ૨૦૧૪-૨૦૧૫ Government of India સરકાર માન્ય સંસ્થા

# નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

**B.S.S. માન્યતા પ્રાપ્ત કોર્ષ**

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ , નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) માન્ય

**ધો.૧૦,૧૨(દરેક પ્રવાહ)તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ(બેંગ્લોર) | ૧૨ પાસ | ૩½વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સપેક્ટર | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૭ | ડીપ્લોમા ઈન એક્સ-રે ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |

**: વધુ માહિતી માટે રૂબરૂ મળો :**

**૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ,**
**ઈપ્કોવાલા હોલ સામે,**
**નડીયાદ-૩૮૭૦૦૧.**

**અર્પણ કેશવલાલ મધુકર**
મો.૯૯૭૪૦૮૯૪૦૯,૯૪૦૯૪૫૨૦૦૨

**મનિષ અમૃતભાઈ પરમાર**
મો.૯૩૨૭૩૦૧૦૨૦

પ્રવેશ ચાલુ છે...
ફુલટાઈમ પાર્ટટાઈમ ૨૦૧૪
સરકાર માન્ય (યુ.જી.સી)યુનિવર્સીટી

**ખાસ નોંધઃ**-(૧)લીમીટેડ સીટ,(૨)દરેક કોર્ષમાં બુકસ,મટીરીયલ્સ ફ્રી મળશે.(૩)ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ(૪)ખૂબ જ ગરીબ,વિધવા,મા-બાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

B.C.A,M.C.A,MSc I.T,B.B.A,M.B.A,
B.Com,M.Com,B.A,M.A,
M.S.W,M.Sc AND DIPLOMA Courses

---

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૪-૧૫ માટે મળો

ભારત સરકાર માન્ય કોર્સીસ INC, KNC, KSNEB,
APNC, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | ૩½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા કૉલેજ/સ્કૂલ

**સંપર્ક કરોઃ- રાજેશભાઈ**
**રીચ એજ્યુકેશન ગાઈડ**
૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે, સિયોનનગર,
મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮
**મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧**

---

પરેશ એ. વાઘેલા
૯૭૨૩૧ ૬૦૭૭૩

દિપક એ. વાઘેલા
૮૪૬૦૦ ૮૨૬૬૫

## ✝ અગ્નેલ એર કંડિશનિંગ ✝

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરીંગ,
સર્વિસીંગ કરનાર

**ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા. જિ. આણંદ**

---

## ભારતીય સ્ટેટ બેંક હોમ-લોન ખાસ યોજના

ભારતની અગ્રગણ્ય એવી SBIમાં હોમ લોનના વ્યાજના દર સૌથી નીચા છે. સ્ત્રી માટે ૧૦.૧૦%, પુરુષ માટે ૧૦.૧૫% અન્ય બેંકમાંથી લોન ટ્રાન્સફર કરવાની સુવિધા. આણંદ તથા આજુબાજુના વિસ્તારમાં હોમ-લોન માટે સંપર્ક કરો.

**મો. ૯૮૨૫૫ ૮૭૪૩૭**

રેમન્ડ પી. મેકવાન
(હોમ-લોન કાઉન્સેલર) SBI

---

## Tejaswi School of Nursing
## Image College of Nursing

એડમીશન ૨૦૧૪-૨૦૧૫ હૈદરાબાદ / સિકંદરાબાદ

**Contact for Spot Admission**
*Mr. Justin William Chauhan (Nadiad)   Mob - 98986 80948*

**Administrative office Hyderabad**
**Contact us: 098480 46750; 098486 25737**

## પ્રભુ પરમેશ્વર અને મા મરિયમનો આભાર

# ડૉ. કેતન કાપડીયાને અમો સર્વના અભિનંદન



ઈશ્વરપિતા અને મા મરિયમની અસીમ કૃપાથી અમારા સુપુત્ર **ચિ. કેતન કાપડીયા**એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એમ.પી. શાહ મેડીકલ કૉલેજ, જામનગરથી M.B.B.S. ૨૦૧૦માં અને M.D. in Pathology - વર્ષ ૨૦૧૪માં ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તે બદલ અમો સર્વ પરમપિતા પ્રભુ પરમેશ્વર અને પવિત્ર મરિયમનો આભાર માનીએ છીએ.

**કાન્તીલાલ એમ. કાપડીયા (પપ્પા), બકુલા કાન્તીલાલ કાપડીયા (મમ્મી)**

**મિતલ કાપડીયા (બહેન) સવિતાબેન જે. પરમાર (ફોઈ) રીન્કુ નિલેશ પરમાર (ભાભી)**

**મરીયમબેન એમ. કાપડીયા (દાદી) જયેશભાઈ એસ. પરમાર (ફુવા) નિલેશ જે. પરમાર (ભાઈ)**

ફોનઃ ૦૨૬૮-૨૫૫૩૨૫૪
મો. ૯૮૯૮૦ ૨૬૭૫૭

બી/૩૫, ગ્રીનલેન્ડ સોસાયટી,
મિશન રોડ, નડિયાદ

# બાસીલદાદા શિષ્યવૃત્તિ

આથી કરમસદ તાબાના રોમન કેથોલિક શ્રદ્ધાળુઓને જણાવવાનું કે આપના સુપુત્ર/સુપુત્રી અને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં ધોરણ ૧૨ (કોઈપણ શાળા) બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેમને આગળના વધુ અભ્યાસાર્થે સહાયરૂપ સ્વ. બાસીલભાઈ આર્કાડભાઈ પરમારના સ્મરણાર્થે ''બાસીલદાદા સ્કોલરશીપ'' મેળવવા નિયમાનુસાર તા. ૩૦ જુલાઈ, ૨૦૧૪ સુધીમાં અરજીપત્ર સ્વીકારવામાં આવશે.

**અરજીપત્ર (નમૂનો)**

૧. અરજદારનું પૂરું નામ : ______________________ M / F

૨. જન્મતારીખઃ ______________ ઉંમર : __________

૩. કાયમી સરનામું : ______________________

૪. ફોન નંબર : ______________________

૫. ઉચ્ચ અભ્યાસની વિગત : ______________________

અરજદારની સહી : ____________ વાલીની સહી : __________

પાસપોર્ટ
સાઈઝનો
ફોટો

૬. નિયમો : (૧) અરજી સાથે બાપ્તિઝમ સર્ટીફિકેટ્, ધોરણ ૧૨ની માર્કશીટ અને વધુ અભ્યાસાર્થે જે તે કૉલેજમાં મેળવેલ પ્રવેશનો દાખલો અવશ્ય જોડવા.

**ખાસ નોંધઃ** (૧) આ એક પારિવારિક શિષ્યવૃત્તિ યોજના છે. (૨) અમારી કોઈ શાખા કે એજન્ટ નથી. (૩) અરજી ટપાલથી જ મોકલવી. (૪) યોજનાના સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે.

**અરજી મોકલનારનું સરનામુંઃ** ''બાસીલદાદા શિષ્યવૃત્તિ'', C/o શ્રીમતી એસ્તેરબેન બાસીલભાઈ પરમાર, ''એસ્તેર'', શાસ્ત્રી માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦

# પવિત્ર ભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ

"જ્યારે ઈસુ બાર વર્ષના થયા ત્યારે પણ દર વર્ષની પેઠે જાત્રાએ ગયા." (બાઈબલ)

**"માણસ ચાલે તે પ્રવાસ, સમૂહમાં ચાલે તે સમાજ, હૃદયથી ચાલે તે યાત્રા."**

**ક્યારે** : ઓક્ટોબર, ૨૦૧૪ ત્રીજા અઠવાડિયામાં શરૂ થશે.

**સમય** : યાત્રા પ્રવાસ ૧૨ દિવસનો રહેશે.

**જોવાલાયક સ્થળો** : જોર્ડન, નાઝરેથ, યર્દન નદી, નેટીવીટી પ્લેસ, મિલ્ક ગ્રોટો, બેથલેહેમ, જેરિકો, ઓલ્ડ જેરૂશાલેમ, જહોન બાપ્તિસ્મનું જન્મ સ્થળ, દસ આજ્ઞાઓની જગ્યા, પીટર ફીશ, નાઈલ બોટ ક્રૂઝ, કૈરો સીટી, ગાઝાના પિરામિડ, ઈજિપ્તનું મ્યુઝીયમ, શારજાહ, દુબઈ સીટી ટુર, રાત્રિ રોકાણ, ડેઝર્ટ સફારી, ૧૮મી સદીનો અલ ફહિદા કિલ્લો, શેખ મહંમદનો મહેલ.

**સુવિધા** : વિઝા, વિમાન ટિકિટ, બસ કોચ બુકિંગ, અગ્રગણ્ય સ્ટાર્સ હોટલમાં રહેવા-જમવાની વ્યવસ્થા, ઇંગ્લિશ ગાઈડ તથા ઓવેરસીઝ વીમો અને બોટ ક્રૂસ યાદગીરીરૂપે ભેટ તો ખરી જ.

**ખર્ચ** : યાત્રા પ્રવાસનો ખર્ચ રૂા. ૯૫,૦૦૦/- (ફેરફારને આધીન)

**નોંધઃ** (૧) વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવામાં આવશે. (૨) તા.૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ સુધીમાં પોતાના પાસપોર્ટ સાઈઝના ત્રણ કલર ફોટોગ્રાફ્સ, પાસપોર્ટની બે કોપી કલર ઝેરોક્ષ તથા રૂા. ૫૦ હજાર જમા કરાવી નામ નોંધાવી દેવાનું રહેશે. (૩) ૩.૫ x ૪.૫ સે.મી.ના ફોટોગ્રાફ્સ વ્હાઈટ બેકગ્રાઉન્ડવાળા જમા કરાવવા, જેમાં ૮૦% ચહેરો દેખાવવો જોઈએ. (૪) રાજકીય પરિસ્થિતિ અને કુદરતી સંજોગોવશાત્ કોઈ સ્થળ ના જોઈ શકાય તો રિફંડ મળશે નહીં. (૫) નામ રજીસ્ટર કરાવ્યા બાદ સંજોગોવસાત યાત્રીને પ્રવાસ મોકૂફ રાખવો પડે તો નિયમાનુસાર કેન્સલેશન ચાર્જ કાપીને રીફંડ મળશે. (૬) વધુ વિગત માટે રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરવો.

**—: આયોજક :—**

**મધુબેન ડી. રાઠોડ**
એન્ટરપ્રાઈઝ સોસાયટી, પાધરિયા, આણંદ
ફોન નં.: (૦૨૬૯૨) ૨૪૨૦૨૮

**જે. ડી. પરમાર**
જીવનદીપ સોસાયટી, ગામડી, આણંદ
મો. ૯૮૭૯૯ ૭૧૯૨૧

# લગ્નજીવનની ૪૩મી વર્ષગાંઠે વ્હાલાં મમ્મી-પપ્પા તમને શુભ લગ્નજીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ



**મેકવાન મેન્યુઅલ રાયમુન્દ**
**મેકવાન કમળાબેન મેન્યુઅલ**
**લગ્ન તારીખઃ ૧૩-૦૬-૧૯૭૧**

પ્રભુ પરમેશ્વર પિતાના એ મહેંકતા ઉપવનમાં, લગ્નબંધનની અતૂટ ગાંઠે બંધાવા તમે આ શુભદિને, શુભપ્રયાણ કરીને એક મંગલ પુષ્પરૂપી (કૌટુંબિક) વાડી બનાવી છે. આજે આ વાડી પ્રભુપિતાની અપાર આશિષો તથા તમારા ધાર્મિક નીતિમૂલ્યો, સુસંસ્કારોનાં સિંચન વડે, એક પવિત્ર ઉપવનમાં ખીલી રહી છે. જીવનની પ્રત્યેક તડકી-છાંયડીમાં તમારો અજોડ પારસ્પરિક પ્રેમ, તમે વેઠેલાં કષ્ટો તથા તમારો અથાગ સાંસારિક પરિશ્રમરૂપે ખીલી રહેલો આ ઉપવન, પ્રભુપિતા હંમેશાં આમ જ મઘમઘતો રાખે તથા તમને તન-મનનું તંદુરસ્તી સભર દીઘાર્યું બક્ષે, એ જ તમારાં વ્હાલાં બાળકોની અંતઃકરણથી પ્રભુને પ્રાર્થના સહ.

**આપના વ્હાલાં બાળકો,**

**મેકવાન જીતેન્દ્ર મેન્યુઅલ**
**મેકવાન દિપીકાબેન જીતેન્દ્ર**
**મેકવાન મીતકુમાર જીતેન્દ્ર**
**મેકવાન કીથકુમાર જીતેન્દ્ર**

**મેકવાન જયેશ મેન્યુઅલ**
**મેકવાન પ્રિસ્કાબેન જયેશ**
**મેકવાન ઍરોન જયેશ**
**મેકવાન એજેક્ષ જયેશ**

**પરમાર રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ**
**પરમાર રંજનાબેન રાજેન્દ્રભાઈ**
**પરમાર રૉનાલ્ડ રાજેન્દ્રભાઈ**
**પરમાર રિઓના રાજેન્દ્રભાઈ**

**સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન**
**(સિસ્ટર્સ ઑફ ચૅરિટી ઑફ સેંટ એન)**

એદન પાર્ક, તુલસી ગરનાળા રોડ,
ગામડી-આણંદ.

## નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુભાઈ ગણેશભાઈ મકવાણા**

જન્મ: ૦૧-૦૧-૧૯૫૧ ● અવસાન: ૦૩-૦૬-૨૦૦૫

તમે અહીં હતા ત્યારે,
ઘરમાં કેવા સુગંધ જેમ ભળી જતા!!!
અને અહીંથી ગયા ત્યારે...
આજે આઠ-આઠ વરસ પછી પણ રોજ તમારી વારતા આપણા ઘરમાં મંડાય છે.
અને
પૂરી થતાં જ આંખો આંસુથી છલકાય છે.
તમારા જવાથી થયેલો ઘાવ
આજે પણ અમારા હૃદય ફલક પર
એમ જ અંકાયેલો છે – ખૂંચે છે.
અનંતયાત્રાએ આમ એકાએક
જ ચાલ્યા જવાનું?
આજે બધું જ મ્હોરી ઊઠ્યું છે
રિક્તતાની શરશૈયામાં
યાદ બની
અમારી આંખોનાં આંસુનાં ઉપવનોમાં

**તમારી યાદમાં**
**થેરેસ્યાબેન,**
**ડો. સ્નેહલ મકવાણા - પ્રિયંકા, સરાહી (કેનેડા)**
**શિતલ - એલ્ડ્રીન, એલ્સીલ, સનાયા (લંડન)**
**સેજલ - નિશાંત, સેનિકા**
**તથા સમગ્ર પરિવાર**

હરિગંગા સોસાયટી, ગામડી-આણંદ (ગામ - મલાતજ)

## પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ

"એનો આવરદા પહેલેથી નક્કી થઈ ચૂક્યો હોય છે, એ કેટલું જીવશે એ તેં નક્કી કરી નાખ્યું હોય છે."
(યોબ ૧૪:૫)



**સ્વ. અલ્પેશકુમાર પાઉલભાઈ પરમાર**

જન્મ: ૦૩-૦૭-૧૯૭૨

અવસાન: ૦૨-૦૬-૨૦૦૯

વ્હાલા અલ્પેશ,
નયન હજી નિહાળે છે તમને,
હૈયું હજી પોકારે છે તમને,
જ્યારે જ્યારે સ્મરણ થાય છે
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને
મન હજી માનતું નથી કે,
તમે અમારી વચ્ચે નથી,
ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે.
જીવન એવું જીવી ગયા કે ભૂલાય નહિ,
વિદાય એવી લીધી કે વિસરાય નહિ
અંજલિ આપતાં હૈયું રડે છે,
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે.

પિતા, પુત્ર અને પવિત્ર આત્મા તમારા દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એજ અમારા દિલની પ્રાર્થના.

**તમારી પપ્પુ (પ્રતિમા)**
**અને રિયોન**
**પાઉલભાઈ એમ. પરમાર તથા પરિવાર**

વંદનાપાર્ક, આણંદ

# શ્રદ્ધાંજલિ



**સ્વ. દાઉદભાઈ વિલ્યમભાઈ પટેલિયા**
અવસાન: ૩૦-૦૬-૨૦૦૯

**સ્વ. મણીબેન દાઉદભાઈ પટેલિયા**
અવસાન: ૧૨-૦૬-૧૯૯૮

પૂજ્ય દાદાજી-દાદીજી,

આપની આ દુનિયામાંથી ચિરવિદાય થયે વર્ષો વહી ગયાં.

આપના તરફથી મળેલ સામાજિક, કૌટુંબિક તથા આધ્યાત્મિક મૂલ્યો હજી અમારા હૃદયમાં અવિરત ગુંજ્યા કરે છે તથા આપની આત્મિક હાજરીનો અહેસાસ અમોને સતત થયા કરે છે, અને એજ અમારી પ્રેરણા તથા આધાર છે.

પ્રભુ આપના આત્માને શાશ્વત સુખ અને પરમ વિરામ બક્ષે એજ પ્રાર્થના સહ.

**આપનો પરિવાર**
**અક્ષ અંકુર પટેલિયા**
**કવિતા-અંકુર પટેલિયા, હિરલ-અજય પટેલિયા**
**થોમાસ ડી. પટેલિયા, જ્યોતિ ટી. પટેલિયા**
**સિસ્ટર રંજન પટેલિયા**
એ-૭, સંતરામ સોસાયટી, જયપ્રભુ સોસાયટી સામે, પવનચક્કી રોડ, નડીઆદ
મો. ૯૮૨૫૧ ૭૯૪૩૩

## બીજી પુણ્યતિથિ



**સ્વ. નિર્મળાબેન પીયુષભાઈ પરમાર** (વડોદરા)
જન્મ: ૨૪-૮-૧૯૪૭ ★ અવસાન: ૨૦-૬-૨૦૧૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**સ્તાનીશભાઈ આલોઈસભાઈ મેકલીન** **મીતેષકુમાર સ્તાનીસભાઈ મેકલીન**
**સુશીલાબેન સ્તાનીશભાઈ મેકલીન** **શૈલીનબેન મીતેષકુમાર મેકલીન**
**સ્મીતકુમાર મીતેષકુમાર મેકલીન** **મીસ્ટી મીતેષકુમાર મેકલીન**
ચાવડાપુરા, આણંદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. પ્રવીણભાઈ ઈગ્નાસભાઈ મેકવાન**
જન્મ: ૧૫-૯-૧૯૫૭ ★ અવસાન: ૯-૬-૨૦૧૩

વ્હાલા દીકરા, તારી અણધારી વિદાયને
એક વર્ષ પૂરું થયું, હજી હું યાદ કરી આંસું સારું છું.

**લિ. તારી મમ્મી (મણીબેન) જોસ્પીન ઈગ્નાસ મેકવાન**
વડોદરા

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. જશોદાબેન જે. મેકવાન**
અવસાન: ૨૯-૦૬-૨૦૦૯

વ્યક્તિની દૈહિક હયાતી લોપ જરૂર થાય છે, પણ તેનાં સ્મરણો સંસ્થા સ્વરૂપે જાણે નવો જન્મ પામે છે.

**લિ. રચના ખાદીગ્રામોદ્યોગ**
સેવાસદન પરિવાર (વડોદરા)

## બીજી પુણ્યતિથિ



**સ્વ. માથીયાસભાઈ સીમોનભાઈ મેકવાન**
જન્મ: ૧૦-૫-૧૯૩૬ ★ અવસાન: ૧૭-૬-૨૦૧૨

પ્રભુ આપના આત્માને શાંતિ બક્ષે એ જ પ્રાર્થના સહ

**લિ. તમારી પત્ની પ્રેમીલા તેમજ દીકરીઓ**
**ઉષા, ઉર્મી, સરોજ, સ્મિતા તથા સમગ્ર પરિવાર**
ખ્રિસ્તી મહોલ્લો, ઉત્તરસંડા

## ચતુર્થ પુણ્યતિથિ



**સ્વ. કોકિલાબેન વિક્ટરભાઈ મેકવાન**
જન્મ: ૨૯-૯-૧૯૬૦ ★ અવસાન: ૧૨-૬-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વિક્ટર બી. મેકવાન**
૩૨, વિશ્વાસપાર્ક, હાટકેશ્વર, મણીનગર


## મકાન વેચવાનું છે

બધી જ સગવડ (પાર્કિંગ)વાળું, રહેવાલાયક અને પોષાય તેવા ભાવે.

મકાન નં.૧૦ એ., નિલમ પાર્ક સોસાયટી,
રેલ્વે પોલીસ લાઈન પાછળ, પાધરીયા રોડ, આણંદ

**સંપર્ક: કે.ડી. મકવાણા (મો. ૮૧૫૪૯ ૯૧૭૪૯)**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સ્પંદન**

જન્મ: ૧૫-૧૦-૨૦૦૫

અવસાન: ૨૮-૦૬-૨૦૧૩

પ્રિય સ્પંદન,

તારી વસમી વિદાયને એક વર્ષ પૂર્ણ થયું છતાંય મન માનવા તૈયાર નથી કે હવે તું અમારી વચ્ચે નથી આવવાનો. તેમ છતાં પણ જીવનની દરેક પળે તારી ખોટ અમને સાલી રહે છે. હમણાં તું ઘરના કોઈક ખૂણામાંથી આવીશ અને અમારી સાથે રમવા લાગીશ, કે હમણાં તું આવીશ અને અમારી સાથે જમવા લાગીશ. આ પ્રત્યેક નાનીનાની બાબતોમાં તારી અછત વર્તાઈ રહી છે. છતાં પ્રભુપિતાને ગમ્યું તે ખરું! તેમની ઇચ્છા આગળ કોઈનું કંઈક ચાલી શકતું નથી. પરંતુ તું પ્રભુપિતાના ખોળે શાંતિમય પુનરુત્થાનનું જીવન વિતાવે અને સર્વ સંતોને દૂતો સાથે તેમના યશોગાન ગાય તેવી અભ્યર્થના.

**લિ.**
**એન્ડ્રાબેન (મમ્મી), દિનેશભાઈ (પપ્પા), વિશાખા (બહેન)**
વલ્લભ વિદ્યાનગર, નાવલી

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નરોત્તમભાઈ છગનભાઈ પરમાર**

જન્મ: ૨૧-૧૦-૧૯૬૩

અવસાન: ૧૩-૦૬-૨૦૧૩

સમય જિંદગીનો ઓછો હશે,
એ ક્યાં ખબર હતી.
વિદાય આપની અણધારી હશે,
એ ક્યાં ખબર હતી.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

**લિ. રવિનાબેન નરોત્તમભાઈ પરમાર (પત્ની)**
**બોનીબેન છગનભાઈ પરમાર (માતા)**
**નિલેષકુમાર એન. પરમાર (પુત્ર), નેહા એન. પરમાર**
**પી.સી. મર્ચન્ટ (ભાઈ)**
**તથા પરમાર પરિવાર, કરમસદ**

## ૧૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. અજય આર. ખન્ના**

જન્મ: ૦૭-૦૬-૧૯૭૭


અવસાન: ૩૦-૦૬-૨૦૦૦

આજે ૧૫ વર્ષ પછી પણ તારી યાદ અમારા મનમાં અજય છે.
પરિવારમાં મોટાભાઈની ખોટ આજેય અજય છે.
તારી સાથે વિતાવેલાં બાળપણના એ સંભારણાં અજય છે.
તારી મમ્મીની તારા પ્રત્યેની ભાવનાઓ આજે પણ અજય છે.
આનીયા, એલીન અને પ્રેયસ માટે મામા અને મોટા પપ્પાનું ખાલીપણું આજે પણ અજય છે.

**લિ. સુશીલાબેન**

| | |
|---|---|
| **અમિતભાઈ-રંજન** | **પિંકલબેન-સમીર** |
| **પ્રેયસ** | **આનીયા, એલીન** |

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયંતિભાઈ જીવાભાઈ પરમાર**

જન્મ: ૨૪-૦૨-૧૯૪૭

અવસાન: ૦૧-૦૬-૨૦૧૩

ફૂલની સુવાસ, સૂરજનો પ્રકાશ, ચંદ્રની શીતળતા,
વાણીની મીઠાશ પરંતુ આપ સર્વગુણ સંપન્ન...
આજે ભલે, શરીર નથી પણ યાદ છે, હાથ નથી પણ આશીર્વાદ છે,
ખોળો નથી પણ સથવારો છે, મીઠો ઠપકો નથી,
પરંતુ એની મીઠાશ ગુંજે છે. આજે પણ અમે સૌ,
તમારી હાજરીના સાંનિધ્યમાં સુરક્ષિત અને તમારા આશીર્વાદથી સભર છીએ.
તમારા ગુણોની સુવાસ આજે પણ અમારી સાથે છે.

પ્રભુ પરમપિતાને એટલી જ અરજ કે તેઓ આપના આત્માને ચિરશાંતિ બક્ષે અને અમારા પર સદા તમારો આશીર્વાદરૂપી હાથ માર્ગદર્શક બની રહે.


અમારા દુ:ખમાં, સહભાગી થવા બદલ સર્વે ફાધરો, સિસ્ટરો, સગાંસ્નેહીજનો, ઝેવિયરનગરનાં દરેક પરિવારજનો તથા સર્વ શ્રદ્ધાળુ આપ્તજનોનો ખૂબ ખૂબ આભાર.

**આપનો દુ:ખી પરિવાર**
**રેગીનાબેન જયંતિભાઈ પરમાર**

| | | | |
|---|---|---|---|
| **વસંત-વનિતા** | **નિલેષ-મિનાક્ષી** | **મનિષ** | **સ્નેહલ-અર્ચના** |
| **નિર્સગ-વિભોર** | **શ્રેયા-સાક્ષી** | | **આરવ-શ્રાગ્વી** |

પર, ઝેવિયરનગર, આણંદ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. ઝુબીન (સન્ની) કિરીટ મેકવાન**

જન્મ: ૨૦-૦૪-૧૯૯૩ ● અવસાન: ૨૪-૦૪-૨૦૧૪

અમને એજ નથી સમજાતું કે અમારી FAMILYમાં તું નથી
કારણ કે વિશું તું કહેતો કે
**F**ather **A**nd **M**other **I** **L**ove **Y**ou.

તારા માટે જ I.P.L. ચાલુ કરીએ છીએ
પણ એજ I.P.L. માં તારી ચિચકારીઓ નથી.

સંગીતના તારા ક્લાસમાં તારા વગર કોઈ
પ્રાસ નથી બેસતો,
તારા વગર અમારા જીવનમાં કોઈ રસ નથી રહેતો.

એ કેમ અમારી સાથે થયું કે?
તારી ટૂંકી જિંદગીમાં તારે ૧૧ થી વધુ ઓપરેશનના
ક્રૂસ ઉપાડ્યા,
છતાં તું તારી વસંતમાં જતો રહ્યો
અને અમને પાનખરમાં મૂકી દીધા.

તારો પ્રેમાળ સ્વભાવ, ધાર્મિક જીવન, શારિરીક દુ:ખના ક્રોસને ઉપાડીને હસતા જીવવું, એ અમારી કેમ ભૂલાય?

દીકરા, તારા દુ:ખમાં અમે શક્ય એટલો તને સાથ આપવાની કોશિશ કરી છે, છતાંય કાંઈ ઉણપ રહી ગઈ હોય તો માફ કરજે.

બધું આપણા હાથમાં નથી હોતું, પરમેશ્વરને જે ગમ્યું તે ખરું!! હવે તો પુનરુત્થાનની સવારે તને મળવાની આશા સાથે જ દિવસો ગુજરે છે!

**તારા વગર તારો દુ:ખી પરિવાર**
**ક્રેસી, નીમ્મી, કિરીટ તથા પરિવાર**

કદમનગર, વડોદરા


## નવું મકાન વેચવાનું છે

નડીઆદમાં હાર્ટ હોસ્પિટલ પાછળ, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં, બે બેડરૂમ, હોલ, કિચન, લાઈટ તથા ૨૪ કલાક પાણીની સગવડવાળું તદ્દન નવું જ મકાન વેચવાનું છે.

**મો. ૮૫૧૧૬ ૮૯૧૨૯, ૭૪૦૫૯ ૦૨૩૦૭**

## મકાન વેચવાનું છે

3BHK ગ્રાઉન્ડ ફ્લોર- એક બેડરૂમ, હોલ, કિચન, ફર્સ્ટ ફ્લોર- બે બેડરૂમ (દરેકમાં એટેચ્ડ બાથરૂમ), મકાનની ત્રણ બાજુ જગ્યા, 1350 sft બાંધકામ, ૨૪ કલાક પાણીની સુવિધા (કિંમત રૂા. ૨૯ લાખ)

૮૪, નવરંગ ટાઉનશીપ, મિશન રોડ, નડીઆદ
**સંપર્ક નં.: (મો. ૯૪૨૭૧ ૦૯૮૯૮)**

## એપાર્ટમેન્ટ વેચવાનું છે

બે મોટા બેડરૂમ, મોટો હોલ, ડાઈનિંગ સ્પેસ સાથે, બે ગેલેરી, બે સંડાસ બાથરૂમ, રસોડું, સ્ટોરરૂમવાળું ચારે બાજુની સ્વતંત્ર દીવાલ તથા સંપૂર્ણ હવા ઉજાસ, મણીનગર(પૂર્વ), રેલ્વે સ્ટેશનની પાસે, ટીપટોપ કંડીશન.

**મો. ૯૪૨૯૮ ૯૯૫૨૧**


## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. દિનેશભાઈ પીયુષભાઈ પરમાર**

જન્મ: ૦૯-૧૧-૧૯૬૧

અવસાન: ૨૪-૦૬-૨૦૧૩

"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમા છું."

વ્હાલા દિનેશ,

અચાનક તમારા મૃત્યુથી ખરા બપોરે સૂર્યાસ્ત થયો,
અને મન કહેવા લાગ્યું જિંદગીથી જુદો શ્વાસ થયો.
તમારા ગયા પછી તમારી યાદ રડાવે છે અમને,
અને સાથે વિતાવેલી પળો હસાવે છે અમને.
મંજિલ ન મળી તમને એ અફસોસ કરાવે છે અમને,
તમારા વિના અમારું શું થશે? એ વાત સતાવે છે અમને.

પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને પૂર્ણ શાંતિ અર્પે
એ જ અમારા સૌની હૃદયની પ્રાર્થના.

**કોકિલા, મયંક, આશિષ, સ્ટીવન, આગ્નેશ, બોસ્કી, જીંગલ, બ્રાયન,**
**સતીશ, નીરુ, રીંકુ, સન્ની, રાજેશ, ઈલા, રોનાલ્ડ, ઈલેન**
ઈશુકૃપા સોસાયટી, આણંદ

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### નાઈજીરિયામાં ખ્રિસ્તી વિદ્યાર્થીનીઓનું અપહરણ

નાઈજીરિયા દેશના બોનો રાજ્યમાં આવેલાં ચિબોક શહેરમાંથી ૧૪મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ સ્કૂલમાં અભ્યાસ કરતી કુલ ૨૭૬ વિદ્યાર્થીનીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. ૪૩ જેટલી વિદ્યાર્થીનીઓ બંધનમાંથી નાસી છૂટવામાં સફળ રહી હતી. આમાં મોટાભાગની ખ્રિસ્તી વિદ્યાર્થીનીઓ હતી. ચિબોક શહેરમાં ખ્રિસ્તી સમુદાયનું જ વર્ચસ્વ છે. હજુ પણ ૨૩૩ વિદ્યાર્થીનીઓ લાપતા છે. તેમનું અપહરણ કરનાર નાઈજીરિયાના ત્રાસવાદી સંગઠન બોકો હરમે અપહરણ કરેલ અમુક કિશોરીઓને દર્શાવતો નવો વીડિયો જાહેર કર્યો છે. અમુક કિશોરીઓએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. વીડિયોમાં જેલમાં બંધ  તેમના બધા ત્રાસવાદીઓને છોડવામાં નહીં આવે ત્યાં સુધી અપહરણ કરેલ કિશોરીઓને પણ છોડવામાં નહીં આવે તેમજ તેમને વેચી નાખવામાં આવશે તેવી પણ ધમકી આપી હતી. બોકો હરામ આતંકવાદી જૂથ હવે માનવોના વેચાણમાં ઉતરી ચૂક્યું છે. આ પહેલાં પણ અપહરણ થયેલી યુવતીઓ ગર્ભવતી થઈને કે નાના બાળકોને લઈને પાછી ફરતી હતી. સિસ્ટર રોઝમેરી નિરૂમ્બે કહે છે, આ યુવતીઓને ગુલામીના અંધારામાં ધકેલી દેવામાં આવી હતી. સિસ્ટર ૧૯૯૦થી આવી યુવતીઓ માટે મહિલા સેન્ટર ચલાવે છે. નાઈજીરિયામાં મહિલા હોવું એટલે મહા આફત છે. ૧૭ મિનિટના આ વીડિયોમાં ત્રાસવાદી સંગઠનના નેતા અબુબકર શેકાઉ બોલી રહ્યો છે. વીડિયોમાં કિશોરીઓને મુસ્લિમ ડ્રેસમાં કોઈ અજ્ઞાત ગ્રામીણ સ્થળે મુસ્લિમ પ્રાર્થના કરતાં બતાવવામાં આવી છે.

બીજી તરફ આંતરરાષ્ટ્રીય દબાણ વધતું જાય છે. ફ્રાન્સ દેશ સાહેલ ક્ષેત્રના આંતકવાદીઓ સામે કામ પાર પાડવા માટે નાઈજીરિયાના પડોશી દેશોમાં પોતાના સૈન્યના ત્રણ હજાર સૈનિકોને તૈનાત કરશે. નાઈજીરિયાના રાષ્ટ્રપતિ જોનાથન કહે છે કે આ રીતે દેશને વધારાની સહાય મળી રહી છે, જેનાથી નાઈજીરિયામાં આંતકવાદીઓનો સફાયો કરવામાં સફળતા મળશે. નાઈજીરિયાના ઉદ્યોગપતિ અલીકો ડાંગોટેએ શેરડી અને ખાદ્યાન્નના ઉત્પાદનના ૨.૩ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી હતી. બીજી તરફ બ્રિટનના માજી વડાપ્રધાન ગાર્ડન બ્રાઉને સંયુક્ત રાષ્ટ્રસંઘના શિક્ષણ દૂત તરીકે નાઈજીરિયામાં સુરક્ષિત શાળાઓની જાહેરાત કરી હતી. આવી સુરક્ષિત ૫૦૦ શાળાઓ બનાવવાનું નક્કી થયું છે. આતંકવાદીઓ, ઈસ્લામિક આતંકવાદીઓ હોવાને કારણે તે વધારે ચિંતાજનક બની રહ્યું છે. વિશ્વ બેંન્કના જણાવ્યા અનુસાર દસ કરોડ નાઈજીરિયાનો ગરીબ છે. બે કરોડ લોકો બેરોજગાર છે. જેમાં ૬૦ લાખ તો યુવાનો છે. નાઈજીરિયાની ૪૫% વસ્તી પંદર વર્ષથી ઓછી ઉંમરની છે. ખાસ કરીને અહીં આતંકવાદીઓની ભરતી દારૂણ ગરીબીને કારણે, અને ધર્મને નામે મરી ફીટનારાઓની રીતસરની લાંબી લાઈન લાગે છે. તેમાં કિશોરોની સંખ્યા સવિશેષ હોય છે. તેમના પરિવારને નાણાં મળી રહેતા હોવાને કારણે બોકો હરમ જેવા ત્રાસવાદી સંગઠનને આતંકવાદી બનનારાઓ સરળ રીતે મળી રહે છે, જે વિશ્વના બીજા દેશો માટે ગંભીર સમસ્યા પેદા કરી શકે તેમ છે. કેમેરુનની સરહદે આવેલા નાઈજીરિયાના ગોમ્બારુ નગાલા ગામ ઉપર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો, જેમાં દોઢસોથી વધુ માણસો માર્યા ગયાં હતાં. એનો અર્થ એ થયો કે હવે નાઈજીરીયામાં આતંકવાદ વકરી રહ્યો છે. આ લખાય છે ત્યા સુધી વિદ્યાર્થીનીઓને બચાવી શકાઈ નથી, જે વિદ્યાર્થીનીઓ ભાગી આવી તેઓ પોતાના જાનના જોખમે બોકા હરમના આંતકવાદી પંજામાંથી છટકી આવી હતી. ૨૦૦૯ની સાલથી બોકા હરમ ત્રાસવાદી સંગઠન નાઈજીરિયામાં વિગ્રહ ચલાવી રહ્યું છે. અત્યારસુધીમાં આ વિગ્રહમાં હજારોની સંખ્યામાં ખ્રિસ્તીઓ માર્યા ગયા છે. ખ્રિસ્તીઓ પર ઘણી બધી જગ્યાએ સીધી કે આડકતરી રીતે સતામણીઓ ચાલુ થઈ ગઈ છે. (Cath news દ્વારા)

## ધર્મભારતી

### બેંગ્લોર સેમિનરીના રેક્ટર ફા. કે.જે.થોમાસની હત્યાના એક વર્ષ બાદ બે ફાધરોની અને એક ધર્મજનની ધરપકડ થઈ

મે, ૨૦૧૩ના 'દૂત'ના પંખીની પાંખેના 'ધર્મભારતી' વિભાગમાં બેંગ્લોરના ફા. કે.જે. થોમાસ કે જેઓ બેંગ્લોરની સેંટ પીટર્સ પોન્ટિફિકલ સેમિનરીના ઉમદા રેક્ટરની ૧લી એપ્રિલ, ૨૦૧૩ના રોજ હત્યાના સમાચાર છાપ્યા હતા. હવે વિશેષમાં જણાવવાનું કે ૫મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ બેંગ્લોરની કોલેજ ઓફ કોન્સ્યુલેટર્સમાં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લીબર્ટી (PUCL)ની એક મિટિંગ થઈ હતી, તેની પ્રેસ રીલીઝમાં નીચે પ્રમાણે જણાવ્યું હતું.

ફા. કે.જે.થોમાસની ઘાતકી હત્યાને એક વર્ષ વીતી ગયું છે, તેમના આત્માને પ્રભુ શાંતિ આપે અને હત્યાનું સત્ય બહાર આવે તે માટેના પ્રયત્નો PUCL કરી રહ્યું છે. હત્યાના દિવસે તે વખતના પોલિસ કમિશ્નરે તપાસ માટેની પોલીસની અલગ અલગ ટીમો બનાવવાનું નક્કી કર્યું હતું. તે દિવસથી હત્યાના કારણો અને હેતુઓ પર તપાસ ચાલી રહી છે. સેંટ પીટર્સ પોન્ટિફિકલના બોર્ડ ઓફ બિશપ્સ સિવાય મૃત ફા. કે.જે. થોમાસના કુટુંબીજનો અને આમજનતાએ પણ મુખ્યપ્રધાન, ગૃહપ્રધાન અને પોલીસ ડિપાર્ટમેન્ટને તપાસ ઝડપી બનાવીને ગુનેગારોને પકડીને દાખલો બેસાડવા જણાવ્યું હતું. જેની અસર સ્થાનિક ચર્ચ, વૈશ્વિક ચર્ચ અને સમગ્ર સમુદાય પર જબરજસ્ત પડી હતી.

તપાસ અધિકારીઓની ટીમે ફા. વિલ્યમ પેટ્રીકને તેમની ધાર્મિક યાત્રામાંથી પરત બોલાવીને પ્રેસ કોન્ફરન્સ ભરીને ૨૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ તેમની ધરપકડ કરી હતી. તેમની જોડે અન્ય એક ધર્મગુરુ અને એક શ્રદ્ધાળુની પણ ધરપકડ થઈ હતી.

હવે આર્ચબિશપ બર્નાડ મોરાસે જણાવ્યું હતું કે મેં અગાઉના સર્ક્યુલરમાં જણાવ્યું છે તે પ્રમાણે ૨૩મી માર્ચ, ૨૦૧૪થી હું રોમમાં હતો અને ૪થી એપ્રિલ, ૨૦૧૪ની સવારે હું બેંગ્લોર પરત આવ્યો હતો. ૫મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ હું, ફા. આર્ચીબાલ્ડ ગોન્સાલવીસ, પ્રોવિન્શિયલ સુપીરીયર ઓફ ધ કાર્મેલાઈટસ અને તેમના ત્રણ ધર્મગુરુઓ સાથે મેં સેન્ટ્રલ જેલની મુલાકાત લીધી હતી. ત્યાં હું ફા. વિલ્યમ પેટ્રીક અને ફા. એલીયાસને મળ્યો હતો. તેઓ જેટલા દુઃખી હતા તેટલા અમે પણ દુઃખી અને ગમગીન હતા. એ ખરેખર એક કમનસીબ ઘટના હતી કે તેઓ જેલમાં હતા.

મને ધર્મગુરુઓનો અમુક વર્ગ અને શ્રદ્ધાળુઓ એ રીતે દોષિત માને છે કે, મેં આ ફાધરોની ધરપકડમાં ચોક્કસ શંકાસ્પદ ભૂમિકા ભજવી છે, આ ગુનાની તપાસમાં મેં મારો પ્રભાવ પ્રસ્થાપિત કરીને તપાસને તદ્દન ગેરમાર્ગે દોરી છે. જેઓ કનાડા માટે લડત આપી રહ્યા હતા તેના પર મારો આ બદલો છે. મેં વેર વાળ્યું છે. મારા ઉપરનું આ તહોમત પાયાવિહોણું અને તદ્દન જૂઠું છે. હું એ કદાપિ ન ઈચ્છું કે કોઈપણ નિર્દોષ વ્યક્તિને સજા થાય, હું પોતે સહન કરી લઈશ પણ બદલો લેવાનું હું વિચારી પણ ન શકું. સીધી કે આડકતરી રીતે કોઈપણ ફાધર કે ધર્મજનની ધરપકડમાં હું સામેલ નથી. ફા. કે.જે. થોમાસની હત્યાનું નિતાંત સત્ય બહાર આવે તે માટે સહુએ શાંત રહી પ્રાર્થના કરવી જોઈએ, જેથી ગુનેગારો પકડાય અને તેમને સજા થાય. સેંટ પીટર્સ પોન્ટિફિકલ સેમિનરી અને આર્ચડાયોસિસના હિતમાં પણ સત્ય બહાર આવવું ખૂબ જરૂરી બની ગયું છે. મેં તો ચેરમેન ઓફ ધ બોર્ડ ઓફ ધ બિશપ્સની રૂએ ફક્ત ઝડપી તપાસની જ માંગણી કરી હતી. પ્રભુ તેઓનો ન્યાય તોળશે કે જેઓ મારી ઉપર સાવ ખોટી રીતે આડ મૂકી રહ્યા છે. મારી રોમની પાસ્ટોરલ હેલ્થની મિટિંગ ઠેઠ નવેમ્બર, ૨૦૧૩થી નક્કી થઈ ગઈ હતી અને તે માટેની વિમાનની ટિકિટ મહિનાઓ પહેલાં બુક થઈ ગઈ હતી. મારી હાલની રોમની મુલાકાત અને તે વખતે જ અહીં બેંગ્લોરમાં ફાધરોની ધરપકડને જોડવાનો કોઈ જ અર્થ નથી. જેલમાં ફાધરોની મેં જે મુલાકાત લીધી તે પણ લાગણીથી જ લીધી હતી. મારી ઉપર એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે, ધર્મગુરુઓના એક મોટા વર્ગને મારી તરફેણમાં કરવા માટે હું પ્રત્યેક માટે લાખો રૂપિયા ખર્ચીને વિદેશની યાત્રાએ મોકલતો રહ્યો છું. આ યાત્રા તો તેમની ડાયમન્ડજ્યુબિલીની ગિફ્ટ હતી અને તેમનાં નામ પણ ફાધરોની ટીમે મંજૂર કર્યાં હતાં. આમ, આર્ચબિશપ બર્નાડ મોરાસ જણાવે છે.

(લાઈટ ઓફ ટ્રુથ અને PUCL દ્વારા)

# ધર્મગુર્જરી

## વારાણસી માતૃધામની આધ્યાત્મિક યાત્રા

તા. ૦૭-૦૪-૨૦૧૪ના રોજ આણંદથી મધુબેનની આગેવાની હેઠળ બત્રીસ યાત્રિકો વારાણસી માતૃધામ આધ્યાત્મિક કેન્દ્રની યાત્રાએ નીકળ્યા હતા. પ્રથમ દિવસ વારાણસી દર્શન, બુધ્ધનાં વિવિધ સ્થળો, સ્થાપત્યો અને સ્તૂપોનાં દર્શન, કાશી વિશ્વ વિદ્યાપીઠ અને હિન્દુ ધર્મના કેટલાંક સ્થાનકોનાં દર્શન કર્યાં. સાંજે સંત જોસેફ કેથેડ્રલની મુલાકાત લીધી હતી. પ્રવેશદ્વાર આગળ પ્રભુના બાર શિષ્યોના પ્રભુભોજનની કોતરણી જોઈ. પ્રભુ ઈસુ, માતા મરિયમ અને અન્ય સંતોના સ્મારકો અને તેના ગર્ભગૃહમાં પ્રત્યેકે જોવા જેવું પ્રદર્શન, જેમાં આદિમાનવથી શરૂ કરીને પ્રભુ ઈસુના પુનરુત્થાન સુધીના અત્યંત મહત્વના દૃશ્યો જોયાં અને માહિતીની સુંદર વાણી પણ સાંભળી હતી.

શુક્રવારે વહેલી પરોઢે જ્યારે દિવ્ય સાધના કેન્દ્રની મુલાકાત લીધી અને વારાણસી વિસ્તારના બાપ્તિસ્મા મેળવ્યા વગરના ઈસુભક્તોની પવિત્રતા, ગંભીરતા, ભક્તિ અને ઉદારતા જોતાં અમોને અમારી ધાર્મિકતા ખોખલી લાગી. બપોરે ત્રણ વાગ્યે ક્રૂસના માર્ગની ભક્તિની શરૂઆત કરી, જેમાં હજારોની સંખ્યામાં ઈસુભક્તો હાથમાં ક્રોસ સાથે ખૂબ ભક્તિભાવથી જોડાયા હતા. ખાસ વાત તો એ છે કે ક્રૂસના માર્ગની ભક્તિના વાંચનમાં કોઈ જ અલંકારિક ભાષા નહીં, સાદા-સરળ શબ્દોથી લખાયેલી ક્રૂસના માર્ગની ભક્તિનું વાંચન અમારાં સહુનાં હૃદયને સાચેસાચ સ્પર્શી ગયું. રવિવારે ખજૂરીના પર્વ નિમિત્તે માનવમહેરામણ ઉમટ્યું હતું. હોસાન્ના-આલ્લેલુયાના ઘેઘૂર નાદ સાથે, ખજૂરીના પાનની ડાળી હાથમાં રાખીને સહુ પ્રાર્થનામય થયાં હતાં. પરમપ્રસાદ વખતે ફા. અનિલ દેવ વચ્ચે હતા અને આજુબાજુ છ-છ ફાધરો હતા, જે પ્રભુ ઈસુના છેલ્લા ભોજનનું દૃશ્ય ખડું કરતા હતા. પરમપૂજામાં ખૂબ જ શાંતિ-પવિત્રતા અને ગંભીરતા જોતાં અમોને અમારી ધાર્મિકતામાં માત્ર આડંબર જણાતાં શરમનો અહેસાસ થયો. સમગ્ર યાત્રાપ્રવાસ આયોજન દરમ્યાન શ્રી શાંતિલાલ મેકવાન (બોચાસણવાળા) અને શ્રી મકનભાઈ ક્રિસ્ટીએ સહુને યાત્રામાં જોડાવા માટે જરૂરી સાચી સમજ આપી હતી. શ્રી. જે.ડી.પરમારે વહીવટી જવાબદારીઓ સંભાળી હતી અને એ રીતે મધુબેનના સહાયક બન્યા હતા. મધુબેન રાઠોડનું સુંદર આયોજન, પારદર્શક વહીવટ અને મિલનસાર સ્વભાવથી સૌ યાત્રિકોએ જીવનમાં અદ્‌ભૂત યાત્રાનું અમૂલ્ય ભાથું અંકે કર્યું હતું. વિનોદભાઈ અને રમેશભાઈએ ફોટોગ્રાફીની જવાબદારી સહર્ષ સંભાળી હતી, સહુનો આભાર.

(શાંતિલાલ મેકવાન, બોચાસણ દ્વારા)

## કડીના માધુર્યભવનમાં વાલીદિનની ઉજવણી

તા. ૨૬-૦૪-૨૦૧૪ના રોજ કડી ખાતે આવેલ માધુર્યભવન મંદબુદ્ધિ આશ્રમમાં માધુર્યભવન પરિવાર વાર્ષિક વાલીદિનની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ડો. થોમાસ પરમાર (તંત્રી-દૂત) અને અતિથિવિશેષ સિ. લુસી જોસેફ (ટ્રસ્ટના પ્રમુખ) તથા સિ. એલ્સા, સિ. કાન્તા અને અન્ય સિસ્ટરો, સ્ટાફ અને બાળકોના વાલીઓની હાજરીમાં વાર્ષિક ઉજવણી થઈ હતી. ડો. થોમસે જણાવ્યું હતું કે મંદબુદ્ધિનાં આ બાળકોને મંદબુદ્ધિના ન કહેવું જોઈએ, આપણે

ભણેલાં-ગણેલાં, પોતાને વિદ્વાન ગણતાં વ્યક્તિઓ આ બાળકો કરતાં પણ વધારે ખરાબ વાણી-વર્તન અને વ્યવહાર કરીએ છીએ. તેમણે સિસ્ટરોની સેવાને બિરદાવી હતી. બાળકોએ જુદાં જુદાં વસ્ત્રો પરિધાન કરીને, પ્રાર્થનાનૃત્ય, ફિલ્મી ડાન્સ, ગરબો, અભિનય ગીત, આદિવાસી નૃત્ય, મણિપુરી નૃત્ય વગેરે દ્વારા કાર્યક્રમમાં રંગ લાવી દીધો હતો, હાજર સહુ આનંદવિભોર બની ગયાં હતાં.

અહીંના આ બાળકો બધા જ ધર્મના બધા જ તહેવારો ઉજવે છે, તેમના માટે સંગીતરૂમ, અભ્યાસરૂમ, રમતગમત રૂમ, રહેવા-જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડવામાં આવે છે. તેઓ વોલપીસ, તોરણ, ગ્રીટિંગ કાર્ડ્સ, ફાઈલ, ક્વર્સ વગેરે બનાવે છે. રમતગમતની પણ સરસ વ્યવસ્થા છે, ખેલમહાકુંભમાં તેમણે ભાગ લીધો છે, રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ તેમની પસંદગી પણ થઈ છે. એક છોકરીએ સોફ્ટ બોલમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. હાજર વાલીઓએ સિસ્ટરો અને સ્ટાફનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો, અને સિ. એલ્સાનું શાલ ઓઢાડીને તથા ફ્લાવરબુકે આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વેકેશન માટે પોતાના મા-બાપ સાથે જતા વિદ્યાર્થીઓનું વિદાય દૃશ્ય અવિસ્મરણીય હતું. હિન્દી ફિલ્મ 'તારે જમીં પર'માં આમીરખાન અને મા-બાપ સાથે વિદાય લેતો બાળક (ઈશાન અવસ્થી) જે રીતે લાગણીસભર બનીને પાછો દોડીને પોતાના શિક્ષકને ભેટે છે તેવા જ દૃશ્યો અહીં જોવા મળ્યાં હતાં બાળકો આંસુ સાથે પ્રેમથી એકબીજાને અને શિક્ષકોને ભેટતાં હતાં. જે બાળકો અનાથ છે અને અહીં માધુર્યભવનમાં જ વેકેશન દરમ્યાન રહેવાના છે, તેઓ પણ વિદાય લેતાં બાળકોને વળગીને રડતાં હતાં. આ એક અવિસ્મરણીય દૃશ્ય હતું.

(જેમ્સ પોલ દ્વારા)

## વડોદરામાં ઘેર ઘેર ક્રૂસના માર્ગની ભક્તિ

સંત જોસેફ ચર્ચ, વડોદરાના સભાપુરોહિત ફ્રા. જંયત રાઠોડની આગેવાની હેઠળ ટી.પી. - ૧૩, આત્મિય કોમ્પલેક્ષ, ગોવર્ધન પાર્ક - ૧ અને વી.એમ.સી. ફ્લેટ ખાતે રહેતાં કેથોલિક કુટુંબો તથા અન્ય મંડળીના કુટુંબોના ત્યાં ઘેર ઘેર જઈને પવિત્ર ક્રૂસના માર્ગની ભક્તિ કરવામાં આવી હતી. આ ભક્તિનો હેતુ આજુબાજુના રહીશોમાં એકતાનું વાતાવરણ રહે, કુટુંબમાં પણ પ્રેમ-સંપ અને એકતા વધે અને એ રીતે પ્રભુ ઈસુ ખ્રિસ્તે બતાવેલ માર્ગ પર પ્રત્યેક કુટુંબ આગળ વધે તે મુખ્ય હતો. પે.કા.ના સભ્ય પીટર કે. પરમારે ફાધરનો અને ધર્મજનોનો આભાર માન્યો હતો.

(પીટર કે. પરમાર દ્વારા)

## વિજયનગર પેરિશ ખાતે પવિત્ર સપ્તાહની ઉજવણી

વિજયનગર પેરિશ ખાતે પવિત્ર સપ્તાહની ઉજવણી દરમ્યાન તા. ૧૩-૦૪-૨૦૧૪ના રોજ તાડપત્રના રવિવાર નિમિત્તે આર્ચબિશપે સફેદ વસ્ત્ર પરિધાન કરેલાં ૫૦ બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ આપ્યો હતો. પવિત્ર બલિદાન દરમ્યાન તેમણે બાળકોને પ્રભુ ઈસુ વિષેના પ્રશ્નો પૂછ્યા હતા. સમગ્ર વિધિમાં બાળકોએ સક્રિય ભાગ લીધો હતો. પ્રેમભોજન બાદ પેરિશપ્રિસ્ટ ફ્રા. સોબર્સે સહુનો આભાર માન્યો હતો. તા. ૧૭-૦૪-૨૦૧૪ના પવિત્ર ગુરુવારના દિવસે ફ્રા. પીટર ડિસોઝાએ સમગ્ર વિધિ કરીને છેલ્લા ભોજનની યાદ અપાવી હતી. રાત્રિ જાગરણ, પૂજા-આરાધનામાં ભક્તો જોડાયા હતા. તા. ૧૮-૦૪-૨૦૧૪ના પવિત્ર શુક્રવારના દિવસે ક્રૂસના માર્ગની ભક્તિ અને સાંજે ફ્રા. રીચર્ડ લોપીઝે પવિત્ર શુક્રવારની વિધિ કરી, સુંદર-અસરકારક બોધ આપી સહુને રચનાત્મક ભાથું પીરસ્યું હતું. પાસ્ખા જાગરણ પર્વ નિમિત્તે રાત્રે નવ વાગ્યે ઈસુનો પ્રકાશ પ્રગટાવી સરઘસ દ્વારા જયજયકાર બોલાવી, વિધિમાં ભાગ લઈ ખ્રિસ્ત બલિદાન પૂર્ણ થતાં ભક્તજનોએ એકમેકને પાસ્ખાની સલામ પાઠવી હતી.

(પ્રકાશ અસારી દ્વારા)

## દાહોદમાં થઈ સંત જોસેફ કામદાર પર્વની ઉજવણી

૧લી મે, ૨૦૧૪ના રોજ દાહોદના સંત જોસેફ ચર્ચમાં પવિત્ર મારીયાની ટેકરી પર સભાપુરોહિત ફ્રા. સ્લીવૈયાહ ગુલાબમાળાની ભક્તિ કરીને આઠ આમંત્રિત તેમજ સ્થાનિક પુરોહિતો સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. મધ્યપ્રદેશ બડી ધામનીના સભાપુરોહિત જ્યોર્જ ભુરીયાએ શુભસંદેશમાં સંત જોસેફની માનવતાવાદી પ્રવૃત્તિઓ અને કામદાર - મજૂરદિનનું સ્મરણ કરી, તે સંદર્ભે વિગતે સરસ વાતો કરી હતી. ફ્રા. સ્લીવૈયાહ અને ફ્રા. જ્યોર્જ (વડોદરા)એ બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ આપ્યો હતો. ફ્રા. જ્યોર્જ ભુરીયાએ બાળકોને પ્રમાણપત્ર અને ભેટથી નવાજ્યાં હતાં. ગુજરાતી કેથોલિક સમાજ-દાહોદના પ્રમુખ શ્રી સિરિલ મેકવાને આભારવિધિ કરી હતી. ત્યારબાદ સહુએ કેક અને આઈસ્ક્રીમ આરોગ્યાં હતાં. અને આ રીતે દાહોદમાં સંત જોસેફ કામદારપર્વની ઉજવણી સંપન્ન થઈ હતી.

(સેમ્યુલ જોન પરમાર દ્વારા)

## સી.ટી.એમ.માં તપઋતુ

સી.ટી.એમ. અવર લેડી ઓફ લુર્ડસ પ્રેયરહોલ ખાતે તા. ૦૯-૦૩-૨૦૧૪ના રોજ ફ્રા. કિરણે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને ધોરણ દસ અને બારના પરીક્ષાર્થીઓને પેનની ભેટ સાથે આશીર્વાદ આપવામાં આવ્યો હતો. બે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. તા. ૧૧-૦૪-૨૦૧૪ના રોજ સાંજે ફ્રા. વિનયની અત્યંત રસસભર સંગીતમય કથા રાખવામાં આવી હતી. તા. ૧૩-૦૪-૨૦૧૪ના રોજ તાડપત્રનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. તે દિવસે ફ્રા. લુઈસ દ્વારા રીટ્રીટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ગુરુવારનો ખ્રિસ્તયજ્ઞ ફ્રા. ટાઈટસ, ફ્રા. લોરેન્સ અને ફ્રા. જેશુકનીએ અર્પણ કર્યો હતો. પવિત્ર શુક્રવારે સાંજે ફ્રા. જોસેફ અપ્પાઉએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. પાસ્ખાજાગરણ નિમિત્તે ફ્રા. અરૂણ અને ફ્રા. જેશુકની દ્વારા મીણબત્તીનો આશીર્વાદ અને ભવ્ય ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો.

(પોલ વિલ્યમ મેકવાન દ્વારા)

## પવિત્ર શુક્રવારના દિવસે ઈમાક્યુલેટ ગ્રુપ ચાવડાપુરા-જીંટોડિયા દ્વારા ક્રૂસના માર્ગની જીવંત ભક્તિ

ઈમાક્યુલેટ ગ્રૂપ ચાવડાપુરા-જીંટોડિયા દ્વારા નિત્યસહાયક દેવાલયના પટાંગણમાં પવિત્રશુક્રવારના દિવસે સાંજે ક્રૂસના માર્ગની ભક્તિનું જીવંત આયોજન કરવામાં આવ્યું હતું. ઈમાક્યુલેટ ગ્રૂપે ધર્મજનોને પ્રેમના સંદેશ દ્વારા, આપણે પણ સાચા ખ્રિસ્તી અનુયાયી તરીકેનું જીવન ક્યારે જીવીશું તે વાત ખૂબ લાક્ષણિક રીતે સમજાવી હતી. પ્રભુ ઈસુએ ક્રૂસ પર માનવજાતને ક્ષમા ભાવનાનો બોધ આપ્યો હતો. ક્રૂસ પર જડાયેલા હતા છતાં તેમના મુખમાંથી શબ્દો નીકળ્યા હતા કે, "હે પ્રભુ આ લોકોને માફ કર, તેઓ શું કરી રહ્યા છે તેનું તેમને ભાન નથી." આ છે સાચી માફી. શું આજે આપણે તપઋતુ દરમ્યાન કે તે પછી તેને અનુસરીએ છીએ ખરા? મા મરીયમ જેવું હૃદય આપણું કેમ નથી? જીરેનના સિમોનની જેમ દયાભાવના દર્શાવી ક્રૂસ ઊંચકવા માટે આપણે કેમ મદદરૂપ નથી થતા અથવા તો વેરોનિકાની જેમ એકદમ નીડર બનીને એના મુખ પરનો પરસેવો આપણે ક્યારેય કેમ લૂછતા નથી? આ અને આવા અનેક પ્રશ્નો ક્રૂસના માર્ગની ભક્તિના જીવંત આયોજન દરમ્યાન ધર્મજનોના હૃદયને સોંસરવા ઊતરી ગયા હતા. ભક્તજનો સાચેસાચ વિચારે ચડી ગયા હતા. સંત મિખાયેલ ગ્રૂપ જીંટોડિયા અને સાથ-સહકાર આપનાર પેરિશના સભ્યોનો છેલ્લે તેમણે આભાર માન્યો હતો.

(શૈલેષ આર. પરમાર દ્વારા)

## પાલિતાણા ખાતે સેન્ટ મેરીસ ચર્ચ, કેથલિક કમ્યુનિકેશન સેન્ટર અને સભાગૃહનું ઉદ્‌ઘાટન રાજકોટ ધર્મપ્રાન્તનાં ધર્માધ્યક્ષશ્રી જોસ ચીટુપરમબીલના વરદ્‌હસ્તે થયું

જૈન ધર્મના અતિપાવન પ્રાચીન ધર્મસ્થાન, મંદિરોની નગરી, ગુલાબ ફુલના જન્મ સ્થાન પાલિતાણા ખાતે તા. ૩૦ નવેમ્બર ૨૦૧૩ના રોજ સેન્ટ મેરીસ ચર્ચ, કેથલિક કમ્યુનિટી સેન્ટર અને સભાગૃહનું ઉદ્‌ઘાટન બિશપ જોસ ચીટુ પરમબીલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ ધર્મપ્રાંતમાં નિવૃત્ત બિશપશ્રી ગ્રેગરી કરોટેમ્પરલ, વિકાર જનરલ ફાધર જેકબ મરંગાટ, ચાવરા ઉપપ્રોવિન્શિયલ ફાધર જોસ કુલીચાલીલ સી.એમ.આઈ. અન્ય ફાધરો-સિસ્ટરો અને ધર્મજનો તથા અન્ય ધર્મના લોકોની વિશાળ ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ સાંજે ૫.૦૦ વાગ્યે માતા મરિયમની ભવ્ય પ્રતિમા સાથે સર્વધર્મના લોકો, પાલિતાણા આસપાસનાં ગામડાનાં લોકો સાથે ગણેશનગર સોસાયટીથી ભવ્ય શોભાયાત્રા ભજન કીર્તન ગાતા-ગાતા કરવામાં આવ્યો હતો. રસ્તામાં હજારો લોકો આવી ભવ્ય શોભાયાત્રા નિહાળી ધન્ય બન્યાં હતાં. માતા મરિયમની પ્રતિમાને નત મસ્તક તેઓ વંદન કરતાં હતાં. દરેક જગ્યાએ લોકોએ શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. ૬.૪૦ કલાકે સેન્ટ મેરીસ ચર્ચ ખાતે પહોંચ્યાં હતાં.

ચર્ચનાં ઉદ્‌ઘાટનવિધિ સમારંભમાં હજારો લોકોની ઉપસ્થિતિમાં હતી. ચર્ચમાં પરમપૂજા કરવામાં આવી હતી. માતા મરિયમ અને સંત એન્થોનીની પ્રતિમાને બિશપશ્રીએ પવિત્ર જળથી શુદ્ધ-પાવન કરી હતી. પરમપૂજા દરમ્યાન બિશપશ્રી જોસ ચીટુપરબમીલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, પાલિતાણા પાવનભૂમિ છે, કારણ કે અહીં જૈન ધર્મનું પ્રાચીન ધર્મસ્થાન છે. અહીં હિન્દુ, મુસ્લિમ, શીખ વગેરે ધર્મનાં ધર્મસ્થાનો છે. સાધુસંતો તથા ભક્તોની ભૂમિ છે. તેમાં આ ચર્ચનું નિર્માણ થતાં ખરેખર સર્વધર્મ સમભાવનું મહત્વ ખૂબ જ વધી ગયેલ છે. જૈન-બૌદ્ધ ધર્મની જેમ ખ્રિસ્તી ધર્મ અહિંસા-શાંતિ-પડોશી-પ્રેમ-સહિષ્ણુતા-સાદાઈ-ક્ષમા-કરુણા પરોપકાર જેવા ગુણોથી પ્રસિદ્ધ છે. બિશપશ્રીએ જણાવ્યું હતું કે, આ ચર્ચ ફક્ત ખ્રિસ્તીઓ માટે જ નથી પણ સર્વધર્મના લોકો માટે છે. અહીં જૈન મુનિઓ પણ આવે છે, હિન્દુ લોકો પણ આવે છે અને શાંતિ-પ્રેમનો અનુભવ કરે છે. આ ચર્ચ સર્વ લોકો માટે ખુલ્લું છે. નિવૃત્ત બિશપશ્રી ગ્રેગરીએ પણ આશિષ પ્રવચન આપતાં જણાવ્યું હતું કે આ પ્રભુમંદિરમાં સર્વધર્મના લોકોને આવકાર છે. પરસ્પર પ્રેમ-પડોશી પ્રેમ રાખી ઈસુમય જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

આ પાવનભૂમિ પર દેવાલયની સ્થાપના માટે ખૂબ જ ઉત્સાહી, ગરીબોના બેલી, જ્ઞાન-ભક્તિ અને કર્મના ત્રિવેણી સંગમ સમા ફાધર મેથ્યુ કાલાતુરે રાત-દિવસ જોયા વગર ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ફાધર મેથ્યુએ રાજકોટ ધર્મપ્રાંત માટે ખુબ જ ઉમદા કાર્યો કર્યા છે. જેમણે શાળાઓ, દવાખાનાઓ, ગૌશાળાઓ, અનાથાલયો, વૃદ્ધાશ્રમો, દેવળોનાં બાંધકામ જેવાં કામ તથા અનાથ-નિરાધારોને મદદ માટે પણ ખૂબ જ સુંદર કાર્યો કર્યા છે. કચ્છના વિસ્તાર સુધી તેમનાં સેવાકીય કાર્યોની સુવાસ ફેલાઈ રહી છે. સૌરાષ્ટ્રની રૂબરૂ મુલાકાત લઈએ ત્યારે જ તેમના અભૂતપૂર્વ કાર્યોનો ખ્યાલ આવે. તેઓ ખૂબ જ શાંત-વિનમ્ર-વિવેકી સ્વભાવના છે. તેમના અથાગ પ્રયત્નો અન્ય દાતાઓની મદદથી આ પ્રાર્થનાલયનું સ્વપ્ન સાકાર થયું છે. તેઓ માને છે કે પાલિતાણાની ભૂમિ પર ચર્ચનું નિર્માણ થતાં હવે સર્વધર્મ સમભાવનો દિપક પ્રજ્વલિત થશે.

આ દેવળના નિર્માણ માટે પાલિતાણાના ધર્મજન શ્રીમાન મણિલાલ હકાભાઈ ગોહિલે પણ ખૂબ જ પ્રયત્નો કર્યા છે. પાલિતાણાના લોકો તથા આસપાસના ગામડાનાં લોકોએ પણ સહકાર આપ્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફાતિમા કોન્વેન્ટનાં સિસ્ટર ઈન્દુ મેકવાને કર્યું હતું. અંતે ફાધર મેથ્યુ કાલાતુરે આ દેવળના નિર્માણ માટે સહાયરૂપ થનાર તથા આ કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વનો પૂરા દિલથી આભાર માન્યો હતો. છેલ્લે ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો.

(મયંક મણિલાલ ગોહિલ દ્વારા)

## ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ અને સેંટ જોસેફ પેરીશ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી બાઈબલ ડાયરી ૨૦૧૫ પ્રસિદ્ધ કરવાનું વિચારણા છે.

- બાઈબલ ડાયરીના પેજની સંખ્યા ૩૮૦ છે.
- લંબાઈ અને પહોળાઈ 17 c.m. x 24 c.m.
- પ્રત્યેક દિવસ માટે એક એક પેઈજ રાખવામાં આવશે.
- અન્ય ડાયરીની જેમ શરૂઆતમાં તારીખ મૂકવામાં આવશે.
- જે તે સંતના તહેવારનો દિવસ દર્શાવવામાં આવશે.
- શરૂઆતમાં જે તે દિવસનું પહેલું અને બીજું વાંચન છાપવામાં આવશે.
- બે લીટીમાં જાહેરાત દાતાની (દા.ત. જન્મજયંતિ, લગ્નતિથિ, સ્મરણાંજલિ) લખવામાં આવશે.
- દૈનિક વાંચનની ચિંતનકણિકા ૬ થી ૧૦ લીટીઓમાં આપવામાં આવશે.
- આપના ઉપયોગ માટે થોડી જગ્યા ખાલી રાખવામાં આવશે.
- શરૂઆતમાં આ બાઈબલ ડાયરી સિંગલ કલરમાં છાપવામાં આવશે. જેમ જેમ માંગ વધતી જશે તેમ આગામી વર્ષોમાં કલર પેઈજમાં છાપવામાં આવશે.
- ડાયરીની કિંમત આ પ્રમાણે હશે.
  પાકું પૂંઠું રૂા. ૧૫૦/-    પેપર બાઉન્ડ રૂા. ૧૨૫/-
  તા. ૧-૧૦-૨૦૧૪ સુધીમાં ઓર્ડર આપનારને ૨૦% કમિશન આપવામાં આવશે.
- જાહેરાતનો દર રૂપિયા ૩૫૦ છે. (દરેક જાહેરાત દાતાને પાકા પૂંઠાંની ડાયરી ફ્રી આપવામાં આવશે.)

### અમારે જોઈએ છે આપનો સહકાર,

- ફાધરો, બ્રધરો, સિસ્ટરો અને ધર્મજનોને, ૧૦ લીટીમાં ચિંતનકણિકા લખવા માટે આમંત્રણ છે. આ માટે સંપર્ક માટે ફાધર જેરી સિક્વેરા એસ.જે. મો. ૯૪૦૯૨ ૭૨૮૫૫
  (ચિંતનકણિકા લખનારનું નામ અને સરનામું છાપવામાં આવશે.)
- જાહેરાત/જાહેરાત દાતાનો સહકાર જોઈએ છે.

**બાઈબલમાં ઈશ્વરદર્શનઃ** "મુક્તિમાળા" મૂળ લેખક કાર્લોસ મેસ્ટર્સની ખૂબ જ ટૂંકા ગાળામાં ૨,૨૦૦ નકલ વેચાઈ ગઈ છે. આજ લેખકનું નવું પુસ્તક "બાઈબલમાં ઈશ્વરદર્શન" જેનું અનુવાદન આર. આર. પરમારે કરેલું છે. આ પુસ્તકની કિંમત રૂા. ૨૫૦/- અને પૃષ્ઠ સંખ્યા ૩૭૨ છે. દરેક કેથોલિક કુટુંબે વાંચવા અને વસાવવા જેવું પુસ્તક છે.

**સંપૂર્ણ બાઈબલઃ** અમારા માનવંતા ધર્મજનોને ગુજરાતી સંપૂર્ણ બાઈબલની માંગ પૂરી કરવાના વિલંબ બદલ અમોને ખેદ છે. હવે એકાદ મહિનામાં નવી નકલ આવી જશે.

**પ્રાપ્તિસ્થાનઃ ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## માણેકબેન ફૂલજીભાઈ મેકવાન

જન્મ : ૨૦-૧૧-૧૯૨૪

અવસાન : ૧૩-૦૬-૨૦૧૩

મા તું ભણી નહતી પણ દુઃખ
સામે સંઘર્ષના પાઠ અમને શીખવ્યા હતાં.
ઝઝૂમવું, આંધી સામે આથડવું ને
દુઃખમાં ટકી રહેવું એવું બધું તે
અમને કશું ય બોલ્યા વિના શીખવ્યું છે.
એટલે આજે તું નથી તોય દુઃખભરી
પળોમાં તું યાદ આવીશ,
ને અમે સંઘર્ષ કરતાં કરતાં જીતી જઈશું.
એજ શ્રદ્ધાંજલિ તને.....

**તારા બાળકો**

**મનુભાઈ – સુનિતાબેન**
પુત્ર - પુત્રવધૂ (વડોદરા)

**કેથરાઈન – ઈસુદાસ**
પુત્રી - જમાઈ (પીપળાતા)

**કિરીટભાઈ – શારદાબેન**
પુત્ર - પુત્રવધૂ(પેટલાદ)

**જ્યોત્સનાબેન – જોકીન**
પુત્રી - જમાઈ (અમદાવાદ)

PAVAN HRUDAYA DOOT, June, 2014 No. of Pages 56 including cover R.N.I. No. GUJGUJ/2000/2975
Regd. No. AND/304/2012-14 valid up to Dec. 2014. Licensed to post without Prepayment Up to 30.06.2014
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે અભિનંદન

## મહીજીભાઈ ઉર્ફે માનુએલભાઈ વી. પરમાર
## હીરાબેન માનુએલભાઈ પરમાર





પ્રેમાળ, હસમુખા, ધાર્મિક અને સેવાભાવી અને હંમેશાં આનંદમાં રહેતા અન્યને મદદ કરનાર એવા અમારા લાડીલા પિતાશ્રીને પંચોતેરમી વર્ષગાંઠ નિમિત્તે લાખોલાખો વંદન.

પ્રેમ અને પ્રાર્થનામય શુભેચ્છા સહ

આપના વ્હાલા બાળકો

પીનલ - નીલેશ

દિનેશભાઈ - મીનાબેન
શૈલેષ - કિર્તી
સરલી

નયના, નલીની,

રમણભાઈ - સવિતાબેન
હિતેશ, સાહુલ, જલ્પા

સુરેશભાઈ - લીલાબેન
કૌસ્તુભ, કેના

પ્રવિણ - અપેક્ષા

હંસાબેન - પ્રદીપ
સૃષ્ટિ, અક્ષય

સિસ્ટર વિમલા

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Dr. Thomas Parmar